CMYK

RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ ભાદરવા સુદ - ૧૪    શુક્રવાર તા.૨૫-૦૯-૨૦૨૬    અંક : ૮૦ વર્ષ : ૨૨    email :rajkot@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮



## સિક્કિમમાં તોફાની વરસાદ બાદ ભૂસ્ખલનથી ભારે વિનાશ

### રિંબી ગામમાં મોડી રાત્રે ભારે વરસાદ ત્રાટકતા ભયાનક ભૂસ્ખલન થયું, અનેક મકાનો, સરકારી ક્વાર્ટર અને દુકાનો કાટમાળમાં દટાઈ ગઈ

સિક્કિમ,

સિક્કિમના રિંબી ગામમાં મોડી રાત્રે અચાનક ભારે વરસાદ ત્રાટકતા ભયાનક ભૂસ્ખલન થયું. યુક્સોમ અને તાશીડિંગ વિસ્તારોમાં અનેક મકાનો, સરકારી ક્વાર્ટર અને દુકાનો કાટમાળમાં દટાઈ ગઈ. તંત્રએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી ૧૨૮ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડ્યા.

હજુ વરસાદ ચાલુ હોવાથી નવી આફતની શક્યતા છે. જાનહાનિ અંગે કોઈ માહિતી નથી.

ક્લાઈમેટ ચેન્જને કારણે હવે ક્યાં એકસાથે આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાય કે પછી વગર વરસાદે મોટી આફત આવી જાય કંઈ નક્કી જ નથી. તાજેતરની ઘટના ભારતના જ એક સરહદી રાજ્ય સિક્કિમની છે જ્યાં પશ્ચિમ વિસ્તારમાં આવેલા રિંબી ગામમાં મોડી રાતે અચાનક જ તોફાની વરસાદ ત્રાટકતા ભૂસ્ખલન જેવી ભયાનક ઘટના સર્જાઈ હતી.આ ભયાનક ભૂસ્ખલનને કારણે લોકોને કોઈ સુરક્ષિત સ્થળે પહોંચવાનો મોકો જ ન મળ્યો. યુક્સોમ અને તાશીડિંગ વિધાનસભા મતવિસ્તારમાં આ ભૂસ્ખલન બાદ અનેક રહેણાક મકાનો, સરકારી ક્વાર્ટર તથા દુકાનો જેવી વિવિધ સંપત્તિઓ કાટમાળની લપેટમાં આવીને વહી ગઈ. ભારે નુકસાન થયું છે. હજુ સુધી તો જાનહાનિ વિશે કોઈ માહિતી સામે આવી શકી જ નથી.

તંત્રને ઘટનાની જાણ થતાં જ તરત જ રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેના પગલે ૧૨૮ જેટલા લોકોને સુરક્ષિત સ્થાનોએ લઈ જવામાં મદદ મળી હતી. આખા ગામમાં કાટમાળ ફરી વળ્યો છે. રેસ્ક્યૂ ઓપરેશનમાં પણ ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિકો પણ રેસ્ક્યૂમાં મદદ કરી રહ્યા છે. લોકોને આવા વિસ્તારથી દૂર રહેવા જ કહી દેવાયું છે. કારણ હજુ પણ વરસાદ ચાલુ હોવાથી ગમે ત્યારે નવી આફત ત્રાટકવાની શક્યતા છે.

## એશિયન ગેમ્સમાં ભારતને બીજો ગોલ્ડ



નવીદિલ્હી,

ભારતે એશિયન ગેમ્સ ૨૦૨૬માં બીજો ગોલ્ડ મેડલ જીતી લીધો છે. નાગોયામાં શુક્રવારે સુરુચિ અને કમલજીતની જોડીએ ૧૦ મીટર પિસ્તોલ શૂટિંગની મિક્સ્ડ ઈવેન્ટમાં ૪૮૪.૬ના સ્કોર સાથે પ્રથમ સ્થાન મેળવ્યું.

શૂટિંગમાં આ એશિયન ગેમ્સનો પહેલો ગોલ્ડ મેડલ છે. ભારતીય નિશાનબાજોએ અત્યાર સુધીમાં ૧૦ મેડલ અપાવ્યા છે. તેમાં ૫ સિલ્વર અને ૪ બ્રોન્ઝ પણ સામેલ છે. આ પહેલાં મહિલા ક્રિકેટ ટીમે ગેમ્સનો પહેલો ગોલ્ડ મેડલ જીત્યો હતો.આ પહેલાં મનુષ શાહ અને દિયા ચિતલેની જોડીએ ટેબલ ટેનિસની મિક્સ્ડ ડબલ્સ ઈવેન્ટની સેમિફાઈનલમાં જગ્યા બનાવી હતી. આ જોડીએ ચીનની વર્લ્ડ નંબર-૪ જોડીને ૩-૧થી હરાવી હતી.૧૦ મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમ ફાઈનલમાં સુરુચિ અને કમલજીતની ભારતીય જોડીએ સિલ્વર જીતનાર દક્ષિણ કોરિયા કરતાં ૬.૬ પોઈન્ટ વધુ મેળવ્યા. ભારતે ૪૮૪.૬ પોઈન્ટ મેળવ્યા, જ્યારે દક્ષિણ કોરિયાને ૪૭૮.૦ પોઈન્ટ મળ્યા. ઈરાને ૪૧૫.૮ પોઈન્ટ સાથે બ્રોન્ઝ જીત્યો.સુરુચિ અને કમલજીતની જોડી ૧૦ મીટર પિસ્તોલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટની ફાઈનલમાં પ્રથમ સ્થાને રહી. ભારતે શરૂઆતમાં જ લીડ મેળવી લીધી હતી અને સમગ્ર ફાઈનલ દરમિયાન તેને જાળવી રાખી હતી.

## મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમારનો યુપી પ્રવાસ ૨૧ સપ્ટેમ્બરે જ રદ થઈ ગયો હતો

### ચૂંટણી પંચના આંતરિક વિવાદ અંગે વધુ એક ખુલાસાથી ખળભળાટ

નવીદિલ્હી,

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને પંચના અન્ય બે ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધૂ તેમજ વિવેક જોશી વચ્ચેનો આંતરિક વિવાદ હવે વધુ ઘેરો બન્યો છે. અંગ્રેજી અખબારમાં આ વિવાદના અહેવાલો ૨૩ સપ્ટેમ્બરે જાહેર થયા તે પહેલાં જ ૨૧ સપ્ટેમ્બરના રોજ મુખ્ય ચૂંટણી કમિશનરનો ઉત્તર પ્રદેશનો સત્તાવાર પ્રવાસ રદ કરી દેવામાં આવ્યો હતો.આ ઘટનાક્રમ દર્શાવે છે કે ચૂંટણી પંચમાં ચાલી રહેલી ખેંચતાણ અને સત્તાવાર વિરોધનો મામલો અહેવાલો બહાર આવ્યા તે પહેલાંથી જ વણસેલો હતો.

સીઈસી જ્ઞાનેશ કુમારનો ૨૫ સપ્ટેમ્બરે મેરઠ અને ૨૮ સપ્ટેમ્બરે વારાણસી ખાતે સત્તાવાર કાર્યક્રમ અને (યૈહ-ઢ) યુવાનો સાથે સંવાદ નક્કી કરવામાં આવ્યો હતો. જોકે, ૨૧ સપ્ટેમ્બરે જ મૌખિક સૂચનાઓ આપીને સ્થાનિક સ્તરે ચાલતી તૈયારીઓ રોકી દેવામાં આવી હતી. ઉત્તર પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારી કાર્યાલય દ્વારા જારી કરાયેલા પત્રમાં પણ ૨૧ સપ્ટેમ્બરની તારીખ અને ઈમેલનો ઉલ્લેખ છે, જેમાં કોઈ કારણ આપ્યા વિના કાર્યક્રમ મોકૂફ રાખવાની માત્ર બે લીટીની માહિતી આપવામાં આવી હતી. અંગ્રેજી અખબાર 'ધ ઈન્ડિયન એક્સપ્રેસ'માં પ્રકાશિત અહેવાલો અનુસાર, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર નિર્ણયો લેવામાં એકતરફી વલણ અપનાવી રહ્યા હોવાનો આક્ષેપ છે.

## સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં નેપાળે ભારતનો ખાસ આભાર માન્યો

### નેપાળના વડાપ્રધાન બાલેન શાહે ક્લાઈમેટ ચેન્જ સામે વિશ્વને એક થવા અપીલ કરી



ન્યૂયોર્ક,

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૮૧મા સત્રને ગુરુવારે સંબોધિત કરતી વખતે નેપાળના વડાપ્રધાન બાલેન શાહે ગ્લોબલ વૉર્મિંગ અને આબોહવા પરિવર્તનના ગંભીર પડકારો સામે એકત્ર થઈને લડવા માટે વિશ્વ સમુદાયને હાકલ કરી છે. તેમણે નેપાળમાં તાજેતરમાં સર્જાયેલી ભોટેકોશી-ત્રિશૂલી આપદાનો ઉલ્લેખ કરતાં સ્પષ્ટ કર્યું હતું કે, આ ઘટના કોઈ સ્થાનિક આપત્તિ માત્ર નથી પરંતુ સમગ્ર માનવજાત માટે લાલ બત્તી સમાન છે.મુશ્કેલીના આ સમયમાં નેપાળની પડખે ઊભા રહેનારા તમામ મિત્ર દેશો, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને માનવતાવાદી એજન્સીઓનો તેમણે હૃદયપૂર્વક આભાર માન્યો હતો. પોતાના સંબોધન દરમિયાન નેપાળી વડાપ્રધાને પાડોશી દેશોની ભૂમિકાને બિરદાવતા કહ્યું, 'ભોટેકોશી અને ત્રિશૂલી નદીઓની હોનારત બાદ જે રીતે આંતરરાષ્ટ્રીય સમુદાય આપણી મદદે આવ્યો છે, તે માટે હું નેપાળના તમામ નાગરિકો વતી આભાર વ્યક્ત કરું છું. અમારા સૌથી નજીકના પાડોશી દેશો ભારત અને ચીન એ આપત્તિના તરત જ અત્યંત ઉદારતાથી મદદનો હાથ લંબાવ્યો હતો. આ ઉપરાંત સંયુક્ત રાષ્ટ્ર, રાહત એજન્સીઓ અને વિશ્વભરની દાનવીર સંસ્થાઓએ નેપાળને પુનઃબેઠું કરવામાં મોટો સહયોગ આપ્યો છે'.

પીએમ બાલેન શાહે વૈશ્વિક નેતાઓને સંબોધતા પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, શું વિશ્વએ આ કુદરતી આફતોમાંથી સાચો બોધપાઠ લીધો છે કે કેમ? તેમણે ભારપૂર્વક કહ્યું કે, "નેપાળ જેવા ભૌગોલિક રીતે સંવેદનશીલ દેશો માટે આબોહવા પરિવર્તન એ માત્ર પર્યાવરણીય સમસ્યા નથી, પરંતુ તે દેશના આર્થિક અને સામાજિક વિકાસને રોકી દેતી એક મોટી કટોકટી છે."

### બાલેન શાહે નવો પ્રસ્તાવ રાખ્યો

પોતાના સંબોધનમાં 'Himalayan Climate Resilience Mechanism' નો નવો પ્રસ્તાવ રાખ્યો હતો. હિંદુ કુશ-હિમાલય પ્રદેશની મહત્તા રેખાંકિત કરતાં શાહે જણાવ્યું કે આ પર્વતમાળાઓ પૃથ્વીની જીવન-સમાનાંતર પ્રણાલીનો અતૂટ હિસ્સો છે. તે પીવાના પાણી, નદીઓ, ખેતી અને ઈકોસિસ્ટમ દ્વારા લગભગ ૨ અબજ લોકોનું જીવન નભાવે છે. આ પ્રદેશમાં વધતા જતા જોખમો સામે લડવા તેમણે નેપાળ, ભારત અને ચીનના સંયુક્ત નેતૃત્વ હેઠળ 'Himalayan Climate Resilience Mechanism' ની સ્થાપના કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

## ભાજપે બંગાળની ચૂંટણી જીતવા ૨૮૭ કરોડ ખર્ચ્યા

### કોંગ્રેસે આસામ, બંગાળ, કેરળ, તમિલનાડુ, પુડુચેરીમળીને ૨૪૮ કરોડ વાપર્યાનો ચૂંટણી પંચનો અહેવાલ



નવીદિલ્હી,

તૃણમૂલ કોંગ્રેસને હરાવીને ભાજપે પહેલી વખત પશ્ચિમ બંગાળમાં ભગવો લહેરાવ્યો હતો. ૨૯૩માંથી ૨૦૭ બેઠકો જીતીને સૌને ચોંકાવી દીધા હતા. તૃણમૂલ કોંગ્રેસને માત્ર ૮૦ બેઠકો મળી હતી. આ અણધાર્યા ચૂંટણી પરિણામોને સ્વીકારવાનો પૂર્વ સીએમ મમતા બેનર્જીએ ઈનકા કરીને ભાજપ સામે આરોપો લગાવ્યા હતા. આ ચૂંટણીમાં ભાજપે આવી સફળતા મેળવી તે માટે પાર્ટીએ છૂટા હાથે પૈસા વેર્યા હતા. ચૂંટણીપંચ સમક્ષ રજૂ થયેલા અહેવાલમાં આ ખુલાસો થયો હતો.

ભાજપે બંગાળમાં કુલ ૨૮૬.૯૯ કરોડ રૂપિયાનો માતબર ખર્ચ કર્યો હતો. એમાં પાર્ટીએ ૨૧૭.૧૬ કરોડ ખર્ચ્યા હતા ને ઉમેદવારોએ ૬૯.૮૩ કરોડનો ખર્ચ કર્યો હતો. પશ્ચિમ બંગાળ સહિત કુલ પાંચ રાજ્યોની ચૂંટણી થઈ હતી, જેમાં આસામ, કેરળ, તમિલનાડુ અને પુડુચેરીનો સમાવેશ થતો હતો. એ તમામ રાજ્યોમાં મળીને ભાજપે કુલ ૫૨૯.૩૮ કરોડનો ખર્ચ કર્યો હતો. તેની સામે કોંગ્રેસે પાંચ રાજ્યોમાં ૨૪૮ કરોડનો ખર્ચ કર્યો હતો. કોંગ્રેસે પાંચ રાજ્યોમાં જે ખર્ચ કર્યો એનાથી વધુ ખર્ચ તો ભાજપે બંગાળમાં જ કરી નાખ્યો હતો. બંગાળમાં કોંગ્રેસે કુલ ૪૨ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. જેમાં ૧૨.૯૭ કરોડ પાર્ટીએ કર્યો હતો અને ૨૯.૧૨ કરોડ ઉમેદવારોએ ખર્ચ્યા હતા. તૃણમૂલ કોંગ્રેસે રાજ્યની ચૂંટણીમાં કેટલો ખર્ચ કર્યો હતો તેની જાણકારી સામે આવી નથી. ડાબેરી પાર્ટી સીપીઆઈએમએ ૮.૨૩ કરોડ રૂપિયા ચૂંટણી પ્રચાર પાછળ ખર્ચ્યા હતા.કેરળમાં કોંગ્રેસે ભાજપથી વધારે ખર્ચ કર્યો હતો. કેરળમાં ભાજપે ૮૨ કરોડ ખર્ચી નાખ્યા હતા. તેની સામે કોંગ્રેસે ૧૦૫ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. કેરળમાં સીપીએમની સરકાર હતી. સીપીએમે ૨૮ કરોડનો ખર્ચ કર્યો હતો. ભાજપે તમિલનાડુમાં ૯૬.૨૭ કરોડ, આસામમાં ૫૧ કરોડ, પુડુચેરીમાં ૧૧.૯૦ કરોડ ચૂંટણી કેમ્પેઈન પાછળ ફાળવ્યા હતા. આ ચૂંટણીઓ ચાલતી હતી ત્યારે ભાજપને ૧૪૭૨ કરોડ રૂપિયાનું દાન મળ્યું હતું તો કોંગ્રેસને ૨૦૭ કરોડ રૂપિયા દાનમાં મળ્યા હતા.

## મુંબઈના બીચ પર 'બ્લુ બોટલ જેલીફિશ'નો આતંક

### ગણેશ વિસર્જન દરમિયાન દરિયામાં ઉતરતા પહેલાં સાવધાન રહેવું જરૂરી

મુંબઈ,

ગણેશોત્સવના સમાપન ટાણે મુંબઈની ગિરગાંવ ચોપાટી, દાદર, જુહુ, વર્સોવા, અકસા અને માર્વે બીચ જેવા પ્રમુખ દરિયાકિનારા પર લાખો શ્રદ્ધાળુઓ ગણપતિ બાપ્પાની પ્રતિમાઓના વિસર્જન માટે ઉમટી પડ્યા છે. જોકે, દરિયાના પાણીમાં ઉતરીને વિસર્જન કરતાં ભક્તો માટે દરિયાઈ જીવસૃષ્ટિ સાથે જોડાયેલો એક મોટો ખતરો સામે આવ્યો છે. મુંબઈના દરિયાકિનારે ચોમાસાના અંતિમ તબક્કામાં ઝેરી 'બ્લુ બોટલ જેલીફિશ' જેને પોર્ટુગીઝ મેન-ઓફ-વોરતરીકે પણ ઓળખવામાં આવે છે, તેનો ઉપદ્રવ જોવા મળી રહ્યો છે.

દર વર્ષે વિસર્જન દરમિયાન સેંકડો ભક્તો આ જેલીફિશના ડંખનો ભોગ બનતા હોય છે, જેને પગલે બીએમસી મુંબઈ પોલીસ અને આરોગ્ય વિભાગે દરિયાકિનારે ખાસ ચેતવણી અને તબીબી વ્યવસ્થા ગોઠવી છે.ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં ભારે પવન અને ઊંચા મોજાંને કારણે આ જેલીફિશ ઊંડા દરિયામાંથી કિનારા તરફ તણાઈ આવે છે. વાદળી અને પારદર્શક રંગની હોવાથી તે પાણીમાં સરળતાથી નરી આંખે દેખાતી નથી. આ જીવના લાંબા તંતુઓમાં અત્યંત ઝેરી કોષો હોય છે. દરિયામાં ઉતરતાં ભક્તોના પગ કે શરીર સાથે તેનો સહેજ પણ સ્પર્શ થાય કે તરત જ તે શરીરમાં ઝેર છોડે છે.

જેલીફિશ કરડે ત્યારે શરીરમાં કેવા લક્ષણો જોવા મળે છે? અસહ્ય બળતરા અને તીવ્ર દુખાવો: જેલીફિશનો ડંખ લાગતાં જ ત્વચા પર વીંછી કરડ્યો હોય તેના કરતાં પણ વધુ તીવ્ર બળતરા અને અસહ્ય દુખાવો શરૂ થાય છે.ત્વચા લાલ થવી અને ચકામા પડવા: અસરગ્રસ્ત ભાગ પર લાલ સોજા અને ચાંભા પડી જાય છે. કેટલાક સંવેદનશીલ લોકો, બાળકો કે વૃદ્ધોમાં એલર્જિક રિએક્શન આવવાને લીધે ચક્કર આવવા, શ્વાસ લેવામાં તકલીફ, ઉલટી-ઉબકા કે બ્લડ પ્રેશર ઘટી જવા જેવી ગંભીર સ્થિતિ સર્જાઈ શકે છે.

## પાકિસ્તાની સેનાએ અફઘાનિસ્તાનમાં ૧૦ સ્થળોએ હવાઈ હુમલા કર્યા

### પાકિસ્તાનના દાવા મુજબ આ સ્થળોનો ઉપયોગ એક દિવસ પહેલા તેની સામે ડ્રોન હુમલા કરવા માટે કરાયો

ઈસ્લામાબાદ,

પાકિસ્તાને આજે સવારે (ગુરુવારે) અફઘાનિસ્તાનમાં ૧૦ સ્થળોએ હવાઈ હુમલા કર્યાનો દાવો કર્યો છે. પાકિસ્તાનના દાવા મુજબ, આ સ્થળોનો ઉપયોગ એક દિવસ પહેલા તેની સામે ડ્રોન હુમલા કરવા માટે કરવામાં આવ્યો હતો. આ ઘટનાએ આ બે દક્ષિણ એશિયાઈ પડોશીઓ વચ્ચે તણાવમાં નોંધપાત્ર વધારો કર્યો છે, જેનાથી પ્રાદેશિક શક્તિઓ દ્વારા મધ્યસ્થી પ્રયાસો માટે ખતરો છે.

પાકિસ્તાનના માહિતી પ્રધાન અતાઉલ્લાહ તરારએ એક્સએક્સના રોજ આ જાહેરાત કરી હતી જ્યારે તેમના અધિકારીઓએ અહેવાલ આપ્યો હતો કે અફઘાન તાલિબાન દળોએ આઠ ડ્રોન છોડ્યા અને પાકિસ્તાની સરહદી ચોકી પર ગોળીબાર કર્યો. પાકિસ્તાની સૈનિકોએ તાલિબાન દ્વારા સરહદ પાર ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યા પછી આ ઘટના બની હતી. જોકે, અફઘાનિસ્તાનમાં પાકિસ્તાનના તાજેતરના હુમલાઓ પર કાબુલ તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આવી નથી.

## અદાણી ગ્રુપ કોલકાતામાં રોકાણ કરશે, ૪,૦૦૦ કરોડથી ૨,૦૦૦ બેડની હોસ્પિટલ બનાવશે

### આ પ્રોજેક્ટથી આશરે ૧૦,૦૦૦ નવી નોકરીઓ અને રોજગારની તકો ઉભી થશે



કોલકતા,

પશ્ચિમ બંગાળના વિકાસને નવી ગતિ આપતા, અદાણી ગ્રુપે રાજ્યમાં તેના અત્યાર સુધીના સૌથી મોટા રોકાણની જાહેરાત કરી છે. ગુરુવારે, કોલકાતાના ન્યુ ટાઉન વિસ્તારમાં ૨,૦૦૦ બેડની સુપર-સ્પેશિયાલિટી હોસ્પિટલ, "અદાણી આરોગ્ય મંદિર" નો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી અને અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ સુપર-સ્પેશિયાલિટી હોસ્પિટલના નિર્માણ પર અદાણી ગ્રુપ ૪,૦૦૦ કરોડ ખર્ચ કરશે. આ પ્રોજેક્ટથી આશરે ૧૦,૦૦૦ નવી નોકરીઓ અને રોજગારની તકો ઉભી થશે, જેનાથી સ્થાનિક યુવાનોને નોંધપાત્ર ફાયદો થશે. શિલાન્યાસ સમારોહ અને સ્ટેજ પ્રેઝન્ટેશન દરમિયાન ગૌતમ અદાણી સાથે તેમની પત્ની, પ્રીતિ અદાણી અને પુત્ર, કરણ અદાણી પણ હાજર હતા. અગાઉ, ગૌતમ અદાણીએ રાજ્યમાં રોકાણની પ્રાથમિકતાઓ અંગે ચર્ચા કરવા માટે મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી સાથે મુલાકાત કરી હતી.કોલકાતામાં એક કાર્યક્રમમાં ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ જાહેરાત કરી કે તેમનું જૂથ ૨૦૩૫ સુધીમાં પશ્ચિમ બંગાળમાં કુલ ૧ લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. અદાણી જૂથનું આ રોકાણ ફક્ત આરોગ્યસંભાળ ક્ષેત્ર પૂરતું મર્યાદિત રહેશે નહીં, પરંતુ બંદરો, લોજિસ્ટિક્સ, વીજળી, રસ્તાઓ અને ડેટા સેન્ટર જેવા મુખ્ય ક્ષેત્રોમાં પણ વિસ્તરણ કરશે.

## નર્મદા ડેમ છલોછલ ભરાવાથી હવે માત્ર ૧૯ સેન્ટીમીટર દૂર

### ડેમની જળ સપાટી ૧૩૮.૪૮ મીટર પહોંચી ગઈ

અમદાવાદ,

સરદાર સરોવર નર્મદા ડેમની જળ સપાટી ૧૩૮.૪૮ મીટર પહોંચી ગઈ છે.ડેમની મહત્તમ જળ સપાટીથી હવે માત્ર ૧૯ સેન્ટીમીટર જ દૂર છે એટલે કે આ સીઝનમાં સપ્ટેમ્બર મહિનામાં સરદાર સરોવર નર્મદા ડેમ થોડા દિવસોમાં છલોછલ ભરાશે.સરદાર સરોવર નર્મદા ડેમમાં ગુરુવારે પાણીની સરેરાશ આવક ૬૫૧૮ ક્યુસેક નોંધાઈ છે.છેલ્લા કેટલાક કલાકોની સરેરાશ આવક હાલની ક્ષણિક આવક કરતાં નોંધપાત્ર વધુ રહી છે

કેનાલ હેડ પાવર હાઉસ ચલાવવામાં આવતા ૯૦૨૨ ક્યુસેક પાણી પ્રવાહ કેનાલ તરફ જાય છે.બીજી તરફ સરદાર સરોવર નર્મદા ડેમનું રિવર બેડ પાવર હાઉસ બંધ કરી દેવામાં આવ્યું છે જેના કારણે તેમાંથી કોઈ પાણી ડિસ્ચાર્જ થતું નથી આમ,હાલ સરદાર સરોવર ડેમનું જળસ્તર ૧૩૮.૪૮ મીટર છે અને ડેમમાં નોંધપાત્ર જીવંત જળસંગ્રહ ઉપલબ્ધ છે.પાણીની આવક,પાવર હાઉસ મારફતે થતો નિકાલ તથા ડેમના ગેટની સ્થિતિને ધ્યાનમાં રાખીને ડેમના જળસ્તરની સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. ત્યારે આવનારા એક બે દિવસની અંદર જ સરદાર સરોવર નર્મદા ડેમ સંપૂર્ણ ભરાઈ જશે.

CMYK

# રાજ્યમાં ભ્રષ્ટાચાર સામે પ્રિવેન્ટિવ વિજિલન્સનું કવચ

## ગુજરાત સરકાર સતર્કતા જાગૃતિને માત્ર સપ્તાહ નહીં પણ ત્રણ મહિના સુધી એલર્ટ મોડ પર રાખશે

ગાંધીનગર,
મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારે સરકારી વહીવટમાં સત્યનિષ્ઠા, પારદર્શિતા અને જવાબદારીને વધુ મજબૂત બનાવવા સતર્કતા જાગૃતિ સપ્તાહ-૨૦૨૬ને વ્યાપક સ્વરૂપ આપ્યું છે. 'Probity for Prospe®iy' એટલે કે 'સત્યનિષ્ઠાથી સમૃદ્ધિ'ની થીમ સાથે ૩૧ ઓક્ટોબરથી ૬ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન સતર્કતા જાગૃતિ સપ્તાહ યોજાશે. સાથે જ ૧૦ સપ્ટેમ્બરથી ૯ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી ત્રણ મહિનાની નિવારાત્મક સતર્કતા ઝુંબેશ હાથ ધરાશે. ભ્રષ્ટાચાર થયા બાદ કાર્યવાહી કરતાં તેના કારણો અને શક્યતાઓને પહેલેથી દૂર કરવા પર આ ઝુંબેશનો વિશેષ ભાર રહેશે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી (કે જેઓ ગૃહ મંત્રી પણ છે)ના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા સતર્કતા જાગૃતિ સપ્તાહ તથા નિવારાત્મક સતર્કતા ઝુંબેશ દરમિયાન રાજ્યના તમામ વિભાગો, ખાતાના વડાઓ, તાબાની કચેરીઓ, બોર્ડ-નિગમો, જાહેર સાહસો અને સ્થાનિક સત્તામંડળોને વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવા સૂચના અપાઈ છે. અધિકારીઓ-કર્મચારીઓના સત્યનિષ્ઠાના શપથ, જનજાગૃતિ કાર્યક્રમો, નિબંધ-ચિત્ર સ્પર્ધાઓ, ક્ષમતાવર્ધન તાલીમ અને ડિજિટલ પહેલ દ્વારા વહીવટમાં પારદર્શિતાનો સંદેશ પહોંચાડાશે.

પ્રિવેન્ટિવ વિજિલન્સ પર મુખ્ય ભાર

ગુજરાત તકેદારી આયોગ, છઝ્રમ્ અને વિવિધ વિભાગોના સહયોગથી ભ્રષ્ટાચાર નિવારણ અંગે જનજાગૃતિ વધારાશે. સરકારી પ્રક્રિયાઓમાં રહેલી ખામીઓ ઓળખી તેને સુધારવા તથા ટેકનોલોજી આધારિત વ્યવસ્થાઓને પ્રોત્સાહન આપાશે.

સાયબર સુરક્ષા અને સરકારી ખરીદીમાં પારદર્શિતા

ગૃહ વિભાગ, પોલીસ મહાનિયામક અને NFSUના સહયોગથી સાયબર સિક્યોરિટી અને સાયબર હાઈજીન અંગે તાલીમ યોજાશે. બીજી તરફ ઉદ્યોગ અને ખાણ વિભાગ તથા ઉદ્યોગ કમિશનર કચેરી દ્વારા સ્જીસ્ઈ અને વેન્ડર્સ માટે સરકારી ખરીદીની પ્રક્રિયા અંગે માસ્ટર ક્લાસ, વર્કશોપ અને કેમ્પ યોજાશે. 'સતર્ક સપ્લાયર, સ્ટ્રોંગ ગુજરાત' હેઠળ જાગૃતિ વધારવા સાથે સરકારી ખરીદીના 'Dos & Don'ts'નો સારસંગ્રહ તૈયાર કરાશે અને ૫૦૦થી વધુ અધિકારીઓને તાલીમ આપવાનું આયોજન છે.

બાંધકામથી નાણાકીય વ્યવહારો સુધી ક્ષમતાવર્ધન

માર્ગ અને મકાન વિભાગ તેમજ નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના અધિકારીઓને Updated PWD Manual, Contract Management, Audit-Accounts તથા સાયબર સુરક્ષા અંગે તાલીમ મળશે. સામાન્ય વહીવટ વિભાગના વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ, SPIPA તથા અન્ય સંસ્થાઓના સહયોગથી Conduct Rules, Conflict of Interest, પ્રાથમિક અને ખાતાકીય તપાસ તેમજ જાહેર સેવામાં નૈતિકતા અંગે તાલીમ યોજાશે. Executive Development Programme અને Common Foundation Courseમાં Vigilance & Disciplinary Rules તથા Prevention of Corruption Actનો પણ સમાવેશ કરાશે.

# અંબાજીમાં ભાદરવી પૂનમનો મહામેળો : મા અંબા પ્રત્યે લાખો ભક્તોની અતૂટ આસ્થા

**અમદાવાદથી અંબાજી સુધી એક દીકરાએ પોતાની માતાની તબિયત સારી થાય તે માટે આંખે પાટા બાંધીને ૨૦૦ કિલોમીટરની પદયાત્રા કરી**



અંબાજી,
અંબાજીના ભાદરવી પૂનમ મહામેળામાં આ વખતે ભક્તિની સાથે અનેક અનોખા દૃશ્યો પણ જોવા મળી રહ્યા છે. યાત્રાધામમાં લાખોની સંખ્યામાં ભક્તો ઉમટી રહ્યા છે અને વહેલી સવારથી જ માતાજીના દર્શન માટે લાંબી લાઈનો લાગી રહી છે. આ દરમિયાન ચાચર ચોકમાં નેતાઓ ગરબે ઘૂમતા જોવા મળ્યા, તો બીજી તરફ અમદાવાદથી અંબાજી સુધી એક દીકરાએ પોતાની માતાની તબિયત સારી થાય તે માટે આંખે પાટા બાંધીને ૨૦૦ કિલોમીટરની પદયાત્રા કરી હતી. ભક્તિ અને લાગણીથી ભરેલી આ બંને ઘટનાઓ અંબાજીના મેળામાં આકર્ષણનું કેન્દ્ર બની છે. ભાદરવી પૂનમના મહામેળામાં મંત્રી પ્રવિણ માળી અને ધારાસભ્યો ગરબે ઘૂમ્યા હતા. ધારાસભ્ય સંગીતા પાટીલ અને નિમિષા સુથાર પણ ચાચર ચોકમાં ગરબે ઝૂમ્યા હતા. નેતાઓએ ભક્તિના માહોલમાં ગરબાની રમઝટ બોલાવી હતી. ખાસ વાત એ છે કે મંત્રી પ્રવિણ માળી ડીસાથી અંબાજી સુધી ૧૦૦ કિલોમીટરની સાયકલ યાત્રા કરીને પહોંચ્યા હતા. આ સાયકલ યાત્રા દરમિયાન તેમણે ભક્તિની સાથે પર્યાવરણ બચાવવાનો સંદેશ પણ આપ્યો હતો. અંબાજીમાં ભાદરવી પૂનમના મહામેળાને લઈને ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. યાત્રાધામમાં વહેલી સવારથી જ માતાજીના દર્શન માટે ભક્તોની લાંબી લાઈનો લાગી રહી છે.

મોટી સંખ્યામાં લોકો દર્શન માટે પહોંચી રહ્યા હોવાથી ભક્તોને આશરે ૨ કલાક સુધી લાઈનમાં ઊભા રહેવું પડી રહ્યું છે. આટલી લાંબી રાહ બાદ ભક્તોનો માતાજીના દર્શનનો વારો આવી રહ્યો છે. અત્યાર સુધીમાં અંબાજીમાં ૩૫ લાખ લોકોએ માતાજીના દર્શન કર્યા હોવાનું સામે આવ્યું છે.

આ ભક્તિભર્યા માહોલ વચ્ચે એક દીકરાની અનોખી માનતા પણ લોકોમાં ચર્ચાનું કેન્દ્ર બની છે. અમદાવાદથી એક દીકરાએ પોતાની જન્મદેનારી માતાની તબિયત સારી થાય તે માટે મા અંબા સમક્ષ અનોખી બાધા રાખી હતી. માતાના હૃદયની તકલીફ દૂર થાય અને તેમની તબિયત સારી થાય તે માટે દીકરાએ આંખે પાટા બાંધીને અમદાવાદથી અંબાજી સુધી પદયાત્રા કરવાનો સંકલ્પ લીધો હતો.

આ સંકલ્પ પૂરો કરવા માટે દીકરાએ આંખે પાટા બાંધીને આશરે ૨૦૦ કિલોમીટરનું અંતર કાપ્યું હતું. રસ્તામાં આંખે પાટા બાંધેલી સ્થિતિમાં પદયાત્રા કરતો આ દીકરો અનેક લોકો માટે આશ્ચર્ય અને આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. અંતે તે અંબાજી પહોંચ્યો અને મા અંબાના દર્શન કર્યા હતા. અંબાજી મંદિર પહોંચ્યા બાદ તેણે મંદિરમાં મા અંબા સમક્ષ પોતાની આંખે બાંધેલા પાટા ખોલ્યા હતા. ત્યારબાદ માતાના હૃદયની તકલીફ દૂર થાય અને તેમની તબિયત સારી થાય તે માટે મા અંબાને અરદાસ કરી હતી. જન્મદેનારી મા માટે દીકરાની આ અનોખી ભક્તિએ મેળામાં હાજર લોકોનું ધ્યાન ખેંચ્યું હતું.

આમ, અંબાજીના ભાદરવી પૂનમ મહામેળામાં એક તરફ નેતાઓ ગરબે ઝૂમીને ભક્તિના રંગમાં રંગાયા છે, તો બીજી તરફ એક દીકરાની માતા પ્રત્યેની લાગણી અને આસ્થાએ સૌનું ધ્યાન ખેંચ્યું છે. ભક્તિ સાથે પર્યાવરણ બચાવવાનો સંદેશ અને માતા માટે દીકરાની અનોખી માનતા—મેળાના આ બંને દૃશ્યો અંબાજીની આસ્થા અને ભક્તિના અલગ અલગ રંગો રજૂ કરી રહ્યા છે.

**મંત્રી પ્રવિણ માળી ડીસાથી અંબાજી સુધી ૧૦૦ કિલોમીટરની સાયકલ યાત્રા કરીને પહોંચ્યા : ચાચર ચોકમાં નેતાઓ ગરબે ઘૂમ્યા**

# અમદાવાદમાં ગોલ્ડી બ્રારના ખાસ માણસ 'પિસ્તોલ'ની ધરપકડ

## આરિફ ઉર્ફે 'પિસ્તોલ' હત્યાનો પ્રયાસ, ફાયરિંગ અને ખંડણી સહિતના ૧૧થી વધુ ગંભીર ગુનાઓમાં લાંબા સમયથી વોન્ટેડ હતો



અમદાવાદ,
ઓર્ગેનાઇઝ ક્રાઈમ કરતી આંતરરાજ્ય ગેંગ સામે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ ગ્રામ્ય સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ અને દિલ્હી પોલીસની સંયુક્ત ટીમે બુધવારે મોડી રાત્રે એક સફળ ઓપરેશન પાર પાડ્યું છે. ટીમે વેજલપુર વિસ્તારમાંથી ગોલ્ડી બ્રાર ગેંગ સાથે સંકળાયેલા કુખ્યાત આરોપી આરિફ ઉર્ફે 'પિસ્તોલ'ની ધરપકડ કરી છે. પોલીસ તરફથી મળતી સત્તાવાર માહિતી મુજબ, પકડાયેલો આરોપી હત્યાનો પ્રયાસ, ફાયરિંગ અને ખંડણી સહિતના ૧૧થી વધુ ગંભીર ગુનાઓમાં લાંબા સમયથી વોન્ટેડ હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, આરિફ ઉર્ફે પિસ્તોલ ગોલ્ડી બ્રાર ગેંગ માટે એક અત્યંત મહત્વની ઓપરેશનલ કડી તરીકે કામ કરતો હતો. ગુપ્ત માહિતીના આધારે હાથ ધરાયેલા આ ઓપરેશન બાદ પોલીસને આશંકા છે કે આરોપી ગોલ્ડી બ્રાર વતી દુબઈ મારફતે ધમકીભર્યા કોલ્સ કરાવવા અને મોટા પાયે ખંડણીનું રેકેટ ચલાવવામાં સક્રિયપણે મદદ કરતો હતો. પોલીસ અને કાયદાકીય કારવાઈથી બચવા માટે આરોપી અત્યંત ચાલાકીપૂર્વક પોતાની ઓળખ છુપાવીને રહેતો હતો. તે વિવિધ રાજ્યોની પોલીસને ચકમો આપવા માટે સતત પોતાના રહેઠાણનું સ્થળ બદલતો રહેતો હતો. આખરે દિલ્હી અને ગુજરાત પોલીસના સંયુક્ત નેટવર્ક અને ચોક્કસ બાતમીના આધારે તેને વેજલપુરના તેના ગુપ્ત અડ્ડા પરથી ઝડપી લેવામાં સફળતા મળી છે.

# અમદાવાદમાં વાડજ-મકરબા ઓવરબ્રિજનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પણ

## લાખો વાહનચાલકોને ટ્રાફિકની સમસ્યામાંથી મોટી રાહત મળશે



અમદાવાદ,
અમદાવાદમાં લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી તેવા વાડજ જંકશન પર રૂ.૧૨૭.૯૨ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા ફ્લાયઓવર અને મકરબા ખાતે રૂ.૯૮.૬૦ કરોડના ખર્ચે નિર્મિત રેલવે ઓવરબ્રિજનું આજે રાજ્યના મુખ્યમંત્રી દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું. આ બંને બ્રિજ કાર્યરત થવાથી શહેરના લાખો વાહનચાલકોને ટ્રાફિકની સમસ્યામાંથી મોટી રાહત મળશે. વાડજ ફ્લાયઓવર શરૂ થવાથી અંદાજે ૨ લાખ લોકોને, જ્યારે મકરબા બ્રિજથી ૧.૫ લાખ વાહનચાલકોને ફાયદો થશે. આ સાથે, મુખ્યમંત્રી છસ્ઝ્રના રૂ.૫૮૩.૮૫ કરોડના વિકાસકામોનું પણ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. વાડજ જંકશન પરનો ફ્લાયઓવરબ્રિજ કાર્યરત થવાથી રોજના આશરે ૨ લાખ વાહનોને ટ્રાફિકમાંથી મુક્તિ મળી છે. આ બ્રિજ વાય-શેપમાં તૈયાર કરવામાં આવ્યો છે. જેના મુખ્ય બે છેડા અખબારનગર અને ગાંધીઆશ્રમ તરફ ઉતરે છે. અંદાજે ૭૩૫ મીટર લાંબો ફોરલેન ફ્લાયઓવરબ્રિજ કાર્યરત થવાથી ઉસ્માનપુરા, રાણીપ, ગાંધીઆશ્રમ, ભીમજીપુરા અને શાહીબાગ તરફ અવરજવર કરતા વાહનચાલકોને સુવિધા મળશે.

# સુરેન્દ્રનગર : નજીવી બાબતે થયેલી તકરારમાં કિશોરની છરીના ઘા ઝીંકીને કરપીણ હત્યા

## ચાર માળિયા વિસ્તારમાં લુખ્ખા અને અસામાજિક તત્વોનો ભારે ત્રાસ

સુરેન્દ્રનગર,
શહેરની ફિરદોષ સોસાયટી વિસ્તારમાં સગીર મિત્ર માટે ચા ન મંગાવવા જેવી નજીવી બાબતે થયેલા તકરારમાં એક કિશોરની છરીના ઘા ઝીંકીને કરપીણ હત્યા કરી દેવાતાં સમગ્ર શહેરમાં ચકચાર મચી જવા પામી છે. સામાન્ય બાબતમાં થયેલા આ લોહિયાળ ખેલને કારણે સ્થાનિકોમાં અસામાજિક તત્વો અને પોલીસની નિષ્ક્રિયતા સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ઘટનાની વિગત મુજબ, ચાર માળિયા ક્વાર્ટરમાં રહેતો જાવેદ ઉંમરભાઈ પારેડી થોડા દિવસો અગાઉ તેના મિત્રો અને એક સગીર સાથે રાત્રિના સમયે ચા પીવા ગયો હતો. તે સમયે સગીર માટે ચા ન મંગાવતા આ બાબતનું મનદુઃખ રાખીને અદાવત રાખવામાં આવી હતી. ગત ૨૨ સપ્ટેમ્બરના રોજ રાત્રે સગીરે જાવેદને ફોન કરી ચાર માળિયા પાસે આવેલી પાણીની ટાંકી નજીક મળવા બોલાવ્યો હતો, જ્યાં જાવેદ તેના મિત્ર સિકંદર સાથે પહોંચ્યો હતો.

જાવેદ ત્યાં પહોંચીને કંઈ સમજે તે પહેલાં જ ખૂન્નસમાં રહેલા સગીરે તેના પર છરી વડે હુમલો કરી દીધો હતો. ગળા અને માથાના ભાગે છરીના ગંભીર ઘા વાગતાં જાવેદ લોહીલુહાણ થઈને ઢળી પડ્યો હતો અને હુમલાખોર સગીર ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ઘટના બાદ આસપાસના લોકો તાત્કાલિક જાવેદને સ્કૂટર પર સારવાર અર્થે સુરેન્દ્રનગર હોસ્પિટલ લઈ ગયા હતા, પરંતુ હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

# આશ્રમશાળાઓનો મુખ્ય હેતુ આંતરિયાળ અને વંચિત વિસ્તારોના બાળકો સુધી શિક્ષણ પહોંચાડવું

## હાઈકોર્ટે આશ્રમશાળાઓના સંચાલન, શિક્ષકોની સેવા શરતો અને પેન્શન-ગ્રેજ્યુઈટીના મુદ્દે મહત્વપૂર્ણ ટકોર કરી

અમદાવાદ,
ગુજરાત હાઈકોર્ટે આશ્રમશાળાઓના સંચાલન, શિક્ષકોની સેવા શરતો અને પેન્શન-ગ્રેજ્યુઈટીના મુદ્દે સુનાવણી દરમિયાન મહત્વપૂર્ણ ટકોર કરી છે. અગાઉની સુનાવણીઓમાં રાજ્ય સરકારે આશ્રમશાળાઓને શિક્ષણ વિભાગ હેઠળ લાવવાની દિશામાં કામગીરી શરૂ કરી હોવાનું રજૂ કર્યું હતું.

સુનાવણી દરમિયાન એડિશનલ એડવોકેટ જનરલ મનીષા લવકુમાર શાહે સરકાર તરફથી રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, આશ્રમશાળાઓને શિક્ષણ વિભાગ હેઠળ લેવા માટે નિયમો બનાવવાની પ્રક્રિયા ચાલી રહી છે. અરજદાર શિક્ષકો એનજીઓ સંચાલિત આશ્રમશાળાઓમાં સેવા આપે છે, જ્યારે અન્ય કેટલીક શાળાઓ ડિસ્ટ્રિક્ટ એજ્યુકેશન કમિટી હેઠળ આવે છે. શિક્ષકો તરફથી મુખ્યત્વે ગ્રેજ્યુઈટી, પેન્શન અને જીપીએફ સહિતના લાભોમાં વિસંગતતા અંગે રજૂઆત કરવામાં આવી છે.

સરકાર તરફથી જણાવાયું હતું કે, વર્ષ ૨૦૦૨ના નિયમો મુજબ એક સમયગાળા સુધી જૂની પેન્શન યોજના અમલમાં હતી અને ત્યારબાદ નવી પેન્શન યોજના લાગુ થઈ હતી. સરકારી ઠરાવો મુજબ ગ્રેજ્યુઈટી અને પેન્શનના લાભો આપવામાં આવી રહ્યા છે. અરજદાર શિક્ષકોનું કહેવું છે કે સરકારી શિક્ષકોને મળતા જીપીએફનો લાભ તેમને મળતો નથી અને જીપીએફ એકાઉન્ટ ખોલવાની પ્રક્રિયા ચાલી રહી છે.

સુનાવણી દરમિયાન શિક્ષકોના પગારધોરણનો મુદ્દો પણ સામે આવ્યો હતો. આશ્રમશાળાઓમાં અગાઉ પે સ્કેલ ૫૨૦૦ અને ગ્રેડ પે ૨૮૦૦, જ્યારે ડિસ્ટ્રિક્ટ એજ્યુકેશન કમિટી હેઠળની શાળાઓમાં પે સ્કેલ ૯૩૦૦ અને ગ્રેડ પે ૪૨૦૦ હોવાનું રજૂ થયું હતું. જોકે, સમયાંતરે સરકારના ઠરાવો દ્વારા આ સેવા શરતોમાં સુધારા કરવામાં આવ્યા હોવાનું સરકાર તરફથી જણાવાયું હતું. કોર્ટે ટકોર કરી હતી કે સરકારને આ મામલે નિયમો બનાવવા માટે જ કહેવામાં આવ્યું છે. સરકાર અત્યાર સુધી ઠરાવો કરીને આ શાળાઓ ચલાવતી આવી છે. બીજી તરફ, સરકાર તરફથી શિક્ષકોની રજાઓ અંગે પણ નિયમો મુજબ લાભ મળતો હોવાનું જણાવાયું હતું, પરંતુ દરેક આશ્રમશાળાના કર્મચારીને સીધા સરકારી કર્મચારી તરીકે ગણવાની માંગ સ્વીકારી શકાય નહીં તેવી રજૂઆત કરવામાં આવી હતી.

કોર્ટે મહત્વપૂર્ણ પ્રશ્ન ઉઠાવ્યો કે સરકાર એનજીઓને શાળાઓ ચલાવવા માટે ગ્રાન્ટ આપે છે, પરંતુ જો સંચાલન પર સરકારનું પૂરતું નિયંત્રણ ન હોય તો શિક્ષકોની ભરતી અને તેમની લાયકાત કેવી રીતે નક્કી થશે? ભરતી પ્રક્રિયા શાળા મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવે છે ત્યારે સમાન સેવા શરતો અને ગુણવત્તા જાળવવાનો પ્રશ્ન પણ ઊભો થાય છે.

# સિંચાઈ ખાતાનો મદદનીશ અધિક્ષક નિમેષ પટેલ ૫૦,૦૦૦ ની લાંચ લેતા ઝડપાયો

## બનાસકાંઠાના દાંતીવાડા સિંચાઈ ઓફિસમાં ACBના દરોડા

બનાસકાંઠા,
પાલનપુર એસીબીની ટીમના અધિકારીઓ દ્વારા એલ ભ્રષ્ટ અધિકારી માટે દાંતીવાડા સિંચાઈ ઓફિસમાં એક સફળ છટકું ગોઠવવામાં આવ્યું હતું. આ દરમિયાન સરકારી ઓફિસમાં જ બેસીને ગેરકાયદે લાંચ ઉઘરાવતા મદદનીશ અધિક્ષક વિભાગના અધિકારીને એસીબીએ રંગે હાથે પકડી પાડતા ભ્રષ્ટ અધિકારીઓમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પકડાયેલા અધિકારીની ઓળખ નિમેષ પટેલ તરીકે થઈ છે, જે દાંતીવાડા સિંચાઈ ઓફિસમાં મદદનીશ અધિક્ષક વિભાગના અધિકારી તરીકે ફરજ બજાવતા હતા. એક કોન્ટ્રાક્ટરનું બાકી નીકળતું બિલ પાસ કરી આપવાના બદલામાં નિમેષ પટેલે રૂપિયા ૫૦,૦૦૦ ની લાંચની માંગણી કરી હતી. કોન્ટ્રાક્ટર લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે આ અંગે અગાઉથી જ એસીબીનો સંપર્ક કર્યો હતો, જેના આધારે એસીબીએ આ પર્દાફાશ કર્યો હતો.

પાલનપુર એસીબીની ટીમે રંગે હાથે ટ્રેપ કરીને નિમેષ પટેલ વિરુદ્ધ કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે. આ મામલાની ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરવામાં આવી છે. એસીબી દ્વારા દસ્તાવેજો અને અન્ય પુરાવાઓ એકત્ર કરવાની તજવીજ ચાલુ છે.

# સુરતમાં કચ્છ કડવા પાટીદાર સમાજનો ત્રીજા સંતાનના જન્મ પર ૫૦,૦૦૦ની એફડી આપવાનો નિર્ણય

## પરિવારોમાં વધુ સંતાનના જન્મને પ્રોત્સાહન આપવા યોજના શરૂ કરવાનો નિર્ણય કરાયો



સુરત,
સમાજમાં ઘટતા જન્મદર અને પરિવારોમાં એક જ સંતાન અથવા સંતાન નહીં કરવાનો વધતો ટ્રેન્ડ વચ્ચે સુરતમાં કચ્છ કડવા પાટીદાર સમાજના દક્ષિણ ગુજરાત ઝોને મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સમાજની દક્ષિણ ગુજરાત ઝોનની વાર્ષિક સામાન્ય સભામાં બાળ પ્રોત્સાહન યોજના અંતર્ગત ત્રીજા સંતાનના જન્મને પ્રોત્સાહન આપવા માટે નવજાતના નામે રૂ. ૫૦ હજારની ફિક્સ ડિપોઝિટ (એફડી) કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સુરતમાં કડોદરા ખાતે યોજાયેલી કચ્છ કડવા પાટીદાર સમાજના દક્ષિણ ગુજરાત ઝોનની વાર્ષિક સામાન્ય સભામાં આ અંગે ચર્ચા બાદ નિર્ણય લેવાયો હતો. સમાજના આગેવાનોના જણાવ્યા મુજબ, આજની યુવા પેઢીમાં પરિવારને એક જ સંતાન સુધી મર્યાદિત રાખવાની અથવા સંતાન ન કરવાનો વિચાર વધતો જોવા મળી રહ્યો છે. તેના કારણે સમાજની વસ્તીમાં ઘટાડો થવાની ચિંતા વચ્ચે પરિવારોમાં વધુ સંતાનના જન્મને પ્રોત્સાહન આપવા આ યોજના શરૂ કરવાનો નિર્ણય કરાયો છે.

સમાજ દ્વારા જાહેર કરાયેલા નિર્ણય મુજબ પરિવારમાં ત્રીજા સંતાનનો જન્મ થાય ત્યારે નવજાતના નામે રૂ.૫૦ હજારની ફિક્સ ડિપોઝિટ કરવામાં આવશે. ખાસ વાત એ છે કે ત્રીજું સંતાન દીકરો હોય કે દીકરી, બંનેને સમાન રીતે આ લાભ આપવામાં આવશે. એટલું જ નહીં, પરિવારમાં ત્રણ કે તેથી વધુ સંતાન હોય તો જન્મ લેનારા સંતાનને પણ સમાજ તરફથી રૂ.૫૦ હજારની સહાય આપવાની જોગવાઈ અંગે નિર્ણય કરવામાં આવ્યો છે. સમાજ દ્વારા આ રકમની હ્વઙ્ઘ માટે મહત્તમ ૧૦ વર્ષની સમયમર્યાદા રાખવામાં આવશે. કચ્છ કડવા પાટીદાર સમાજના આગેવાનોનું માનવું છે કે સમાજમાં જન્મદર ઘટવાથી ભવિષ્યમાં વસ્તીનું પ્રમાણ ઘટી શકે છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં નાની ફેમિલીનો ટ્રેન્ડ વધ્યો છે અને ઘણા યુવા દંપતી એક જ સંતાનને પ્રાથમિકતા આપી રહ્યા છે.

# તમારાથી કામમાં ક્યાંય પણ નાની ભૂલ થઈ તો રીલ વાયરલ થતાં વાર નહીં લાગે : મુખ્યમંત્રી

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અધિકારીઓને કામકાજ અંગે મહત્વની ટકોર કરી



અમદાવાદ,
અમદાવાદમાં યોજાયેલા વિકાસકામોના એક કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અધિકારીઓને કામકાજ અંગે મહત્વની ટકોર કરી હતી. તેમણે સ્પષ્ટ જણાવ્યું હતું કે વિકાસકામોમાં ગુણવત્તા સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવામાં નહીં આવે. કોન્ટ્રાક્ટર કેવું કામ કરી રહ્યા છે તેનું યોગ્ય મોનિટરિંગ થાય અને કામ ગુણવત્તાસભર બને તેની મુખ્ય જવાબદારી અધિકારીઓની જ છે. તેથી અધિકારીઓએ પોતાની જવાબદારી સમજીને કામ કરવું જોઈએ જેથી કોઈ ભૂલ કે બેદરકારી ન રહી જાય. વધુમાં, સોશિયલ મીડિયાના વર્તમાન સમયમાં સાવચેતી રાખવા અંગે સૂચન આપતા મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે જો તમારાથી કામમાં ક્યાંય પણ નાની ભૂલ થઈ, તો તેની રીલ વાયરલ થતાં વાર નહીં લાગે.

મુખ્યમંત્રીએ કાર્યક્રમમાં સંબોધન કરતા સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, વિકાસના કામોમાં ગુણવત્તા સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં. કોન્ટ્રાક્ટર કેવું કામ કરે છે તેનું સતત મોનિટરિંગ કરવું અને ગુણવત્તાવાળું કામ થાય છે કે કેમ તે જોવાની સંપૂર્ણ જવાબદારી અધિકારીઓની જ છે. અધિકારીઓએ પોતાની આ જવાબદારી સમજીને પૂરી નિષ્ઠાથી કામ કરવું જોઈએ. કામમાં કોઈપણ પ્રકારની ભૂલ કે બેદરકારી ન રહે તે જોવાની પ્રાથમિક ફરજ સરકારી તંત્રની છે. આજના ડિજિટલ યુગનો ઉલ્લેખ કરતા ઝ્રસ્ ભૂપેન્દ્ર પટેલે માર્મિક અંદાજમાં કહ્યું કે, "અત્યારે સોશિયલ મીડિયા અને રીલનો જમાનો છે. જો કામમાં તમારાથી ક્યાંય નાની સરખી પણ ભૂલ થઈ, તો તરત જ તેની રીલ બનીને વાયરલ થઈ શકે છે." આથી, કામગીરીમાં વધુ સાવચેતી રાખવી અત્યંત જરૂરી છે. આ ઉપરાંત, તેમણે મીડિયાની ભૂમિકા અંગે વાત કરતા જણાવ્યું હતું કે, મીડિયાની વાતોને હંમેશા પોઝિટિવ રીતે લેવી જોઈએ અને તેમાંથી સુધારાનો માર્ગ અપનાવવો જોઈએ.

સૌરાષ્ટ્ર આસપાસ

# રાજકોટ પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી દ્વારા માર્ગ સલામતી અને ટ્રાફિક જાગૃતિ માટે સઘન ઝુંબેશ

## વાહનો પર રેડિયમ પટ્ટીઓ લગાવી માર્ગ સલામતીનો સંદેશો અપાયો: શાળા-કોલેજના વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમો વિશે માર્ગદર્શિત કરાયા

રાજકોટ:રાજકોટ પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી દ્વારા 'સેવાથી સંકલ્પ અભિયાન' હેઠળ માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા, વાહન અકસ્માતો અટકાવવા તેમજ નાગરિકો અને યુવા વર્ગમાં ટ્રાફિક નિયમોના પાલન અંગે વ્યાપક જાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી વિવિધ જનજાગૃતિ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.




માર્ગ સલામતી સુધારણાના ભાગરૂપે રાત્રિના સમયે વિઝિબિલિટી ઓછી હોવાને કારણે થતા અકસ્માતો નિવારવા માટે આર.ટી.ઓ. ટીમ દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત ગોંડલ હાઈવે, કાલાવડ રોડ અને માધાપર ચોકડી જેવા મુખ્ય માર્ગો પરથી પસાર થતા વાહનો અને માલસામાનની હેરફેર કરતા વાહનો પર રેડિયમ પટ્ટી લગાવવામાં આવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓમાં માર્ગ સલામતી અંગે ગંભીરતા વધે તે માટે શૈક્ષણિક સંસ્થાઓમાં જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા.જેમાં શાળા-કોલેજોના વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમોનું પાલન કરવા, સગીર વયે વાહન ન ચલાવવા અને માર્ગ સલામતી પ્રત્યે સજાગ રહેવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. રાજકોટ પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી દ્વારા તમામ વાહનચાલકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા અનુરોધ કરાયો છે.

# પાંચ વોર્ડના ૪૭૩૧ સ્થળેથી મચ્છરોનો ઉપદ્રવ પકડતું ડ્રોન : ૪૦૪ મિલ્કતધારકને નોટીસ

## વોર્ડ નં.૩, ૪, ૧૧, ૧૩, ૧૮ના ૫૩ ચો.કિ.મી. વિસ્તારમાં ટીમો ઉતરી : છૈં આધારીત કામગીરીમાં દોઢ લાખ ઘરનો સર્વે

રાજકોટ:

રાજકોટમાં આ વર્ષે પણ મચ્છરનો ખુબ ઉપદ્રવ છે ત્યારે થોડા સમય પહેલા મંજૂર કરાયેલા ખર્ચ હેઠળ મહાનગરમાં ડ્રોન ટેકનોલોજી અને એઆઇ આધારીત સર્વેલન્સથી પાંચ વોર્ડના ૫૯.૩૯ ચો.કિ.મી. વિસ્તારમાં સર્વે પૂર્ણ કરવામાં આવ્યો છે.

તે સાથે આટલા વિસ્તારમાં ૪૭૩૧ મચ્છર ઉત્પત્તિ સ્થળો ધ્યાન પર આવતા સઘન દવા છંટકાવ સહિતની કામગીરી ચાલી રહી છે તો અલગ અલગ સ્થળે ચેકીંગ હેઠળ બેદરકારી બદલ ૪૦૪ મિલ્કતધારકોને નોટીસ પણ ફટકારવામાં આવી છે.

આ કામગીરીના ભાગરૂપે તા.૧૭ થી ૨૩ દરમ્યાન કુલ ૧,૫૦,૧૭૨ ઘરોમાં પોરાનાશક અને ૯૩૩ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી હતી. તો રહેણાંક સિવાયના ૪૦૯ સ્થળે તપાસ કરી મચ્છર ઉત્પત્તિ બદલ ૩૧૨ રહેણાંક અને ૯૨ કોમર્શિયલ આસામીને નોટીસ અપાઇ છે.



મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પરંપરાગત કામગીરીની સાથે ડ્રોન ટેકનોલોજી અને અઈ આધારિત સર્વેલન્સનો ઉપયોગકરી સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થળોની ઓળખ તથા જરૂરી સ્થળોએ જંતુનાશક દવા છંટકાવની કામગીરી કરવામાં આવી રહી છે.ડ્રોન સર્વે દરમિયાન ઓળખાયેલા પાણી ભરાવાના સ્થળો તથા સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થળોની વિગતોના આધારે વિસ્તારોમાં જંતુનાશક દવાનો છંટકાવ તથા સોર્સ રીડકશનની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

શહેરના કુલ ૧૬૧.૮૫ ચો.કિ.મી.વિસ્તાર પૈકી અત્યાર સુધીમાં (હાઈરીસ્ક વોર્ડ પૈકી વોર્ડ નં. ૧૧, ૧૮, ૩, ૪ અને ૧૩માં ૫૯.૩૯ ચો.કિ.મી. વિસ્તારમાં સર્વે કામગીરી કરવામાં આવી રહી છે. ડ્રોન દ્વારા કરવામાં આવેલ સર્વે દરમિયાન ૪,૭૩૧ સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થળો શોધી ૧૩૪૦ સ્થળે સઘન કામગીરી કરાઇ છે. અત્યાર સુધીમાં ડ્રોન દ્વારા કુલ ૪૦ કલાક અને ૯ મિનિટ જંતુનાશક દવાના છંટકાવની કામગીરી કરવામાં આવી છે. તેમાં વોંકળા, નદીના પટ્ટ, ખાડા સહિતના વિસ્તાર સામેલ છે.

ડ્રોન સર્વે દ્વારા પ્રાપ્ત વિગતોના આધારે વોર્ડ તથા આરોગ્ય કેન્દ્રના આરોગ્ય કર્મચારીઓ દ્વારા સ્થળની ચકાસણી કરવામાં આવી રહી છે. તા.૧૭ થી ૨૩ દરમિયાન કુલ ૩,૦૪,૫૫૬ જેટલી વસ્તીનો સર્વે કરી ૬,૫૫૯ જેટલી ક્લોરીન ટેબ્લેટનું વિતરણ, ૭૪૩ જેટલા ઓઆરએસ પેકેટનું વિતરણ અને ૩,૪૮૪ જેટલા આર.સી. ટેસ્ટ કરવામાં આવ્યા છે.ડ્રોન દ્વારા મચ્છર ઉત્પત્તિ સ્થળોના સર્વેની કામગીરી દરમિયાન આરોગ્ય શાખાની ટીમને જરૂરી સહકાર આપવા શહેરના નાગરિકોને આરોગ્ય અધિકારીએ અપીલ કરી છે.

# ચેક રીટર્ન કેસમાં આરોપીને સજાનો હુકમ

રાજકોટ:ફરિયાદી એવીએન એગ્રોકેરના માલિક વિનાદભાઇ



રવજીભાઇ કાનાણીએ આરોપી-પટેલ એગ્રો સેન્ટરના માલીક મનોજભાઇ ત્રિકમભાઇ સેંજલીયા (મું. રબારીકા-ગીર)ને જંતુનાશક દવા ઉધારમાં વેચાણ આપેલી હતી તે પેટે રૂા.૬,૪૮,૨૦૦નો ચેક ફરિયાદીની પેઢીના નામનો આપેલ હતો જે ચેક રીટર્ન થતાં ફરિયાદીએ લોધિકા કોર્ટમાં ફરિયાદ દાખલ કરેલ અને ફરિયાદીના એડવોકેટ મારફત વર્ષ ૨૦૨૬નું સુપ્રિમ કોર્ટનું ડબલ બેંચનું જજમેન્ટ અંગે દલીલો કરેલ જે કોર્ટે માન્ય રાખીને તકસીરવાન ઠરાવી અને પુરેપુરી સાદી કેદની સજા તથા ચેક મુજબની વળતરની રકમનો હુકમ ફરમાવેલ હતો. આ કામમાં ફરિયાદી તરફે વકીલ નિલેશકુમાર સાકરીયા, હાર્દિક વેકરીયા, પ્રવિણ સીતાપરા રોકાયેલા હતા.

# અરૂણ બીન્નાડી ગુજરાત ભાજપ સંગઠન સહમહામંત્રી : રાજકોટ હેડકવાર્ટર : સૌરાષ્ટ્રની જવાબદારી

## રાષ્ટ્રીય કક્ષાએ રાજકોટ અને સૌરાષ્ટ્ર ભાજપની રાજકારણની નોંધ લેવાઈ : રત્નાકર અમદાવાદમાં બેસશે

રાજકોટ:ભાજપમાં રાષ્ટ્રીય કક્ષાએ શરૂ થયેલી નવી નિમણુંકમાં આજે સંગઠનમાં રાજયકક્ષાએ મોટા ફેરફાર કરવામાં આવ્યા છે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નીતિન નબીને અલગ અલગ રાજયમાં સંગઠનમાં પણ વધારાની જવાબદારી રાષ્ટ્રીય કક્ષાના નેતાઓને સોંપી છે.

ગુજરાતમાં પ્રદેશ સંગઠન મહામંત્રી તરીકે રત્નાકર યથાવત રહ્યા છે અને તેઓ ગુજરાત ઉપરાંત દાદરાનગર હવેલી, દમણ અને દીવને પણ જોશે. જયારે અગાઉ ગુજરાતમાંથી બિહારમાં મોકલાયેલા ભીખુભાઇ દલસાણીયાને આ રાજયમાં પ્રદેશ સંગઠન મહામંત્રી તરીકે યથાવત રખાયા છે.

જયારે રાષ્ટ્રીય સંગઠનમાં સહમહામંત્રી તરીકે કામ કરતા સતીષ ધોંડને મહારાષ્ટ્ર ઉપરાંત ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં જનજાતિ સંપર્કની જવાબદારી સોંપી છે. આમ ખાસ કરીને રત્નાકરની સહાયતા માટે ભાજપે પ્રદેશ સંગઠનમાં સહમહામંત્રી તરીકે અરૂણ બિન્નાડીને નિયુકત કર્યા છે તેમનું હેડકવાર્ટર રાજકોટ રહેશે. આમ ગુજરાત ભાજપમાં પ્રથમ વખત પ્રદેશ સંગઠનના સહમહામંત્રીને રાજકોટમાં હેડકવાર્ટર બનાવવા જણાવાયું છે.

ખાસ કરીને જે રીતે સૌરાષ્ટ્રમાં લાંબા સમયથી નેતૃત્વનો શૂન્યાવકાશ જેવી સ્થિતિ છે. તે સંદર્ભમાં ભાજપ મોવડી મંડળનો આ નિર્ણય સૌથી મહત્વનો છે. અને આગામી દિવસોમાં સૌરાષ્ટ્રનું રાજકારણ હવે છેક દિલ્હી સાથે કનેકટ થઇ જશે તે પણ નિશ્ચિત છે.

રત્નાકર અમદાવાદ ખાતે હેડકવાર્ટરમાં બેસશે અને રાજકોટના સંગઠન સહમહામંત્રી માટે ખાસ ઓફિસ શરૂ થશે. જયારે ભીખુભાઇ દલસાણીયાને પણ સાથીદારો આપવામાં આવ્યા છે. અન્ય નિયુકિતઓમાં પ્રદેશ સહમહામંત્રી (સંગઠન) આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ તથા છત્તીસગઢ અને ગોવાનું કામકાજ જોશે તેમનું હેડકવાર્ટર મુંબઇ રહેશે. સોદાનસિંહ જેઓ રાષ્ટ્રીય સંગઠન સહમહામંત્રી છે તેમને બિહાર, ઝારખંડ, ઓરીસ્સા, પશ્ર્ચિમ બંગાળની જવાબદારી સોંપાઇ છે તેમનું હેડકવાર્ટર ભુવનેશ્વર રહેશે.

આ ઉપરાંત વી.સતીષ જેઓ ગુજરાતમાં પણ જાણીતા છે તેમને એસ.સી/એસ.ટી. મોરચાના સંસદીય કાર્યાલયની જવાબદારી સોંપાઇ છે. ભાજપે દરેક રાજયમાં આ રીતે હવે ઝોન મુજબ સંગઠન સહમહામંત્રીની નિયુકતી કરી છે અને આજે તેમના નામોની જાહેરાત કરવામાં આવી છે.

ભીખુભાઇ દલસાણીયાને સહાયતા માટે રાંચીમાં હેડકવાર્ટર સાથે પ્રદેશ સંગઠન મહામંત્રી તરીકે પવન સાંઇને નિયુકત કરાયા છે તે પણ સૂચક છે. આમ બિહારમાં બે પ્રદેશ સંગઠન મહામંત્રીની સમાંતર પોસ્ટ ઉભી કરવામાં આવી છે. આ તમામ નિયુકિતઓમાં મહત્વપૂર્ણ રીતે આરએસએસ સાથે બેકગ્રાઉન્ડ ધરાવતા વ્યકિતઓને મહત્વ અપાઇ છે તે પણ સૂચક છે.

# નવરાત્રીમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવા શહેર કોંગ્રેસની પોલીસ સમક્ષ ઘા

## ધર્મના ધરાર થઈ બેઠેલા ઠેકેદારો ગેરકાયદેસર, ચેકીંગના નામે ગરબા-ગરબીને ડીસ્કો ડાંડીયામાં ઘુસી ખલેલ પહોંચાડે છે

રાજકોટ:નવરાત્રીમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવા શહેર કોંગ્રેસે પોલીસ કમિશનર સમક્ષ ઉગ્ર રજુઆત કરી છે. ધર્મના ધરાર થઈ બેઠેલા ઠેકેદારો ગેરકાયદેસર, ચેકીંગના નામે ગરબા-ગરબીને ડીસ્કો ડાંડીયામાં ઘુસી ખલેલ પહોંચાડે છે, તેની પર પણ માર્કર મુકવા પણ રજુઆત કરાઈ છે.

શહેર કોંગ્રેસ તરફથી પોલીસ કમિશ્નરને આપેલ આવેદનમાં જણાવ્યું હતું કે, નવરાત્રી તા.૧૧/૧૦/૨૦૨૬ થી શરૂ થઈ અને તા.૨૦/૧૦/૨૦૨૬ ના પુરી થાય છે. આ ઉપરાંત નવરાત્રીની તારીખો પહેલા વેલકમ નવરાત્રીનું ઘણી બધી સંસ્થાઓ દ્વારા આયોજન થાય છે અને બાયબાય નવરાત્રીનું પણ આયોજન થતું હોય છે. આ સીલસીલો શરદપૂનમ સુધી ચાલતો હોય છે. વિવિધ સ્થળોએ ગરબા-ગરબી અને ડાંડીયા રાસનું આયોજન થતુ હોય છે. રાજકોટના શહેરીજનો માટે આ આધ્યાત્મીક આયોજન



અને મહોત્સવ છે. આ મહોત્સવમાં કોઈપણ જાતની ખલેલ ન પહોંચે, એવી વ્યવસ્થા ગોઠવવા રજુઆત કરી છે.

તેમજ છેલ્લા થોડા વર્ષથી ઘણા લોકો અને હિન્દુ ધર્મના ધરાર થઈ બેઠેલા ઠેકેદારો ગેરકાયદેસર, ચેકીંગના નામે ગરબા-ગરબીને ડીસ્કો ડાંડીયામાં ઘુસી ખલેલ પહોંચાડે છે, એવું ધ્યાનમાં આવ્યું છે. આ કૃત્ય સંગઠીત ગુન્હો છે (ઓર્ગેનાઈઝડ ક્રાઈમ). આવા તત્વોને આવા ચેકીંગનો કે ખલેલનો કોઈ બંધારણીય હક નથી, તેમ છતાં આયોજકોને અને શહેરીજનોને અવરોધ ઉભો કરે છે અને ન્યુસન્સ કરે છે.

આવો હક માત્ર પોલીસ વિભાગને જ છે કે આવા તત્વોને આપ ઓળખો જ છો. સમયસર જરૂરી કાયદાકીય પગલા લઈને આવા તત્વોને નાથવા પણ ઉગ્ર રજુઆત કરાઈ છે. ચૂંટણી સમયે જેમ વિરોધ પક્ષના નેતા ઉપર "માર્કર" મુકવામાં આવે છે.તે જ રીતે નવરાત્રી દરમ્યાન આવા લોકો ઉપર આપ "પોલીસ માર્કર" મુકવા પણ માંગણી કરી છે. રાજકોટની ધર્મપ્રિય અને શાંતિપ્રિય પ્રજા વતી અમો આપને અગાઉથી જ સખ્ત જરૂરી પગલા લઈને આવો કોઈ બનાવ ન બને અને કોઈ વ્યકિત કે સંગઠન આવુ કૃત્ય ન કરે તે ખાસ જોવા અમારી વિનંતી છે.

જે આવેદનપત્ર આપતી વખતે શહેર કોંગ્રેસ પ્રમુખ ડો.રાજદીપસિંહ જાડેજા, ઓ.બી.સી. સેલના ચેરમેન મહેશભાઈ રાજપૂત, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ઉપપ્રમુખ ડો. હેમાંગ વસાવડા તેમજ કોર્પોરેશનના વિરોધ પક્ષના નેતા દીપ્તીબેન સોલંકી, અતુલ રાજાણી, જસવંતસિંહ ભટ્ટી સહિતના આગેવાનો અને કાર્યકરો જોડાયા હતાં.

# વિવેકાનંદ કેન્દ્ર દ્વારા શાળાઓમાં શાસ્ત્રાર્થ કાર્યક્રમો યોજાયા



Vivekananda Kendra

રાજકોટ:વિવેકાનંદ કેન્દ્ર કન્યાકુમારી દ્વારા મનુષ્ય નિર્માથી રાષ્ટ્ર પુનરુત્થાનના ઉદ્દેશથી તાજેતરમાં રાજકોટની અનેક શાળાઓમાં શાસ્ત્રાર્થનું આયોજન કરવામાં આવેલ હતું.

સ્વામી વિવેકાનંદજીએ કહ્યું છે કે મારો ભરોસો યુવા પેઢી પર છે, તેમાંથી જ કાર્યકરો આવશે અને સિંહની જેમ આખો કોયડો ઉકેલી નાખશે. વિવેકાનંદ કેન્દ્ર દ્વારા સ્વામીજીના આજ વિચારને સુદ્રઢ કરવા શાસ્ત્રાર્થ-એક વૈચારિક આંદોલન પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

મનુષ્ય નિર્માણના આ રાષ્ટ્રકાર્યમાં અનેક શાળાઓનો ખૂબ સહયોગ મળ્યો હતો. આ અનોખા કાર્યક્રમમાં ધો.૬,૭ અને ૮ના પસંદગી પામેલ ૨૪ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

અગાઉથી પૂરી પાડવામાં આવેલી સ્વામી વિવેકાનંદના જીવનપ્રસંગો આધારિત વાંચન સામગ્રીના આધારે આ વિદ્યાર્થીઓએ સળંગ અઢીથી ત્રણ કલાક સુધી અદ્ભુત શાસ્ત્રાર્થ કર્યો હતો. બાળકોએ પોતાના વિચારો, વાણી અને સંસ્કૃતિને ખૂબ જ સ્વતંત્ર અને પ્રભાવશાળી રીતે રજૂ કરી પોતાની અદ્ભૂત પ્રતિભા દેખાડી હતી.

# લેન્ડ રેકર્ડના હડતાલીયા કર્મચારીઓ સામે જરૂર પડયે પગાર કટ્ટ - સર્વિસ બ્રેકના પગલા : જિલ્લા કલેકટર

## સરકારના આદેશ બાદ કડક પગલા લેવાશે, ગાંધીનગરમાં બેઠકનો ધમધમાટ

રાજકોટ:રાજકોટ જિલ્લા સહિત રાજયભરના ૪ હજાર જેટલા લેન્ડ રેકર્ડ વર્ગ-૩ના સર્વેયરો છેલ્લા ચાર દિવસથી બેમુદતી હડતાલ પર ઉતર્યા છે. ત્યારે, ગઈકાલે લેન્ડ રેકર્ડ વર્ગ-૩ના મહા મંડળ સાથેની સરકારી બેઠક પડી ભાંગી હતી. મડળે ગ્રેડ-પેમાં સુધારાનો પ્રશ્ન બે માસમાં હલ કરી દેવા માંગ કરી હતી. જોકે સરકારે છ માસમાં પ્રશ્નો હલ કરી દેવા જણાવેલ હતું.

આથી સમાધાન પડી ભાંગ્યુ હતું. દરમ્યાન આજરોજ આ હડતાલ પ્રશ્ને રાજકોટ જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશ સાથે વાતચીત થતા તેઓએ જણાવેલ હતું કે, આ બાબતે મંડળને સરકાર સાથે વાટાઘાટો ચાલી રહી છે. પરંતુ, જો સમાધાન શકય નહી બને તો સરકારી આદેશ મુજબ હડતાલ પર ગયેલા કર્મચારીઓનો પગાર કટ્ટ કરી લેવાશે અથવા સર્વિસ બ્રેક સહિતના પગલા પણ લેત્તાશે.



ઉલ્લેખશ્રીય છે કે,જમીન દફ્તર ખાતાના વર્ગ-૩ કર્મચારીઓના મુખ્ય પડતર પ્રશ્નો બાબતે અગાઉ વર્ષ-૨૦૨૪ ના સમયગાળા દરમિયાન આંદોલનાત્મક કાર્યક્રમ આપવામાં આવેલ પરંતુ તે સમયે સરકાર દ્વારા પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા બાબતે હકારાત્મક વલણ અપનાવી મૌખિક બાંહેધરી આપવામાં આવતા કર્મચારીઓ દવારા આંદોલના મોકુફ રાખી પ્રજાલક્ષી કામગીરી પુનઃ ચાલુ કરી દેવામાં આવેલ.

ત્યારબાદ પડતર પ્રશ્નો પૈકી સિનીયર સરવેયર તથા સરવેયર કેડરના પ્રવર્તમાન ગ્રેડ પેમાં વધારો કરવા બાબતે વર્ષ:૨૦૨૫ માં ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે જેને આજે એક વર્ષ કરતાં વધારે સમયા થઈ ગયેલ હોવા છતાં ગ્રેડ પેમાં સુધારો થયેલ નથી.

આથી જમીન દફ્તર ખાતાના વર્ગ-૩ કર્મચારીઓના રજ્ય મંડળ દ્વારા તા.૧૧/૦૮ના રોજ મુખ્યમંત્રીને સદરહું બાબતનું દિન-૩૦ માં નિરાકરણ કરી આપવા બાબતે અલ્ટીમેટમ આપવામાં આવેલ પરંતુ સરકાર તરફથી આ બાબતે કોઈ હાકારાત્મક નિરાકરણ કરવામાં ન આવતા સમગ્ર ગુજરાત રાજ્યના સિનીયર સરવેયર, સરવેયર તથા ક્લાર્ક સંવર્ગના આશરે કુલ-૨૦૦૦ જેટલા કર્મચારીઓને હાલ ગાંધીચીધ્યા માર્ગે હડતાળનું શસ્ત્ર ઉગામવાની જરૂર પડેલ છે.આ હડતાલથી રાજયભરમાં જમીન માપણી ફ્રી-સર્વે, ટિપ્પણી, તથા નકશાની નકલો સહિતની કામગીરી ખોરવાતા હજારો અરજદારો હેરાન-પરેશાન થઈ રહ્યા છે.

# એન્જલ પ્રી સ્કુલ ફાયર સેફ્ટી અંગે તાલીમ અપાઈ

રાજકોટ:

રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ હાઈરાઈઝ બિલ્ડીગઓ તથા સ્કુલ/કોલેજોમા લગાવવામાં આવતી ફાયર સેફટીના સાધનો જે બિલ્ડીગમાં રહેતા લોકોને તથા સ્કુલ મા અભ્યાસ કરતા વિધાર્થીઓ ને જાગૃત કરવા માટે તા.૨૩/૦૯/૨૦૨૬ ના રોજ એન્જલ પ્રી સ્કુલ, ગુરુપ્રસાદ સોસાયટી, દોશી હોસ્પિટલની બાજુ મા, ગોંડલ રોડ, રાજકોટ, જેમાં ૬ શિક્ષકોને બેઝીક ફાયર ફાયટીગ તથા ફાયર એક્ષ્ટીગ્યુશર વિશે માહિતી આપીને ઓપરેટ કરવાની ટ્રેનિંગ આપેલી હતી

આ મોકડ્રીલ દ્વારા બિલ્ડીગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઇ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઈએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ



અને સાધનો તથા ફાયર એક્ષ્ટીગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઇ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના, મવડી રોડ ફાયર સ્ટેશના લિડિંગ ફાયરમેન નરેશભાઈ રંગાણી, ફાયર ઓપરેટર હર્ષદભાઈ સોલંકી, , સહિતના સ્ટાફ દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા

આ બાબતે વધુ ને વધુ લોકો ભાગીદાર થાય અને ફાયર સેફટીની તાલીમ મેળવે તેવો જાહેર જનતાને અનુરોધ કરવામા આવે છે. જે બિલ્ડીગ ધારકો પોતાની બિલ્ડીગમાં મોકડ્રીલ આયોજન કરવા માટે સ્વેચ્છીક અરજી કરશે તેમને પહેલી તક આપવામાં આવશે.

# ૩૮૨ પ્લોટ દબાણગ્રસ્ત : જરૂર પડે ત્યારે ડિમોલીશન કરીશું! ટીપી વિભાગે ફરી 'ચોમાસુ જવાબ' રજૂ કર્યો

રાજકોટ:મહાપાલિકાના જુદા જુદા વિસ્તારમાં આવેલા ટીપી સ્કીમના ૩૮૨ અનામત પ્લોટ દબાણગ્રસ્ત હોવાનો સ્વીકાર તંત્રએ કર્યો છે અને હાલ ચાલતા ચોમાસાનું બહાનુ આગળ ધર્યુ છે. પરંતુ ગત વર્ષે ચોમાસા બાદ પણ આવા પ્લોટ ખાલી કરાવવા બહુ કાર્યવાહી થતી નહી હોવાનું કોર્પોરેટરોને જનરલ બોર્ડના જવાબ પરથી લાગ્યું હતું. આ દબાણો દુર કરવા હાલ તાત્કાલીક કોઇ આયોજન તંત્રએ દેખાડયું નથી.

જનરલ બોર્ડ મિટિંગમાં નગરસેવક દ્વારા ખાલી, કુલ પ્લોટ, દબાણો સહિતની વિગતો માંગવામાં આવી હતી. હેતુના પ્લોટનો ઉપયોગ થાય તો લોકોની સુવિધામાં વધારો થઇ શકે છે. આ જવાબમાં અધિકારીઓએ જણાવ્યું હતું કે શહેરમાં મંજુર થયેલ પ્રારંભિક નગર રચના યોજના તથા આખરી નગર રચના યોજના મળીને કુલ ૪૨ નગર રચના યોજના આવેલ છે.

જેમાં વિવિધ હેતુ માટેના ૩૦૩+ ૩૦૪+ ૧૦૮૪= કુલ ૧૬૯૧ અનામત પ્લોટો આવેલાં છે. જે પૈકી કુલ ૭૨+ ૭૦+ ૩૯૨= ૫૩૪ પ્લોટ ખાલી છે. તેમજ કુલ ૧૦૨+ ૬૧+ ૨૧૯=૩૮૨ પ્લોટમાં દબાણ છે. આ મોટા ભાગના દબાણો નગર રચના યોજના અમલી થયા પહેલાના છે. રહેણાંક, વાણિજ્ય, ઔદ્યોગિક વગેરે પ્રકારના જુદા-જુદા હેતુ માટેના દબાણો આવેલા છે. જે પૈકી મોટા ભાગના રહેણાંક હેતુના આવેલ હોવાનું જણાય છે.

આવા દબાણો દુર કરવા એ એક સતત અને અવિરત પ્રક્રિયા છે. હાલ ચોમાસાની ઋતુ ચાલુ હોય, ઓપરેશન થતા નથી, ભવિષ્યમાં સમયાંતરે દબાણો જાહેર જનતાની રજૂઆત તેમજ જરૂરીયાત ધ્યાને લઈને તેમજ વિકાસ કામગીરી માટે જરૂરીયાત ઉભી થાય ત્યારે દબાણો દુર કરવા માટેનું આયોજન હાથ ધરવામાં



આવે છે. મનપાને પ્રાપ્ત થતાં સૌપ્રથમ રસ્તાઓ ઉપરના દબાણો અને ત્યારબાદ અનામત પ્લોટો ઉપરના દબાણોને પ્રાથમિકતા આપીને દુર કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવાયું હતું.

# વીરપુરમાં પીજીવીસીએલના 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વૃક્ષારોપણ

વીરપુર:પીજીવીસીએલ દ્વારા તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન યોજાઈ રહેલા વિશેષ 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વીરપુર પેટા વિભાગીય કચેરી દ્વારા પર્યાવરણ જતન અને હરિયાળી વધારવાના ઉદ્દેશ્ય સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. વીરપુર સ્થિત ફોલ્ટ કચેરીના પ્રાંગણમાં યોજાયેલા આ પ્રકૃતિમય કાર્યક્રમમાં વિવિધ ઉપયોગી વૃક્ષોના રોપાનું વાવેતર કરી તેમના ઉછેરનો સંકલ્પ લેવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં રાજકોટ દૂધ ડેરી સંઘના ચેરમેન ગોરધનભાઈ ધામેલિયા, વીરપુર ગ્રામ પંચાયતના સરપંચ



રમેશભાઈ સરવૈયા, જિલ્લા પંચાયત સભ્ય દીપકભાઈ ગાજીપરા, પૂર્વ આરોગ્ય ચેરમેન જનકભાઈ ડોબરિયા, તાલુકા પંચાયત સભ્યો રમેશભાઈ કોઠારી અને રમેશભાઈ શેખ, તેમજ હરીભાઈ વેકરિયા સહિતના આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કચેરીના પ્રાંગણમાં વૃક્ષોના રોપા વાવી પર્યાવરણને શુદ્ધ, સ્વચ્છ અને હરિયાળું બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. માત્ર વૃક્ષારોપણ પૂરતું નહીં પરંતુ વાવેલા વૃક્ષોના જતન અને ઉછેરની જવાબદારી નિભાવવાનો પણ સંકલ્પ કરવામાં આવ્યો હતો. પીજીવીસીએલના 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત પર્યાવરણ પ્રત્યેની જવાબદારીને ઉજાગર કરતું આ આયોજન સ્થાનિક સ્તરે પ્રકૃતિ સંરક્ષણ માટે પ્રેરણારૂપ બન્યું હતું.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# કાળા સોનાની ફૂટનીતિ અને બૂમરેંગ બનતા પ્રતિબંધો

ક્રૂડ તેલની દુનિયા એક વિચિત્ર વિરોધાભાસથી ચાલે છે. જેની જમીનમાં તેલ છે તે હંમેશા શક્તિશાળી હોતો નથી. સાચી તાકાત તેની પાસે હોય છે જે તેલને લાંબા સમય સુધી સાચવી શકે અને તેને વાપરવાલાયક ઇંધણમાં ફેરવી શકે. કાચું તેલ કાઢવું એ માત્ર શરૂઆત છે. તેને સુરક્ષિત રીતે સંગ્રહવું તેને શુદ્ધ કરવું અને યોગ્ય સમયે બજારમાં મૂકવું એ જ સાચી કુશળતા છે. આજના આંતરરાષ્ટ્રીય સંબંધોમાં આ કુશળતા જ સત્તાનું કેન્દ્ર બની છે અને તેની આસપાસ જ રાજકારણ ઘૂમી રહ્યું છે.

ક્રૂડ એટલે ક્રૂડ ઓઇલ, જેને કાચું તેલ પણ કહેવાય છે. તે જમીનના પેટાળમાંથી નીકળતું ઘેરા બદામી કે કાળા રંગનું ચીકણું પ્રવાહી છે. કરોડો વર્ષ પહેલાં સમુદ્રમાં રહેતા નાના જીવો અને વનસ્પતિ જમીનમાં દટાઈ ગયા. ઉપર માટીના થર જામતા ગયા, દબાણ અને ગરમી વધતા ગયા અને ધીમે ધીમે તેનું રૂપાંતર તેલમાં થયું. એટલે તેને અશ્મિભૂત ઇંધણ કહેવાય છે.


જમીનમાંથી નીકળતું આ તેલ સીધું વાપરી શકાતું નથી. તેમાં પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, ગેસ અને ડામર જેવા અનેક પદાર્થો ભેળાયેલા હોય છે. તેને રિફાઇનરી નામના મોટા કારખાનામાં ગરમ કરીને અલગ અલગ તાપમાને છૂટું પાડવામાં આવે છે. આ પ્રક્રિયાને શુદ્ધિકરણ કહેવાય છે. તેમાંથી આપણને વાહનો માટે પેટ્રોલ ડીઝલ, રસોડા માટે ગેસ, વિમાન માટે ઇંધણ અને પ્લાસ્ટિક બનાવવા માટેનો કાચો માલ મળે છે.

ક્રૂડ તેલને કાળું સોનું પણ કહેવાય છે, કારણ કે આજની દુનિયા તેના પર ચાલે છે. જે દેશ પાસે તેના ભંડાર છે તે ધનવાન ગણાય છે. તેનો ભાવ બેરલમાં મપાય છે. એક બેરલ એટલે લગભગ ૧૫૯ લિટર. તેના ભાવ વધે એટલે મોંઘવારી વધે અને ભાવ ઘટે એટલે અર્થતંત્રને રાહત મળે. ટૂંકમાં, ક્રૂડ એ આધુનિક જીવનની ધોરી નસ છે.

મધ્યપૂર્વ અને આફ્રિકાના અનેક ઉત્પાદક દેશોની અર્થવ્યવસ્થા એક જ સિદ્ધાંત પર ચાલે છે કે જેટલું કાઢો એટલું વેચો. તેમની પાસે મોટા ભૂગર્ભ ભંડાર કે વ્યૂહાત્મક અનામત વિકસાવવાની પૂરતી સગવડ નથી. અમેરિકા પાસે કરોડો બેરલ તેલ સંગ્રહવાની ક્ષમતા છે જ્યારે મોટા ભાગના ઉત્પાદક દેશો પાસે થોડા અઠવાડિયા કે મહિનાનો જ જથ્થો સાચવવાની વ્યવસ્થા છે. એટલે વિશ્વ બજારમાં માંગ ઘટે ત્યારે પણ તેઓ ઉત્પાદન ચાલુ રાખવા મજબૂર બને છે. જો તેઓ કૂવા બંધ કરે તો તેમની સરકાર ચલાવવા માટેની આવક જ બંધ થઈ જાય. આ મજબૂરીનો લાભ મોટા ગ્રાહક દેશો હંમેશા ઉઠાવતા આવ્યા છે.

બીજી તરફ જે દેશો પાસે સંગ્રહ અને શુદ્ધિકરણ બંનેની સુવિધા છે તેમને પશ્ચિમી દેશોએ નિશાન બનાવ્યા છે. રશિયા પાસે વિશાળ તેલ ભંડારની સાથે આધુનિક રિફાઇનરીઓ અને પાઇપલાઇનનું જાળું છે. ઈરાન પાસે પણ આવી જ ક્ષમતા છે. પરંતુ તેમના પર લાદવામાં આવેલા આર્થિક પ્રતિબંધોએ તેમના સામાન્ય વેપારી માર્ગો બંધ કરી દીધા. ડોલરમાં વેપાર પર રોક આંતરરાષ્ટ્રીય વીમા કંપનીઓની સેવા બંધ અને યુરોપિયન બંદરોમાં પ્રવેશ પર પ્રતિબંધ જેવા પગલાં લેવામાં આવ્યા. એવી ગણતરી હતી કે આર્થિક ભીંસ વધશે એટલે આ દેશો ઝૂકી જશે. પરંતુ આ ગણતરી ખોટી પડી અને પ્રતિબંધો બૂમરેંગની જેમ પાછા ફર્યા. રશિયાએ યુરોપ તરફનો પુરવઠો ધીમો કર્યો તો યુરોપમાં ઊર્જા કટોકટી સર્જાઈ. શિયાળામાં ઘર ગરમ રાખવાનું મોંઘું પડ્યું. ખાતર અને પરિવહનના ખર્ચ વધવાથી ખાદ્ય ચીજોના ભાવ વધ્યા. વિકસિત દેશોમાં મોંઘવારીએ સામાન્ય માણસનું બજેટ ખોરવી નાખ્યું. સામે પક્ષે પ્રતિબંધનો સામનો કરી રહેલા દેશોએ નવા વેપારી ભાગીદારો શોધી લીધા. ગુપ્ત રીતે તેલની હેરફેર કરતા જહાજો દરિયામાં સક્રિય થઈ ગયા. ચુકવણી માટે સ્થાનિક ચલણોનો ઉપયોગ શરૂ થયો.

## મન તરંગોને ઝંકૃત કરતું સંધ્યાનું સૌંદર્ય....



ફ્રાઈડે ફોટો સ્ટોરી
જયદીપ એ. દવે.

આ અત્યંત મનોરમ્ય અને સંધ્યાનું સૌંદર્ય વિસ્તારતી આ તસવીર કોઈપણ એડિટિંગ વગરની હોવા છતાં પોતાના લાવણ્ય અને અવનવા રંગોથી કેમેરાની ફ્રેમમાં અને જોનારના મનમાં વિવિધ રંગો ભરી જાય છે. એટલે જ આ નમણી સાંજ કોઈને પ્રિયતમા જેવી વ્હાલી લાગે છે તો કોઈને ઉદાસીના રંગો વિખેરતી વેરી. છતાં પણ આ સાંજ માણવાનો મોહ છોડી ના શકાય. એવી આ સાંજ મન તરંગોને ઝણઝણાવી જવા સક્ષમ છે.!

# ગણપતિના પ્રદર્શન નહીં દર્શન કરવાના હોય...

મુંબઈમાં ગણેશોત્સવ સમયે લાખો ભક્તો ગલીએ ગલીએ ગણેશજીની મૂર્તિના દર્શન કરવા નીકળતા હોય છે. સાર્વજનિક મંડળો દ્વારા મોટા મંડપોમાં પધરાવેલ ગણેરાજીના દર્શન કરવા લાંબી લાંબી લાઇનો લાગતી હોય છે. મૂર્તિ કેટલી મોટી અને ડેકોરેશન કેટલું ભવ્ય એવી અનેક ચર્ચાઓ લોકોમાં થતી હોય છે. વિવિધ મંડળો પણ લોકોનું ધ્યાન આકર્ષવા ભવ્ય મહાકાય મૂર્તિ માટે આગ્રહ રાખતા હોય છે. મૂર્તિની ઊંચાઈ બાબતે કાયમ હોડ લાગતી હોય છે . જાહેરાતો થતી હોય છે. ટૂંકમાં મૂર્તિઓના દર્શન નહીં પણ પ્રદર્શન થતા હોય છે. આમાં ક્યારેક ભૂલેશ્વરમાં બની તેવી મૂર્તિઓ લાવવા - લઈ જવા વખતે તૂટી પડવાની જીવલેણ દુર્ઘટનાઓ પણ ઘટે છે.

ગયા વર્ષે અનેક મોટી મોટી મૂર્તિઓનું દરિયામાં વિસર્જન કરવા માટે ઘણી તકલીફો પડી હતી. મોટી મોટી મૂર્તિઓ દરિયામાં પધરાવી તો દેવાય છે પણ બીજે દિવસે દરિયા કિનારે જે ભાંગેલી - તૂટેલી, અડધી પીગળેલી, રસ્તે રઝળતી મૂર્તિઓ જોવા મળે છે એ જોઈને ખરેખર મન અશાંત થઈ જાય છે. જે મૂર્તિઓને દસ દિવસ સુધી ઉચ્ચ સન્માન આપ્યાં તેમની અગિયારમાં દિવસે આવી અપમાનજનક હાલત?

કળિયુગમાં દર્શનને બદલે પ્રદર્શનને વધુ મહત્ત્વ અપાઈ રહ્યું છે તેથી આવી ઘટનાઓ બને એ સ્વાભાવિક છે.વેદકાળમાં પર્યાવરણની પૂજાનું વર્ણન છે અને તેની રક્ષા અંગે કરાતા યજ્ઞોનું વર્ણન છે. મૂર્તિપૂજાનું ચલણ તો પુરાણ કાળમાં વધ્યું. શિવ પુરાણ, વિષ્ણુ પુરાણ, કે પછી રામાયણ અને મહાભારત જેવાં મહાકાવ્યોમાં શિવલિંગ કે વિવિધ અવતારોની મૂર્તિઓની પૂજાના ઉલ્લેખ મળી આવે છે પરંતુ એમાંય મૂર્તિઓ વિશાળ કાય હોય તો જ યોગ્ય દર્શન પૂજા કર્યા કહેવાય એવું ક્યાંય લખ્યું નથી. મોટાભાગની પ્રજાને એ ખબર નથી કે જોવું કોને કહેવાય અને દર્શન કોને કહેવાય.

ચાલો આપણે સહુ પ્રથમ દર્શનની વ્યાખ્યા સમજીએ. દર્શન શબ્દનું મૂળ સંસ્કૃત ભાષાની ઼દૃશ' ધાતુ છે, જેનો અર્થ ઼જોવું' અથવા ઼નિહાળવું' થાય છે. સંસ્કૃતમાં તેની વ્યુત્પત્તિએવી થાય છે. અર્થાત્, જેના દ્વારા વસ્તુ કે સત્યનું તાત્ત્વિક (સાચું) સ્વરૂપ જાણી શકાય કે જોઈ શકાય તે ઼દર્શન' છે.

આપણે જ્યારે કોઈ પણ મૂર્તિના દર્શન કરવા જઈએ છીએ ત્યારે તેમના રૂપ, રંગ, કદ કે વસ્ત્રભૂષા જ જોતા હોઈએ છીએ. આ માત્ર જોવાની ક્રિયા છે. આ પ્રદર્શન છે. દર્શન નથી. દર્શન એટલે તો તમે જે જુઓ છો તેનું સત્ય કે તેનું તત્ત્વ રૂપ જાણવું તે છે અને આ જાણવા માટે મૂર્તિઓના રૂપરંગ નહીં પણ તેમના ગુણતત્ત્વ જાણી આત્મસાત કરવા જોઈએ.

આ કાર્ય માટે માત્ર મૂર્તિ હોય એ જરૂરી છે. વિશાળકાય મૂર્તિ જરૂરી નથી. જે તે ભગવાનના કે અવતારના દિવ્ય ગુણોને આપણા જીવનમાં ઉતારીએ તો ખરા દર્શન કર્યા કહેવાય.

ઉદાહરણ તરીકે ગણપતિની મૂર્તિના દર્શન કરતા જ આપણને તેમના ગુણ ગ્રહણ કરવાનું ભાન થવું જોઈએ. તેમના મોટા કાન અને નાનું મોં શીખવે છે કે ચારે તરફથી જે કંઈ ખબર આવે છે એ સાંભળો ખરા પણ બોલવામાં સંયમ રાખો. તેમની ઝીણી આંખો સૂચવે છે કે કોઈ પણ વસ્તુ કે ઘટનાનું બારીકાઈથી નિરીક્ષણ કરો. તેમનું મોટું પેટ સૂચવે છે કે ઉદાર બનો. તેમની સૂંઢ અર્થાત્? લાંબું નાક સૂચવે છે કે તમારી આસપાસની પરિસ્થિતિને બરાબર સૂંઘી લેતા આવડવું જોઈએ અને તે પ્રમાણે નિર્ણય લેવા જોઈએ. તેઓ ઉંદર પર સવાર છે એ સૂચવે છે કે અજ્ઞાન રૂપી અંધકાર પર જ્ઞાન રૂપી પ્રકાશ થકી વિજય મેળવો અને પ્રગતિ કરો.

તેમને ચઢાવાતી દૂર્વા અને લાડુ મોદકના પ્રસાદ સૂચવે છે કે ભાદરવાની રોગિષ્ટ ગરમીમાં ઠંડક મળે તેવા સાત્ત્વિક ભોજન કરો. ઘી, ગોળ, ઘઉં અને નાળિયેર જેવાં ફળોમાંથી લાડવા કે મોદક બને છે એ ખરેખર તનમનને ઠંડક આપે એવા અને ગણપતિ જેવા બુદ્ધિ વધારે તેવા સાત્ત્વિક પ્રસાદ છે.

આ સમય ચાતુર્માસનો છે એટલે ધર્મકાર્યમાં ધ્યાન રહે એ માટે કાંદા લસણ જેવા તામસી ખોરાકનો ત્યાગ કરવો જોઈએ,પરંતુ થાય છે ઉલટું ગણપતિની સામે બેસીને ભેળ પૂરી, વડા -પાંઉ જેવા કાંદાલસણ યુક્ત ખોરાક લોકો હોંશે હોંશે ખાતા હોય છે. તામસી ખોરાક પર દસ દિવસ પૂરતો પણ સંયમ રાખી શકતા નથી. ગણપતિનું હાથી સ્વરૂપ શાકાહારનું સેવન સૂચવે છે. હાથી ભૂખ્યો રહે પણ માંસ નથી ખાતો. છતાંય બળ - બુદ્ધિમાં નંબર વન છે. આવા ગુણો યાદ રાખવાને બદલે આજની પેઢી માંસાહાર કરવામાં પણ છોછ નથી અનુભવતી. હાથી જેવા અહિંસક ગણપતિ રૂપના દર્શન તો નામ પૂરતા જ થાય છે. જંગલી પશુને શરમ આવે એવી હિંસાખોરી માણસોમાં વધતી જાય છે. આવું બધું એટલા માટે થાય છે કે આપણે દેવોના સાચા અર્થમાં ગુણો કે તત્ત્વોને ગ્રહણ કરીને દર્શન નથી કર્યા માત્ર પ્રદર્શન જ કર્યા છે. મૂર્તિઓની સાઈઝ વધારતા જઈને ખરેખર તો દેખાડી દેવાની ભાવના અને અહંકાર જ વધારતા જઈએ છીએ.

# ભારત સામે સમુદ્રી જલમાર્ગની વિકટ સમસ્યા

આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

સમુદ્રી જલમાર્ગો ભારતના આર્થિક જીવનની ધમનીઓ સમાન છે. દેશની બહારના વેપારનો મોટો ભાગ આ જ માર્ગોથી થાય છે. પેટ્રોલિયમ, ગેસ, કોલસો, ખાતર, દવાઓ અને ઉત્પાદન માટેના કાચા માલ સહિતની અનેક આવશ્યક વસ્તુઓ જહાજો દ્વારા જ આવે છે. તેથી જ્યારે કોઈ સમુદ્રી માર્ગ પર સંકટ સર્જાય છે ત્યારે ભારતની અર્થવ્યવસ્થા પર સીધી અસર પડે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં મધ્ય પૂર્વના યુદ્ધ અને ત્યાંની અસ્થિરતાએ લાલ સમુદ્ર, બાબ-એલ-મંડેબ અને સુએઝ કેનાલ જેવા મહત્વના માર્ગોને ખતરામાં મૂક્યા છે. આ સ્થિતિએ ભારત સહિત અનેક દેશોના વેપારને ભારે નુકસાન પહોંચાડ્યું છે.

**સમુદ્રી પરિવહન પ્રમાણમાં સસ્તું હોય છે કારણ કે હજારો લાખો ટન કાર્ગો સમુદ્ર માર્ગે લાવવામાં ઓછી ઉર્જા વપરાય છે બીજા અનેક ફાયદાઓ છે આથી મોટાભાગના માલનું પરિવહન સમુદ્ર માર્ગે આજે કરવામાં આવી રહ્યું છે. વિશ્વના સૌથી વ્યસ્ત જળમાર્ગ પર યુદ્ધના ઓછાયા પડ્યા હોવાથી ખૂબ લાંબા અંતરે જહાજોને લાવવા પડે છે તેનો ખર્ચ વધે છે. દેશમાં મોંઘવારી વધવાનું એક મુખ્ય કારણ આફ્રિકાનો આ સૌથી લાંબો જળમાર્ગ છે.**

મધ્ય પૂર્વમાં ચાલતા યુદ્ધને કારણે લાલ સમુદ્રમાં હૂથી બળવાખોરોના હુમલા વધ્યા છે. વેપારી જહાજોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આના કારણે અનેક જહાજ કંપનીઓએ આ માર્ગ છોડી દીધો છે. તેના બદલે જહાજો આફ્રિકાના દક્ષિણે આવેલા કેપ ઓફ ગુડ હોપ માર્ગથી જવા લાગ્યા છે.

આ માર્ગ લાંબો છે, જેથી જહાજને વધારે બળતણ જોઈએ, સમય વધારે લાગે અને ખર્ચો પણ વધે. પરિણામે ભારતમાં આયાતી માલના ભાવ વધ્યા છે. નિકાસ થોડી મોંઘી થઈ છે અને ઘણી કંપનીઓના ઓર્ડર લંબાયા છે અથવા રદ થયા છે.

કેપ ઓફ ગુડ હોપ દક્ષિણ આફ્રિકાના છેડે આવેલું પ્રસિદ્ધ ભૂશિર છે. એશિયા અને યુરોપ વચ્ચેના સમુદ્રી વેપારમાં તેનું વિશેષ મહત્વ છે. ભારતથી યુરોપ જતાં જહાજો માટે સામાન્ય રીતે અરબી સમુદ્રથી બાબ-અલ-મંદેબ, લાલ સમુદ્ર અને સુએઝ કેનાલ મારફતે જવાનો માર્ગ ટૂંકો પડે છે. પરંતુ લાલ સમુદ્રમાં જહાજો પર હુમલાનું જોખમ વધે ત્યારે જહાજો આ માર્ગ છોડીને આફ્રિકાના દક્ષિણ છેડેથી, એટલે કે કેપ ઓફ ગુડ હોપ ફરતે જાય છે. ભારત સરકારના એક અભ્યાસમાં પણ આ બંને માર્ગોની સરખામણી કરતાં સુએઝ માર્ગને ટૂંકો અને ઝડપી ગણાવવામાં આવ્યો છે.

આફ્રિકા ફરવાનો મુખ્ય ગેરલાભ વધારે અંતર અને વધારે સમય છે. એશિયા–યુરોપના ઘણા માર્ગોમાં કેપ માર્ગ અપનાવવાથી આશરે ૩,૦૦૦થી ૪,૦૦૦ નોટિકલ માઈલ વધે છે અને મુસાફરીમાં લગભગ એકથી બે અઠવાડિયાનો વધારો થઈ શકે છે.

આ માર્ગનો ઉપયોગ ઓછો કેમ થતો હતો? તે આજે બહુ ઓછા લોકો જાણે છે.આનુ સૌથી મોટું કારણ સુએઝ કેનાલ છે. કેપ માર્ગે આખા આફ્રિકા ખંડની નીચે ફરવું પડે છે, જ્યારે સુએઝ કેનાલ ભૂમધ્ય સમુદ્ર અને લાલ સમુદ્રને જોડીને જહાજોને ઘણું ટૂંકું અંતર આપે છે. તેથી સામાન્ય સમયમાં જહાજ કંપનીઓ માટે સુએઝ માર્ગ વધુ અનુકૂળ રહે છે.

પરંતુ ૨૦૨૩ પછી લાલ સમુદ્રમાં વેપારી જહાજો સામેના હુમલાઓને કારણે ઘણી શિપિંગ કંપનીઓએ કેપ માર્ગ અપનાવ્યો. ૨૦૨૬માં પણ સુરક્ષાની સ્થિતિ બદલાતી રહી છે; સપ્ટેમ્બર ૨૦૨૬માં સ્ઢીજિા અને ૐૈંક્રક્ષ-ર્સ્નીંઅઙ્ઘએ કેટલીક સેવાઓને ફરી સુએઝ તરફ વાળવાની જાહેરાત કરી છે, પરંતુ તે નિર્ણય પણ લાલ સમુદ્રની સુરક્ષા પર આધારિત છે.

ભારતને માલ મંગાવવો હોય તો કેટલો ખર્ચ વધે? તેનો અંદાજ કોઈને નથી. પરંતુ જહાજી ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોને માટે આ એક ખૂબ જ સંવેદનશીલ બાબત છે.એક ચોક્કસ આંકડો આપવો મુશ્કેલ છે, કારણ કે માલનો પ્રકાર, જહાજનું કદ, તેલનો ભાવ, બંદર, વીમો અને તે સમયના ફ્રેઈટ રેટ પ્રમાણે ખર્ચ બદલાય છે. પરંતુ એક ભારતીય દરિયાઈ અભ્યાસમાં સુએઝની સરખામણીમાં કેપ માર્ગે ઈંધણ ખર્ચ આશરે ઈ૧.૫–૧.૭ મિલિયન, જ્યારે સુએઝ માર્ગે આશરે ઈ૧.૨ મિલિયન દર્શાવવામાં આવ્યો હતો. કુલ મુસાફરી ખર્ચનું ઉદાહરણ સુએઝ માર્ગે ઈ૧.૫–૨ મિલિયન અને કેપ માર્ગે ઈ૨.૪–૨.૯ મિલિયન બતાવે છે.

કન્ટેનર માલ માટે પણ વધારાનો ખર્ચ સીધો ગ્રાહક સુધી પહોંચી શકે છે. એક ૨૦૨૬ના વિશ્લેષણમાં કેપ માર્ગના વધારાના બંકર અને ઓપરેટિંગ ખર્ચનો અંદાજ ૪૦-ફૂટ કન્ટેનર દીઠ આશરે ઈ૧,૪૦૦–ઈ૧,૮૦૦ આપવામાં આવ્યો છે. અર્થાત્, કેપ ઓફ ગુડ હોપ ખરાબ કે બિનઉપયોગી માર્ગ નથી; તે સુએઝનો મહત્વપૂર્ણ વૈકલ્પિક માર્ગ છે. સુરક્ષા



જોખમ વધે ત્યારે તેનો ઉપયોગ વધે છે, પરંતુ શાંતિપૂર્ણ અને સ્થિર પરિસ્થિતિમાં વધારાનું અંતર, ઈંધણ, સમય અને જહાજની ક્ષમતા તેને મોંઘો બનાવે છે. હાલમાં સપ્ટેમ્બર ૨૦૨૬માં કેટલાક મોટા કેરિયર્સ ફરી સુએઝ તરફ પાછા ફરી રહ્યા છે, તેથી આ માર્ગનો ઉપયોગ પરિસ્થિતિ પ્રમાણે સતત બદલાઈ રહ્યો છે.

ભારત માટે આ સમસ્યા એટલે ગંભીર છે કે તેનો મોટો વેપાર યુરોપ, આફ્રિકા અને મધ્ય પૂર્વ સાથે સુએઝ માર્ગ થકી થાય છે.

જ્યારે આ માર્ગ અસુરક્ષિત બને છે ત્યારે ભારતની નિકાસને અસર થાય છે. ખાસ કરીને કાપડ, રસાયણ, ઓટોમોબાઈલ પાર્ટ્સ, ચામડું અને કૃષિ ઉત્પાદનોની નિકાસ પર અસર પડે છે. બીજી તરફ કાચા તેલની આયાત પણ મોંઘી થાય છે, જેની સીધી અસર પેટ્રોલ, ડીઝલ અને ગેસના ભાવ પર થાય છે. આથી દેશમાં મોંઘવારી વધે છે અને સામાન્ય માણસનું જીવન મુશ્કેલ બને છે.

આ સમસ્યાનો ઉકેલ શોધવો જરૂરી છે. ભારતે પોતાના વૈકલ્પિક માર્ગો વિકસાવવા પડશે. ચાબહાર બંદર અને ઈન્સ્ટાબુલ કોરિડોર જેવા પ્રોજેક્ટ આ દિશામાં મદદરૂપ થઈ શકે છે. આંતરિક જળમાર્ગો અને રેલ-રોડ નેટવર્કને મજબૂત કરવાથી પણ દબાણ ઘટી શકે છે. વધુમાં ભારતે પોતાની નૌકાદળની ક્ષમતા વધારવી પડશે, જેથી હિંદ મહાસાગરમાં સુરક્ષા જળવાઈ રહે. મિત્ર દેશો સાથે મળીને સંયુક્ત દેખરેખ અને પેટ્રોલિંગ વ્યવસ્થા ઊભી કરવી પડશે. ઊર્જા સુરક્ષા માટે વૈકલ્પિક ઊર્જા સ્રોતો તરફ વળવું પડશે અને તેલનો સંગ્રહ વધારવો પડશે.

સમુદ્રી જલમાર્ગની સમસ્યા માત્ર ભારતની નથી, પણ સમગ્ર વિશ્વની છે. જો કે ભારત માટે તે વધુ ગંભીર છે કારણ કે આપણી અર્થવ્યવસ્થા આયાત-નિકાસ પર વધુ નિર્ભર છે. મધ્ય પૂર્વના યુદ્ધે આ સમસ્યાને વધુ વિકટ બનાવી છે. તેથી સમયસર પગલાં લેવા જરૂરી છે. સરકાર, ઉદ્યોગજગત અને નૌકાદળે સાથે મળીને કામ કરવું પડશે. તો જ ભારત આ સંકટમાંથી બહાર નીકળી શકશે અને ભવિષ્યમાં આવા પડકારોનો સામનો કરી શકશે.

# વેસ્ટ ઈન્ડિઝ સામેની વનડે શ્રેણી વ્યક્તિગત સિદ્ધિઓની દ્રષ્ટિએ રોહિત અને કોહલી માટે ખાસ

તિરુવનંતપુરમ,

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ત્રણ મેચની વનડે શ્રેણી ૨૭ સપ્ટેમ્બરથી શરૂ થવાની છે. આ શ્રેણીમાં ક્રિકેટ ચાહકો ફરી એકવાર રોહિત શર્મા અને વિરાટ કોહલી પર ધ્યાન કેન્દ્રિત કરશે. બંને દિગ્ગજો ટેસ્ટ અને ટી ૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યા છે અને હવે ફક્ત વનડે ક્રિકેટમાં રમી રહ્યા છે. તેથી, વેસ્ટ ઈન્ડિઝ સામેની આ શ્રેણી વ્યક્તિગત સિદ્ધિઓની દ્રષ્ટિએ બંને માટે ખાસ હોઈ શકે છે. રોહિત અને વિરાટ પાસે ઘણા મોટા રેકોર્ડ બનાવવાની તક છે.

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની પહેલી વનડે ૨૭ સપ્ટેમ્બરે તિરુવનંતપુરમમાં રમાશે. બીજી મેચ ૩૦ સપ્ટેમ્બરે ગુવાહાટીમાં અને ત્રીજી મેચ ૩ ઓક્ટોબરે ન્યૂ ચંદીગઢમાં રમાશે. ૨૦૨૭ના વનડે વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને ભારતીય ટીમ માટે પણ આ શ્રેણી મહત્વપૂર્ણ માનવામાં આવે છે.રોહિત શર્મા હાલમાં વનડે ક્રિકેટમાં ૧૨,૦૦૦ રન પૂરા કરવાની ખૂબ નજીક છે. તેણે અત્યાર સુધી ૨૮૮ વનડે મેચમાં ૧૧,૮૯૫ રન બનાવ્યા છે. તેને આ સીમાચિહ્ન સુધી પહોંચવા માટે ૧૦૫ રનની જરૂર છે. જો રોહિત વેસ્ટ ઈન્ડિઝ સામે આ સિદ્ધિ હાંસલ કરે છે, તો તે તેની વનડે કારકિર્દીમાં વધુ એક મોટો અધ્યાય ઉમેરશે.રોહિત શર્મા પાસે ઓપનર તરીકે વનડે ક્રિકેટમાં



૧૦,૦૦૦ રન પૂરા કરવાની પણ તક છે. આ સીમાચિહ્ન સુધી પહોંચવા માટે, તેને વધુ ૧૩૫ રન બનાવવાની જરૂર છે. રોહિતે લાંબા સમયથી વનડે ક્રિકેટમાં ભારતીય ઈનિંગ્સની શરૂઆત કરી છે અને આ ભૂમિકામાં ઘણા નોંધપાત્ર રેકોર્ડ ધરાવે છે.રોહિત શર્મા પાસે વેસ્ટ ઈન્ડિઝ સામે વનડે ક્રિકેટમાં વધુ એક સદી ફટકારવાની તક હશે. આ સદી તેને વેસ્ટ ઈન્ડિઝ સામે ભારતીય ઓપનર તરીકે સૌથી વધુ વનડે સદીના રેકોર્ડની નજીક લઈ જશે. રોહિતે જુલાઈમાં લોર્ડ્સમાં ઈંગ્લેન્ડ સામે શાનદાર સદી ફટકારીને પોતાનું ફોર્મ પણ દર્શાવ્યું હતું. ૩૯ વર્ષની ઉંમરે ફટકારેલી તે સદી તેની કારકિર્દીની સૌથી મહત્વપૂર્ણ ઈનિંગ્સમાંની એક હતી.રોહિત શર્મા ટીમ ઈન્ડિયાની જીતની મેચોમાં ઓપનર તરીકે સૌથી વધુ રન બનાવનારા બેટ્સમેનોની યાદીમાં એક મુખ્ય સીમાચિહ્નની નજીક પણ છે. આ રેકોર્ડ હાંસલ કરવા માટે, તેને જીતમાં વધુ ૩૮ રન બનાવવાની જરૂર છે. વેસ્ટ ઈન્ડિઝ સામેની ત્રણ મેચની શ્રેણીમાં તેની પાસે આ આંકડાને પાર કરવાની તક હશે.

# ટીમ ઈન્ડિયાના સ્તર સુધી પહોંચવું પાકિસ્તાની ક્રિકેટ ટીમ માટે એક મોટો પડકાર : પાકિસ્તાની મુખ્ય કોચ

ઈસ્લામાબાદ,

ભારતીય મર્યાદિત ઓવરની ટીમના પ્રદર્શનની હાલમાં વિશ્વ ક્રિકેટમાં દરેક જગ્યાએ ચર્ચા થઈ રહી છે, અને હવે વર્તમાન પાકિસ્તાની મુખ્ય કોચ માઈક હેસનનું નામ પણ ચર્ચામાં ઉમેરવામાં આવ્યું છે. તાજેતરના એક નિવેદનમાં, માઈક હેસને ભારતીય ટીમને મર્યાદિત ઓવરના ફોર્મેટમાં એક બેન્ચમાર્ક ગણાવી હતી અને જાપાનમાં એશિયન ગેમ્સની તૈયારીઓ દરમિયાન આ અંતરને દૂર કરવા માટે તેમની ટીમને પડકાર ફેંક્યો હતો. ૨૦૨૬ એશિયન ગેમ્સ માટે રવાના થતા પહેલા કરાચીમાં એક પ્રેસ કોન્ફરન્સમાં બોલતા, માઈક હેસને જણાવ્યું હતું કે ભારતીય ટીમ હાલમાં સફેદ બોલ ક્રિકેટમાં બેન્ચમાર્ક છે, અને અમારો પડકાર તેમના સ્તર સુધી પહોંચવાનો છે.

જાપાનના નાગોયામાં પુરુષોની ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૪ સપ્ટેમ્બરથી શરૂ થઈ હતી. પાકિસ્તાન ૨૮ સપ્ટેમ્બરના રોજ હોંગકોંગ, ઓમાન અથવા મલેશિયાના પૂલ બી વિજેતા સામે પોતાનો પહેલો મેચ, ક્વાર્ટર-ફાઈનલ સ્ટેજ રમશે. ભારતનો સામનો કરવાની તેમની શક્યતા મેડલ રાઉન્ડમાં થવાની શક્યતા છે. ટીમ ઈન્ડિયા સામે મેચની શક્યતા અંગેના પ્રશ્નના જવાબમાં, પાકિસ્તાનના મુખ્ય કોચ માઈક હેસને કહ્યું, "અમે ચોક્કસપણે સંપૂર્ણ તૈયારી કરી રહ્યા છીએ, અને જો અમને ભારત સામે રમવાની તક મળશે, તો અમે તેમના પર દબાણ લાવવા માટે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું."પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ૨૦૨૬ એશિયન ગેમ્સ માટે ટીમની જાહેરાત ખૂબ અગાઉથી કરી હતી, જેમાં તેમના આક્રમક બેટ્સમેન સાહિબજાદા ફરહાનને કેપ્ટનશીપ સોંપવામાં આવી હતી. વધુમાં, સેમ અયુબ અને અબરાર અહેમદને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. ૨૦૨૩ એશિયન ગેમ્સમાં ક્રિકેટ પણ યોજાઈ હતી, જ્યાં પાકિસ્તાની ટીમ બ્રોન્ઝ મેડલ મેચ માટે ક્વોલિફાય થઈ હતી, પરંતુ બાંગ્લાદેશ સામે હારી ગઈ હતી.

# ભારત સામે ટી૨૦ શ્રેણી માટે ન્યુઝીલેન્ડે ૧૬ સભ્યોની ટીમ જાહેર કરી : સેન્ટનર નેતૃત્વ કરશે

વેલિંગ્ટન,

ન્યૂઝીલેન્ડે ભારત સામે આગામી પાંચ મેચની ટી ૨૦ શ્રેણી માટે ૧૬ સભ્યોની ટીમની જાહેરાત કરી છે. સફેદ બોલના કેપ્ટન મિશેલ સેન્ટનર ટીમનું નેતૃત્વ કરશે. શ્રેણીની પહેલી મેચ ૨૨ ઓક્ટોબરે ક્રાઈસ્ટચર્ચના હેગલી ઓવલ ખાતે રમાશે. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે પાંચ મેચની ટી ૨૦ શ્રેણી ૧૧ દિવસમાં ચાર શહેરોમાં રમાશે. તે ભારતના ન્યૂઝીલેન્ડ પ્રવાસનો એક ભાગ છે, જેમાં પાંચ ટ્ર્ઈ અને બે ટેસ્ટ મેચનો પણ સમાવેશ થાય છે. ન્યૂઝીલેન્ડ ક્રિકેટ અનુસાર, આ પ્રવાસ માટે અત્યાર સુધીમાં ૭૬,૦૦૦ થી વધુ ટિકિટ વેચાઈ ગઈ છે.ભારત સામે ટી ૨૦ વર્લ્ડ કપ ફાઈનલ રમનાર ટીમના ૧૩



ખેલાડીઓની આગામી શ્રેણી માટે પસંદગી કરવામાં આવી છે. માઈકલ બ્રેસવેલ અને ફાસ્ટ બોલર એડમ મિલ્ને, જેઓ ઈજાને કારણે વર્લ્ડ કપમાંથી બહાર થઈ ગયા હતા, તેઓ ટીમમાં પાછા ફર્યા છે. ૩૪ વર્ષીય મિલ્ને અત્યાર સુધીમાં ૨૪૩ ટી ૨૦ મેચ રમી છે, જેમાં ૫૬ આંતરરાષ્ટ્રીય મેચનો સમાવેશ થાય છે. તે એક વર્ષથી વધુ સમય પછી ન્યુઝીલેન્ડ ટીમમાં પાછો ફર્યો છે. ફાસ્ટ બોલિંગ આક્રમણમાં લોકી ફર્ગ્યુસન, મેટ હેનરી, કાયલ જેમીસન અને જેકબ ડફી જેવા અનુભવી બોલરોનો સમાવેશ થાય છે. જેક્સ ફોલ્કેસ અને નાથન સ્મિથ ટીમમાં યુવા ફાસ્ટ બોલર છે.ઓલરાઉન્ડર રચિન રવિન્દ્ર જમણા ખભાના ડિસપ્લેસ્ડને કારણે ટી ૨૦ શ્રેણી ગુમાવશે. ગયા અઠવાડિયે એક પ્રમોશનલ ઈવેન્ટ દરમિયાન તેને ઈજા થઈ હતી. તે લગભગ છ અઠવાડિયામાં રિહેબિલિટેશન પૂર્ણ કરે તેવી અપેક્ષા છે અને ૪ નવેમ્બરથી શરૂ થનારી વનડે શ્રેણી માટે વાપસી કરવાનું લક્ષ્ય ધરાવે છે.ટી૨૦ વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કરનારા ફિન એલન અને ટિમ સીફર્ટ ફરી એકવાર ન્યુઝીલેન્ડ માટે ઈનિંગની શરૂઆત કરશે. ટી ૨૦ વર્લ્ડ કપ પછી આ પહેલી વાર હશે જ્યારે તેઓ એકસાથે ઈનિંગની શરૂઆત કરશે. એલને દક્ષિણ આફ્રિકા સામેની સેમિફાઈનલમાં માત્ર ૩૩ બોલમાં અણનમ સદી ફટકારી હતી. દરમિયાન, સેફર્ટે ૩૩ બોલમાં ૫૮ રન બનાવ્યા હતા, જેનાથી ન્યૂઝીલેન્ડને નવ વિકેટથી મેચ જીતવામાં મદદ મળી હતી. સેફર્ટને ધ હન્ડ્રેડમાં પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ પણ જાહેર કરવામાં આવ્યો હતો. તેણે ૧૬૮ ના સ્ટ્રાઈક રેટથી ૩૯૪ રન બનાવ્યા હતા, જેમાં ફાઈનલમાં ૩૮ બોલમાં ૭૨ રનનો મેચવિનિંગ રનનો સમાવેશ થાય છે. ફાસ્ટ બોલર બેન સીયર્સ પગની ઘૂંટીની ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યા હોવાથી તેમને પસંદગી માટે ધ્યાનમાં લેવામાં આવ્યા નથી.

# ભારત વિરુદ્ધ વેસ્ટ ઈન્ડિઝ વનડે શ્રેણી વિરાટ કોહલીનું કેરળમાં ભવ્ય સ્વાગત

તિરુવનંતપુરમ,

ટીમ ઈન્ડિયાનો સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી તિરુવનંતપુરમ પહોંચ્યો. વેસ્ટ ઈન્ડીઝ સામેની આગામી ત્રણ મેચની વનડે શ્રેણી પહેલા કોહલી કેરળ પહોંચતા તેના ચાહકો ખૂબ જ ઉત્સાહિત થયા હતા. તેમના મનપસંદ ક્રિકેટરની એક ઝલક જોવા માટે એરપોર્ટ પર મોટી સંખ્યામાં ચાહકો એકઠા થયા હતા. આગમન પર, સુરક્ષા કર્મચારીઓએ કોહલીને ટર્મિનલની બહાર લઈ ગયા. ત્યારબાદ તે ટીમ ઈન્ડિયાના હોટલ તરફ આગળ વધ્યો, જ્યાં હોટલ સ્ટાફ દ્વારા પરંપરાગત રીતે તેમનું સ્વાગત કરવામાં આવ્યું.



ભારત અને વેસ્ટ ઈન્ડીઝ વચ્ચે ત્રણ મેચની વનડે શ્રેણીની પહેલી મેચ ૨૭ સપ્ટેમ્બરે તિરુવનંતપુરમના ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાશે. બીજી વનડે ૩૦ સપ્ટેમ્બરે ગુવાહાટીમાં અને ત્રીજી ૩ ઓક્ટોબરે મુલ્લાનપુરમાં રમાશે. ૨૦૨૭ના વનડે વર્લ્ડ કપ માટે ભારતની તૈયારીઓમાં આ શ્રેણીને મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

વિરાટ કોહલી અને રોહિત શર્માની વનડે ટીમમાં હાજરીથી આ શ્રેણીમાં ચાહકોનો રસ વધ્યો છે. બંને અનુભવી ખેલાડીઓ ગયા વર્ષે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યા છે, પરંતુ વનડે ક્રિકેટમાં તેમનો પ્રવાસ ચાલુ છે. ૨૦૨૭ના વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને, બંને ખેલાડીઓના ભવિષ્ય વિશે સતત ચર્ચા થઈ રહી છે. પસંદગીકારો યુવા ખેલાડીઓને પણ અજમાવી રહ્યા છે, પરંતુ હાલ પૂરતું, કોહલી અને રોહિતને વેસ્ટ ઈન્ડીઝ સામેની ટ્ર્ઈ શ્રેણી માટે ટીમમાં જાળવી રાખવામાં આવ્યા છે.

ભારતીય વનડે ટીમમાં કોહલી અને રોહિતની ભૂમિકા અંગે પ્રશ્નો ચાલુ રહે છે. દરમિયાન, ટીમ મેનેજમેન્ટ અને પસંદગીકારો પણ યુવાન વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે.

# એફઆઈઆર ફેમ અભિનેતા ઈશ્વર ઠાકુર કિડનીની ગંભીર બીમારીને કારણે થાણેની હોસ્પિટલમાં દાખલ

મુંબઈ,

"ભાભી જી ઘર પર હૈ!" અને એફઆઈઆર જેવા લોકપ્રિય કોમેડી શોમાં પોતાના દોષરહિત કોમિક ટાઈમિંગથી દર્શકોને મંત્રમુગ્ધ કરનારા અભિનેતા ઈશ્વર ઠાકુર હાલમાં ગંભીર મુશ્કેલીમાં છે. ૫૪ વર્ષીય ઈશ્વર ઠાકુરને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અભિનેતાને કિડનીની બીમારીને કારણે થાણેની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમની હાલત એટલી ગંભીર છે કે તેમને આઈસીયુમાં રાખવામાં આવ્યા છે. ઈશ્વર ઠાકુર લાંબા સમયથી કિડની સંબંધિત સમસ્યાઓ સામે ઝઝૂમી રહ્યા છે, અને આ તેમનું નવમું હોસ્પિટલમાં દાખલ થવાનું છે, જેના કારણે તેમના પરિવાર



માટે તેમની સારવારનો ખર્ચ ઉઠાવવો એક મોટો પડકાર બની ગયો છે.વર્ષોથી પ્રેક્ષકોને હસાવનારા ઈશ્વર ઠાકુર લાંબા સમયથી કિડનીની ગંભીર સમસ્યા સામે ઝઝૂમી રહ્યા છે. તેમની બહેન જયશ્રીએ તેમના સ્વાસ્થ્ય વિશે એક અપડેટ શેર કર્યું, જેમાં જણાવ્યું હતું કે તેમને ૨૦૨૦ માં સ્વાસ્થ્ય સમસ્યાઓનો અનુભવ થવા લાગ્યો હતો. તેઓ ડાયાબિટીસથી પણ પીડાતા હતા. તેમના પગમાં એક ઘા થયો હતો જે ડાયાબિટીસને કારણે મટ્યો નહીં, અને ચેપ ધીમે ધીમે વધુ ખરાબ થતો ગયો, જેના કારણે તેમનું સ્વાસ્થ્ય બગડતું ગયું. આના કારણે અન્ય અવયવો સાથે વધુ ગૂંચવણો ઉભી થઈ. ઈશ્વરને પણ કિડનીની સમસ્યા છે, અને હવે તેમનું લીવર પણ ખરાબ થઈ રહ્યું છે.ઈશ્વર ઠાકુરની બહેન, જયશ્રીએ ઈશ્વર ઠાકુરના સ્વાસ્થ્ય વિશે એચટી સિટી સાથે વાત કરી. તેણીએ કહ્યું, "ઈશ્વર મારો મોટો ભાઈ છે. આ બધું ૨૦૨૦ માં કોવિડ લોકડાઉનના ત્રણ મહિના પહેલા પગમાં થયેલી ઈજાથી શરૂ થયું હતું. તેને ડાયાબિટીસ છે, જેના કારણે તેના પગ પરનો ઘા રૂઝાયો ન હતો.

# અમિષા પટેલે નિર્માતાઓના પૈસા પર ભવ્ય જીવન જીવતી અભિનેત્રીઓની ટીકા કરી

મુંબઈ,

બોલીવુડ અભિનેત્રી અમીષા પટેલ ઘણીવાર તેના નિવેદનો માટે હેડલાઈન્સમાં રહે છે. અમીષા ઘણીવાર વર્તમાન અભિનેત્રીઓ પર કટાક્ષ કરે છે, અને ફરી એકવાર આવું જ કંઈક બન્યું છે. તાજેતરમાં, તેણીએ એક પોસ્ટ શેર કરી જેમાં તેણીએ નવી અભિનેત્રીઓને નિશાન બનાવી છે જે પોતાને "સુપરસ્ટાર" અને "નંબર ૧" કહેવાનું પસંદ કરે છે. હવે, ફરી એકવાર, તેણીએ વર્તમાન અભિનેત્રીઓને નિશાન બનાવી છે, અને કહ્યું છે કે તેમને "સ્ટારડમનો ભ્રમ" છે.

અમીષા પટેલ સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય છે અને ઘણીવાર એક્સ (અગાઉ ટ્વિટર)



પર પ્રશ્ન-જવાબ સત્રો દ્વારા તેના ચાહકો સાથે વાતચીત કરે છે. તાજેતરમાં, તેણીએ બીજું "આસ્ક મી એનિથિંગ" સત્ર યોજ્યું હતું, જેમાં તેના ચાહકોના ઘણા પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

આ સત્ર દરમિયાન, એક યુઝરે અમીષાને વર્તમાન અભિનેત્રીઓ અને તેમની મોટી ટીમો વિશે પૂછ્યું. યુઝરે તેને આજના કલાકારોની મોટી ટીમો અને નિર્માતાઓ પર તેમની ટીમોના વધતા ખર્ચ વિશે પૂછ્યું. અમીષાએ અભિનેત્રી પર કટાક્ષ કરતા કહ્યું કે ક્યારેક ફિલ્મ પ્રમોશન દરમિયાન આ કલાકારોની ટીમોનો ખર્ચ ફિલ્મના શરૂઆતના દિવસની કમાણી કરતાં વધી જાય છે.

એક યુઝરે અમીષાને પૂછ્યું, "મૅડમ, તમે એવા ઘણા સ્ટાર્સ વિશે શું વિચારો છો જે નિર્માતાના ખર્ચે તેમના શૂટિંગમાં મોટી સંખ્યામાં એક્સ્ટ્રા કલાકારો સાથે લાવે છે? શું આ સાચું છે?"

જવાબમાં, અમીષાએ કહ્યું, "ઘણી અભિનેત્રીઓ તેમના સ્ટારડમ વિશે ભ્રમિત હોય છે. ફિલ્મ પ્રમોશન દરમિયાન તેમની સાથે રહેતી ટીમ (નિર્માતા દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે) ફિલ્મના શરૂઆતના દિવસની કમાણી કરતા મોટી હોય છે. મને આશા છે કે તેમના રોજિંદા જીવનમાં તેમની સાથે આવી જ ટીમ હશે, ભલે તેમના ખર્ચને પહોંચી વળવા માટે કોઈ નિર્માતા ન હોય."દરમિયાન, એક યુઝરે અમીષાને તેના આગામી પ્રોજેક્ટ વિશે પૂછ્યું અને શું તે ઓટીટી પ્લેટફોર્મ પર વેબ સિરીઝમાં દેખાઈ શકે છે. જવાબમાં, અમીષાએ કહ્યું કે તે મફત ફિલ્મ અથવા ૯૯ રૂપિયાની ટિકિટનો ભાગ બનવા માંગતી નથી. તે ખરાબ ફિલ્મનો ભાગ બનવા કરતાં વર્ષમાં એકવાર 'ગદર' બનાવવાનું પસંદ કરશે.

અમીષા પટેલ છેલ્લે "ગદર ૨" માં જોવા મળી હતી. જે ૨૦૨૩ માં સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી અને બોક્સ ઓફિસ પર સફળ રહી હતી. તેણીએ ફરી એકવાર ફિલ્મમાં સકીનાની ભૂમિકા ભજવી હતી, જેમાં સની દેઓલે તારા સિંહની ભૂમિકા ભજવી હતી.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રી | ળો | બિ | વિ | અ | ત | લ | ગુ | મા | ન | ળ | ચ |
| કા | કા | ર | કી | અં | કી | ગ | લા | ધ | ક | ધ | ક |
| મ | ધ | ળ | ળો | કા | ડ | પ્રા | મ | અ | આ | ન | ચા |
| સ | ભો | રા | ડ | ન | મ | બં | ળ | તી | ગ | ક્રો | ર |
| શિ | ચી | ગ | જ્ઞા | મ | રો | હા | આ | ત | જી | ધ | બ |
| ગ | બૂ | ન | ણ | ખ | રી | તા | પ | સ | ક | લ | મો |
| ક | ઝ | સા | ક | કા | બા | જ્ઞા | દ | ક | સ | જ | ગુ |
| ખ | અ | લ | ભો | જ | મા | ર | બ | ઈ | ક | કા | મ |
| અ | ક્રો | પ્રા | ન | ક્ષ | કી | ગી | રો | રા | દ | વા | ના |
| ચ | ળ | આ | સા | લી | આ | લ | પ્ર | બ | હા | બિ | મ |
| હા | મ | ક | ળ | બં | ળો | ર | ક્રો | હિ | સા | શ | કુ |
| વા | ન | ચી | આ | બા | ર | ચી | ક | દ | ણિ | ગી | સ |

શબ્દ શોધો: ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

# ફિલ્મનો ઈન્ટિમેટ સીન લીક થતા રાધિકા આપ્ટે ડરના કારણે ચાર દિવસ સુધી ઘરમાં બંધ રહી હતી



મુંબઈ,

ફિલ્મો અને શ્રેણીઓમાં બોલ્ડ અને ઈન્ટિમેટ સીન દર્શાવવા બદલ ફિલ્મ નિર્માતાઓ અને કલાકારોને ઘણીવાર ભારે વિરોધનો સામનો કરવો પડે છે. ઘણા કલાકારો તેમના બોલ્ડ સીન માટે દર્શકો તરફથી ટીકાનો ભોગ બન્યા છે. "ગેહરિયાં" માં દીપિકા પાદુકોણ અને સિદ્ધાંત ચતુર્વેદીના હોટ સીન પણ ઘણો વિવાદ ઉભો કર્યો હતો. એ જ રીતે, રાધિકા આપ્ટે પણ ફિલ્મોમાં તેના બોલ્ડ દ્રશ્યો માટે ટ્રોલર્સ દ્વારા નિશાન બનાવવામાં આવી છે. આ બોલ્ડ દ્રશ્યોને કારણે, રાધિકા આપ્ટેના જીવનમાં એક એવો સમય આવ્યો જ્યારે તેણીએ પોતાને ઘરમાં બંધ કરી દીધી. આ ઘટના ત્યારે બની જ્યારે એક ફિલ્મના તેના ખાનગી ફૂટેજ તેની પરવાનગી વિના લીક થઈ ગયા. આની રાધિકા આપ્ટે પર ઊંડી અસર પડી.

રાધિકા આપ્ટે હાલમાં "લસ્ટ સ્ટોરીઝ ૩" માટે સમાચારમાં છે, જે તાજેતરમાં નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થઈ હતી. લસ્ટ સ્ટોરીઝ ૩ માં રાધિકાનો બોલ્ડ અવતાર પણ દર્શાવવામાં આવ્યો છે. દરમિયાન, ઈન્ડિયા ટુડે સાથેના એક ઈન્ટરવ્યુમાં, રાધિકા આપ્ટેએ તેના જીવનના એક તબક્કા વિશે વાત કરી જ્યારે તેણીએ પોતાને ઘરમાં બંધ કરી દીધી હતી અને ફિલ્મનો તેનો ખાનગી વીડિયો લીક થયા પછી ચાર દિવસ સુધી બહાર ન આવી. તેણીએ વાતચીતમાં કહ્યું કે ફિલ્મમાં ઈન્ટિમેટ સીન ફિલ્માવવો એ એક વ્યાવસાયિક નિર્ણય હોઈ શકે છે, પરંતુ પરવાનગી વિના ફૂટેજ રિલીઝ કરવાથી સમસ્યાઓ ઊભી થઈ શકે છે.

# રણબીર કપૂરના પિતરાઈ ભાઈ આદર જૈને દોઢ વર્ષ પછી લગ્ન રજીસ્ટર કરાવ્યા

મુંબઈ,

અભિનેતા રણબીર કપૂરના પિતરાઈ ભાઈ આદર જૈને જાન્યુઆરી ૨૦૨૫ માં અલેખા અડવાણી સાથે લગ્ન કર્યા હતા. આ દંપતીએ ગોવામાં ડેસ્ટિનેશન વેડિંગ કર્યું હતું, જેમાં ફક્ત કપૂર પરિવારના સભ્યો અને થોડા નજીકના મિત્રો હાજર રહ્યા હતા. ગોવામાં તેમના શ્વેત લગ્ન પછી, આદર અને અલેખાએ ફેબ્રુઆરી ૨૦૨૫ માં મુંબઈમાં હિન્દુ વિધિઓ અનુસાર લગ્ન કર્યા, જેમાં બોલિવૂડ સ્ટાર્સ હાજર રહ્યા હતા. હવે, તેમના લગ્નના લગભગ દોઢ વર્ષ પછી, અલેખા અને આદરે સત્તાવાર રીતે તેમના લગ્નની નોંધણી કરાવી છે. બુધવારે, આ દંપતીએ સોશિયલ મીડિયા પર એક સંયુક્ત પોસ્ટમાં આ સમાચાર શેર કર્યા.

આદર જૈને અલેખા અડવાણી સાથેના તેમના લગ્ન નોંધણીના ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા. લગ્ન નોંધણી સમારોહના ફોટા શેર કરતા, તેમણે કેપ્શનમાં લખ્યું, "ટ્રાયલ પીરિયડઃ સમાપ્ત. કોઈ વળતર નહીં, કોઈ વિનિમય નહીં, કોઈ રિફંડ નહીં! સત્તાવાર રીતે શ્રી અને શ્રીમતી જૈન! આખરે હું જેને પ્રેમ કરું છું તેની સાથે તેને કાયદેસર બનાવ્યો.



અમને આશીર્વાદ આપવા બદલ ગણપતિ બાપ્પાનો આભાર." દંપતીના પરિવાર, મિત્રો અને ચાહકોએ પોસ્ટ પર ટિપ્પણી કરી, તેમને અભિનંદન આપ્યા.

આદર અને અલેખાએ ૨૦૨૫ની શરૂઆતમાં ગોવામાં એક પાર્ટી સાથે તેમના લગ્નની ઉજવણી શરૂ કરી હતી અને ત્યારબાદ ૧૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સફેદ લગ્ન કર્યા હતા. કપૂર પરિવારના લગભગ બધા સભ્યો લગ્નમાં હાજર રહ્યા હતા. આદરની માતા રીમા જૈન, ભાઈ અરમાન જૈન, કાકી નીતુ કપૂર, પિતરાઈ બહેન કરિશ્મા કપૂર અને ભત્રીજી સમાયરા કપૂર સહિત કપૂર પરિવારના ઘણા સભ્યો લગ્નમાં હાજર રહ્યા હતા.

# રાજકોટ પ્રાદેશિક માહિતી કચેરીના કર્મયોગીઓએ સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત ઉત્સાહભેર શ્રમદાન કર્યું

## અધિકારીઓ-કર્મચારીઓએ આંતરિક વિભાગો અને આજુબાજુના પરિસરની સઘન સફાઈ કરી : વૃક્ષારોપણ થકી પર્યાવરણ જતનનો સંદેશ આપ્યો



તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ:'જનસેવાથી રાષ્ટ્રસેવા'ના ૨૫ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં રાજયભરમાં 'સેવા સંકલ્પ અભિયાન' ચાલી રહ્યું છે. જેના અંતર્ગત 'સેવા મારુ યોગદાન' કાર્યક્રમ હેઠળ પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટના કર્મયોગીઓએ સ્વચ્છતા જાળવણી માટે શ્રમદાન કર્યું હતું. માહિતી કચેરીના અધિકારીઓ તેમજ કર્મચારીઓએ 'સ્વચ્છ કાર્યસ્થળ, હરિયાળું પરિસર'ના ઉમદા ધ્યેય સાથે ઉત્સાહભેર પર્યાવરણ જતનની નૈતિક ફરજ નિભાવી હતી. આ તકે સંયુક્ત માહિતી નિયામક મિતેશ મોડાસીયા, નાયબ માહિતી નિયામક પ્રશાંત ત્રિવેદી સહિત તમામ કર્મયોગીઓએ જ્યુબિલી બાગમાં કચેરી પરિસર તેમજ તેની આસપાસના વિસ્તારોને ચોખ્ખાચણાક કર્યા હતા. જેમાં સાહિત્યના સંગ્રહ માટે ઉપયોગમાં લેવાતા ઘુમલી હોલ તેમજ નવગ્રહ મંદિરની આજુબાજુના વિસ્તારમાં સઘન સાફસફાઈ કરીને કચરાના યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉપરાંત, ગત તા. ૨૩ના રોજ કચેરીના સંપાદન, વહીવટ, ટેક્નિકલ સહિત તમામ વિભાગોની આંતરિક સફાઈ કરવામાં આવી હતી.

# રાજકોટ મનપાએ ત્રણે ઝોનમાં ૨૯૪ બોર રીચાર્જ કર્યાનો દાવો: પૂર્વ ઝોનમાં સૌથી વધુ ૧૫૫ બોર કર્યા

રાજકોટ,

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશને એક વર્ષમાં અલગ અલગ વિસ્તારમાં રૂ.૨૪.૬૪ લાખના ખર્ચે ૨૯૪ બોર રિચાર્જ કર્યા છે. જેમાં પૂર્વ ઝોનમાં ૧૫૫, મધ્ય ઝોનમાં ૮૫ અને નવા રાજકોટના પશ્ચ્રિમ ઝોનમાં ૫૪ બોર રિચાર્જ કરવામાં આવ્યા છે.

શહેરના વેસ્ટ ઝોનમાં વોર્ડ નં.૧માં ૧૫, વોર્ડ નં.૮માં ફક્ત પાંચ, વોર્ડ નં.૯માં સાત, વોર્ડ નં.૧૦માં ૨૭, વોર્ડ નં.૧૧માં શૂન્ય, વોર્ડ નં.૧૨માં શૂન્ય બોર રિચાર્જ કરવામાં આવ્યા છે જેમાં ઝોનલ એજન્સી મારફતે બે અને સંસ્થા મારફતે બાવન મળી કુલ ૫૪ બોર રિચાર્જ કરવામાં આવ્યા છે. સેન્ટ્રલ ઝોનમાં વોર્ડ નં.૨માં ૩૪, વોર્ડ નં.૩માં ૧૯, વોર્ડ નં.૭માં ફક્ત ચાર, વોર્ડ નં.૧૩માં ૬, વોર્ડ નં.૧૪માં ૮, વોર્ડ નં.૧૭માં ૧૪ બોર રિચાર્જ કરવામાં આવ્યા છે. જેમાં સંસ્થા મારફતે ૬૪ અને ઝોનલ એજન્સી મારફતે ત્રણ મળી કુલ ૮૫ બોર રિચાર્જ કરવામાં આવ્યા છે.તો ઈસ્ટ ઝોનમાં વોર્ડ નં.૪માં ૩૨, વોર્ડ નં.૫માં ૯, વોર્ડ નં.૬માં ૪૧, વોર્ડ નં.૧૫માં ૧૭, વોર્ડ નં.૧૬માં ૧૪, વોર્ડ નં.૧૮માં ૪૨ બોર રિચાર્જ કરવામાં આવ્યા છે જેમાં ૫૮ સંસ્થા મારફતે અને ૯૭ એજન્સી પાસે મળીને સમગ્ર ઝોનમાં કુલ ૧૫૫ બોર રિચાર્જ કરવામાં આવ્યા છે.

રાજકોટમાં અપુરતા વરસાદ વચ્ચે આજી ડેમમાં સૌની યોજનાનું પાણી શરૂ થતા હાલ ડેમની સપાટી ૨૨.૩૦ ફુટની છે અને ડેમની કુલ ઉંડાઇ ૨૯ ફુટ છે. ૨૫.૧૦ ફુટના ન્યારી-૧ ડેમમાં પણ સૌનીનું પાણી શરૂ થતા ૦.૧૬ ફુટના વધારા સાથે લેવલ ૧૭.૬૦ ફુટ પર છે. શહેરને રોજ ૪૦ એમએલડી પાણી આપતા ૩૪ ફુટના ભાદર-૧ ડેમની સપાટી હાલ ૧૭.૨૦ ફૂટ છે, ટકાવારીની દ્રષ્ટિએ ડેમમાં ફક્ત ૨૦.૩૫ ટકા જળ સંગ્રહ થયો છે. મનપા દ્વારા છેલ્લા વર્ષમાં બોર રીચાર્જની કામગીરીમાં સંસ્થા મારફતે ૧૭૪ બોર અને ઝોનલ એજન્સી મારફતે ૧૨૦ બોર રિચાર્જ કરાયાનું જણાવાયું છે.

# રાજકોટ જીલ્લામાં ખેલ મહાકુંભ માટે ૨.૬૪ લાખ ખેલાડીઓનું રજિસ્ટ્રેશન

## ગ્રામ્ય વિસ્તારમાંથી ૧,૫૫,૯૩૯ અને રાજકોટ શહેરમાંથી ૧,૦૮,૨૩૦ રજીસ્ટ્રેશન




રાજકોટ,

રાજકોટ જિલ્લામાં ખેલ મહાકુંભ-૨૦૨૬ને લઈને રમતવીરોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ઉપલબ્ધ વિગતો અનુસાર અત્યાર સુધીમાં કુલ ૨,૬૪,૧૬૯ રજીસ્ટ્રેશન નોંધાયા છે. જેમાં રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાંથી ૧,૫૫,૯૩૯ અને રાજકોટ શહેરમાંથી ૧,૦૮,૨૩૦ રજીસ્ટ્રેશન નોંધાયા છે.

ખેલ મહાકુંભના રજીસ્ટ્રેશનમાં શાળા સ્તરના ખેલાડીઓ ઉપરાંત વ્યક્તિગત ખેલાડીઓ અને ટીમ આધારિત ભાગીદારોનો પણ સમાવેશ થાય છે. કુલ રજીસ્ટ્રેશનમાંથી ૬૩,૫૧૦ શાળાકક્ષાના રજીસ્ટ્રેશન, ૬૧,૭૩૨ પુરુષ ખેલાડીઓ અને ૪૬,૪૯૮ મહિલા ખેલાડીઓના રજીસ્ટ્રેશન નોંધાયા છે. આ ઉપરાંત ૪,૫૮૭ ટીમો અને ૧,૦૩,૬૪૩ વ્યક્તિગત ખેલાડીઓનું રજીસ્ટ્રેશન નોંધાયું છે.

આ આંકડા દર્શાવે છે કે ખેલ મહાકુંભમાં માત્ર શાળા સ્તરના ખેલાડીઓ જ નહીં પરંતુ વ્યક્તિગત રીતે રમતગમતમાં જોડાયેલા યુવાનો અને વિવિધ ટીમો પણ મોટી સંખ્યામાં ભાગ લઈ રહ્યા છે. રાજકોટ શહેર અને ગ્રામ્ય બંને વિસ્તારોમાંથી ખેલાડીઓની ભાગીદારી નોંધાતા સમગ્ર જિલ્લામાં રમતગમતની પ્રવૃત્તિઓને વેગ મળવાની શક્યતા છે.

ખેલ મહાકુંભ-૨૦૨૬ અંતર્ગત સ્પર્ધાઓને તબક્કાવાર યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપલબ્ધ આયોજન મુજબ પ્રથમ તબક્કામાં શાળા/ગ્રામ્ય કક્ષાની સ્પર્ધાઓ યોજાશે. ત્યારબાદ તાલુકા કક્ષાની સ્પર્ધાઓ, જિલ્લા/ મહાનગરપાલિકા કક્ષાની સ્પર્ધાઓ, જિલ્લા કક્ષાની ટીમ રમતની સ્પર્ધાઓ અને ત્યારબાદ રાજ્ય કક્ષાની સ્પર્ધાઓ યોજાશે.

આયોજન મુજબ ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૬થી ૨૧ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન શાળા અને ગ્રામ્ય કક્ષાની સ્પર્ધાઓ યોજાવાની છે. આ તબક્કામાં શાળા તથા ગ્રામ્ય વિસ્તારોના ખેલાડીઓ પોતપોતાની રમતની સ્પર્ધાઓમાં ભાગ લેશે.ત્યારબાદ ૨૫ ઓક્ટોબર ૨૦૨૬થી ૩૦ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન તાલુકા કક્ષાની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. તાલુકા કક્ષાએ વિવિધ રમતગમતની સ્પર્ધાઓ યોજાય બાદ આગળના તબક્કા માટે ખેલાડીઓની પસંદગી અને આયોજન કરવામાં આવશે. કુલ રજીસ્ટ્રેશનઃ ૨,૬૪,૧૬૯,રાજકોટ ગ્રામ્યઃ ૧,૫૫,૯૩૯,રાજકોટ શહેરઃ ૧,૦૮,૨૩૦,શાળા કક્ષાના રજીસ્ટ્રેશનઃ, ૬૩,૫૧૦,પુરુષ ખેલાડીઓઃ ૬૧,૭૩૨,મહિલા ખેલાડીઓઃ ૪૬,૪૯૮ ટીમો ૪,૫૮૭, વ્યક્તિગત ખેલાડીઓ ૧,૦૩,૬૪૩

# વિશ્વ વણિક અને જૈન વિઝનના 'સોનમ ગરબા'ને મળી રહેલો અભૂતપૂર્વ આવકારઃ ખેલૈયાઓમાં થનગનાટ

## કિશાનપરા ચોક ખાતે કાર્યાલયનું ભવ્ય ઉદ્ઘાટન સંપન્નઃ વિવિધ આગેવાનોની ઉપસ્થિતિમાં તૈયારીઓને આખરી ઓપ



રાજકોટઃ

વિશ્વ વણિક અને જૈન વિઝન દ્વારા આયોજિત 'સોનમ ગરબા-ને લઈને રાજકોટના ખેલૈયાઓમાં અત્યારથી જ ભારે ઉત્સાહ અને થનગનાટ જોવા મળી રહ્યો છે. તા. ૧૧ ઓક્ટોબરથી ૨૦ ઓક્ટોબર સુધી શીતલ પાર્ક ચોકડીથી આગળ, સિક્રેટ કિચન સામે ભવ્ય રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.આ ભવ્ય નવરાત્રી મહોત્સવને સફળ બનાવવા માટે વિશ્વ વણિક અને જૈન વિઝનની વિશાળ ટીમ દ્વારા તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ખેલૈયાઓને ઉત્તમ સુવિધાઓ મળી રહે તેમજ પરિવાર સાથે નવરાત્રીનો આનંદ માણી શકે તે માટે વિવિધ વ્યવસ્થાઓ અને આકર્ષણોનું આયોજન કરવામાં આવ્યું છે.'સોનમ ગરબા-૨૦૨૬'ના કાર્યાલયનું કિશાનપરા ચોક ખાતે રિટ્રો ફેમિલી કેફે ખાતે ભવ્ય ઉદ્ઘાટન થઈ ગયું છે. અમીધારા ડેવલોપર્સના જીતુભાઈ બેનાણીના હસ્તે કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, ભાજપના પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી, જાણીતા બિલ્ડર કિરીટભાઈ પટેલ સહિતના આગેવાનો તથા વિશ્વ વણિક અને જૈન વિઝનની વિશાળ ટીમ ખાસ ઉપસ્થિત રહી હતી.

વિશ્વ વણિકના સી.એમ. શેઠ, જૈન વિઝનના સુનિલ શાહ સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં આગામી દિવસોમાં યોજાનારી વિવિધ તૈયારીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી અને આયોજનને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.વર્ષોથી 'સોનમ ગરબા' સાથે જોડાયેલા ખેલૈયાઓમાં આ આયોજનને લઈને વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વિશ્વ વણિક અને જૈન વિઝન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પારિવારિક વાતાવરણ સાથે ચીહ-ઢને ધ્યાનમાં રાખીને પ્રીમિયમ નવરાત્રીનું આયોજન કરવામાં આવી રહ્યું છે.નવરાત્રીના દસ દિવસ દરમિયાન ગરબા, સંગીત, વિવિધ કલાકારો, વિશેષ આકર્ષણો તેમજ ખેલૈયાઓ માટેની સુવિધાઓ સહિતનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મોટી સંખ્યામાં ખેલૈયાઓ જોડાય તેવી સંભાવનાને ધ્યાનમાં રાખીને ટીમ દ્વારા સ્થળની વ્યવસ્થા, પાસ વિતરણ, પાર્કિંગ, સુરક્ષા સહિતની કામગીરીનું આયોજન કરવામાં આવી રહ્યું છે.કાર્યાલયના ઉદ્ઘાટન બાદ હવે 'સોનમ ગરબા-૨૦૨૬'ની તૈયારીઓ વધુ વેગવાન બની છે, ત્યારે રાજકોટના ખેલૈયાઓમાં પણ નવરાત્રીની આતુરતા સાથે ગરબાના તાલે ઝૂમવાનો થનગનાટ અત્યારથી જ જોવા મળી રહ્યો છે.

# રાજકોટ સિવિલ હોસ્પિટલ ઓર્થોપેડિક વિભાગમાં નવી આઈઆઈટીવી અને સોનોગ્રાફી મશીનની સુવિધાનું લોકાર્પણ



રાજકોટ,

રાજકોટ પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલ, રાજકોટના ઓર્થોપેડિક વિભાગમાં દર્દીઓને વધુ ઝડપી, સચોટ અને ગુણવત્તાસભર સારવાર મળી રહે તે હેતુથી નવી આઈઆઈટીવી મશીન તથા સોનોગ્રાફી મશીન ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

બંને આધુનિક તબીબી સાધનોનું આજે હોસ્પિટલ પરિસરમાં વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું હતું. લોકાર્પણ પ્રસંગે પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડો. કમલસિંહ ડોડીયા, પ્લાસ્ટિક સર્જરી વિભાગના વડા ડો. મોનાલી મકાડિયા, ઓર્થોપેડિક વિભાગના વડા ડો. શૈલેષ રામાવત, નર્સિંગ સુપરિન્ટેન્ડન્ટ નિરવ દુધરેજિયા, પ્રકાશ પ્રજાપતિ, ઓપરેશન થિયેટર ઈન્ચાર્જ સિસ્ટર નીતાબેન પટેલ, સિસ્ટર હંસાબેન સહિત તબીબી, નર્સિંગ તથા હોસ્પિટલ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. હોસ્પિટલમાં નવી આઈઆઈટીવી મશીનની સુવિધા શરૂ થતાં ઓપરેશન દરમિયાન શરીરના અંદરના ભાગોની રિયલ-ટાઈમ ઈમેજિંગ મેળવી શકાશે. ખાસ કરીને ઓર્થોપેડિક સર્જરી દરમિયાન જરૂરી પ્રક્રિયાઓ વધુ ચોકસાઈપૂર્વક કરવામાં આ મશીન તબીબો માટે ઉપયોગી સાબિત થશે. ઓપરેશન દરમિયાન શરીરની અંદરની સ્થિતિ અંગે તાત્કાલિક માહિતી મળતી હોવાથી સારવારની પ્રક્રિયામાં વધુ ચોકસાઈ લાવવામાં મદદ મળશે.

તે ઉપરાંત ઓર્થોપેડિક વિભાગમાં નવી સોનોગ્રાફી મશીન પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. જેના કારણે દર્દીઓની જરૂરી સોનોગ્રાફી તપાસ હોસ્પિટલમાં જ સરળતાથી અને સમયસર થઈ શકશે. દર્દીઓને તપાસ માટે બહારની ખાનગી સુવિધાઓ પર જવાની જરૂરિયાતમાં ઘટાડો થશે અને સારવારની પ્રક્રિયા વધુ સુગમ બનશે. આધુનિક સાધનોના કારણે દર્દીઓનું સમયસર નિદાન કરી યોગ્ય સારવાર શરૂ કરવામાં તબીબોને વધુ મદદ મળશે.

ખાસ કરીને ગંભીર ઈજા કે સર્જરીની જરૂરિયાત ધરાવતા દર્દીઓ માટે તપાસ અને સારવાર વચ્ચેનો સમય ઘટાડવામાં આ સુવિધાઓ મહત્વપૂર્ણ બની શકે છે. પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલમાં નવી તબીબી સુવિધાઓનો ઉમેરો દર્દીઓને કેન્દ્રમાં રાખીને આરોગ્યસેવા વધુ સુદઢ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. હોસ્પિટલ દ્વારા આધુનિક સાધનો ઉપલબ્ધ કરાવી દર્દીઓને એક જ સ્થળે જરૂરી તપાસ અને સારવારની સુવિધા મળી રહે તે માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# રાજકોટમાં પણ ગાંધીજયંતિએ "નો-યુપીઆઈ ડે "વેપારી સંગઠનોનું એલાન

## દેશભરમાં વેપારીઓ દ્વારા નો-યુપીઆઈ ડે ઉજવવાની જાહેરાતમાં રાજકોટના વિવિધ વેપારી સંગઠનોએ ટેકો જાહેર કર્યો




રાજકોટ,


આગામી તા.૨ ઓકટોબરને ગાંધીજયંતિના દિવસે દેશભરમાં વેપારીઓ દ્વારા નો-યુપીઆઈ ડે ઉજવવાની જાહેરાત કરી છે. તેને રાજકોટના વિવિધ વેપારી સંગઠનોએ ટેકો જાહેર કરી તા.૨ ઓકટોબરે નો-યુપીઆઈ ડે ઉજવવાની જાહેરાત કરી છે.

કેન્દ્ર સરકાર દ્વારા યુ.પી.આઇ પેમેન્ટ ઉપર લાદવામાં આવેલા એમ.ડી.આર.ના વિરોધમાં વેપારીઓએ ગાંધીજયંતિના દિવસથી લડત શરૂ કરવાની જાહેરાત કરી છે. રાજકોટ હોલસેલ ટેક્સટાઈલ મર્ચન્ટ એસો. દ્વારા બીજી ઓકટોબરે નો યુપીઆઈ ડેનું એલાન આપવામાં આવ્યુ છે અને આ દિવસે શહેરના નાના-મોટા તમામ વેપારીઓને યુપીઆઈનો ઉપયોગ કરવાના બદલે રોકડ વ્યવહાર જ કરવા અપીલ કરવામાં આવી છે.

વેપારીઓનુ કહેવુ છે કે, રાજકોટમાં લારી-ગલ્લા-પાથરણાવાળાથી માંડી હોલસેલ વેપાર કરતા ૮૦ ટકા વેપારીઓ દ્વારા યુ.પી.આઇ.થી જ વ્યવહારો કરવામાં આવી રહ્યા છે ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા અચાનક જાહેર કરવામાં આવેલા ચાર્જના કારણે વેપારીઓમાં ભારે મુંજવણ અને અસમંજસની સ્થિતિ પ્રવર્તી રહી છે.

યુ.પી.આઇ. વ્યવાહારો ઉપર ચાર્જ લાદવાનો દેશભરના વેપારીઓમાં વિરોધ ઉઠી રહ્યો છે અને ધીરે ધરી આ વિરોધ હવે આંદોલનનું સ્વરૂપ પકડી રહ્યો છે. આગામી તા.૧૫ ઓકટોબરથી નવા ચાર્જ અમલમાં આવે તે પહેલા આંદોલનના મંડાણ થઈ ગયા છે.

# રાજકોટની સરકારી આયુર્વેદિક હોસ્પિટલમાં આયુર્વેદ દિનની ઉજવણી : વિવિધ કાર્યક્રમો યોજાયા



રાજકોટ,

" આરોગ્યપ્રદ આવતીકાલ માટે આયુર્વેદની થીમ આધારિત ૧૧મા રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણીના ભાગરૂપે સરકારી આયુર્વેદિક હોસ્પિટલ, યુનિવર્સિટી રોડ, રાજકોટ દ્વારા જાહેર જનતાના સુખાયુ, દીર્ઘાયુ અને આરોગ્ય સુખાકારી માટે હોસ્પિટલ કેમ્પસ ખાતે વિવિધ પ્રવૃત્તિઓનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત આયોજિત 'મિલેટ સ્પર્ધા'માં એફએસએલ રાજકોટના મદદનીશ નિયામક ડો. દિશાબેન ચાંગેલા ખાસ ન્યાયાધીશ (જજ) તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને સ્પર્ધાના વિજેતાઓને પ્રોત્સાહિત કર્યા હતા.હોસ્પિટલના વડા વૈદ્ય ચૈતાલીબેન પરમારની યાદી મુજબ, આ આયોજનમાં ૧૯૦૦થી વધુ લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# રાજકોટના જંગલેશ્વર ડિમોલીશનની તપાસમાં એસઆઈટીની તપાસનો અહેવાલ આપવા કોંગ્રેસની માંગ

## તપાસ સમિતિનો રીપોર્ટ તત્કાલ જાહેર કરવા વિપક્ષી નગરસેવકોએ ડે.કમિશનરને આપ્યું આવેદનપત્ર

રાજકોટ, રાજકોટ શહેરના વોર્ડ નં.૧૬માં જંગલેશ્વર વિસ્તારમાં ફેબ્રુઆરી માસમાં હાથ ધરાયેલા મેગા ડિમોલિશન દરમિયાન થયેલા ખર્ચ તેમજ કામગીરીમાં કથિત ગેરરીતિઓ અંગે રચાયેલી તપાસ સમિતિનો રીપોર્ટ તત્કાલ જાહેર કરવા આજે વિપક્ષના કોર્પોરેટરોએ ડે.કમિશનરને આવેદનપત્ર પાઠવી માંગણી કરી છે.

કોંગ્રેસના નગરસેવકોએ આજે ડે.કમિશનર સમીર ધડુકને આવેદનપત્ર પાઠવીને જણાવ્યું હતું કે, આ મેગા ડિમોલિશન દરમિયાન થયેલા ખર્ચ અને તેના માટે અપાયેલી વિવિધ મંજૂરીઓ અંગે અગાઉથી ગંભીર પ્રશ્નો ઊભા થયા હતા. સમગ્ર મામલાની તપાસ માટે એસઆઈટીની રચના કરવાની વાત કરવામાં આવી હતી પણ, લાંબો સમય પસાર થયા છતાં જનતાને તપાસ અંગે કોઈ સ્પષ્ટ અને સત્તાવાર માહિતી મળી નથી.

તો એસઆઈટી દ્વારા ખરેખર તપાસ હાથ ધરવામાં આવી છે કે કેમ?, મીઠાઇ, નાસ્તા, પાણી સહિતના બીલોની ખરાઇ થઈ છે કે કેમ? તપાસ પૂર્ણ થઈ હોય તો તેનો અહેવાલ હજુ સુધી જાહેર કેમ કરવામાં આવ્યો નથી? જો તપાસ પૂર્ણ નથી થઈ તો વિલંબ પાછળનું કારણ શું છે અને તપાસ ક્યારે પૂર્ણ થશે? તેવું પુછ્યું છે.

આ તપાસમાં કોઈ અધિકારી, કોન્ટ્રાક્ટર અથવા અન્ય સંબંધિત વ્યક્તિની ગેરરીતિ સામે આવી હોય તો જવાબદારો સામે તાત્કાલિક નિયમસર અને કડક કાર્યવાહી કરવાની માંગણી કરી પ્રજાના નાણાંના દુરુપયોગના આક્ષેપોની નિષ્પક્ષ તપાસ કરીને અહેવાલ જાહેર કરવા માંગ કરી છે. આ રજુઆતમાં દિપ્તીબેન સોલંકી, ઈબ્રાહીમભાઇ સોરા, રસીલાબેન ગેરૈયા, અર્જુનભાઇ ચૌહાણ, મકબુલભાઇ દાઉદાણી, સુધાબા વાઘેલા, મનીષાબા રોજાસરા જોડાયા હતા.

# રાજકોટ જિલ્લામાં મગફળી-સોયાબીન-અડદ અને મગની ટેકાનાં ભાવે ખરીદી માટે ૫૬ હજારથી વધુ ખેડૂતોનું રજીસ્ટ્રેશન

રાજકોટ,રાજકોટ સહિત રાજયભરમાં સરકાર દ્વારા મગફળી, સોયાબીન, અડદ અને મગની ટેકાના ભાવે ખરીદી માટે હાલમાં ખેડૂતોના રજીસ્ટ્રેશનની પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે, રાજકોટ જિલ્લામાં આજ સુધીમાં મગફળી, અડદ, મગ અને સોયાબીન માટે ૫૬,૫૦૬ ખેડૂતોનું રજીસ્ટ્રેશન થઈ ગયાનું જીલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશે જણાવેલ હતું. વધુમાં તેઓએ કહ્યું હતું કે હજુ આગામી તા.૯/૧૦ સુધી રજીસ્ટ્રેશન ચાલુ રહેશે.

કલેકટરનાં જણાવ્યા મુજબ રાજકોટ જીલ્લામાં સૌથી વધુ મગફળી માટે રજીસ્ટ્રેશન થયું છે. જેમાં ૫૨૮૧૪ ખેડૂતોનું રજીસ્ટ્રેશન થઈ ચૂકયું છે.

# સેવા એ આપણું પ્રાથમિક કાર્ય હોવું જોઈએ, અને આપણે સેવા કરતી વખતે સેવાનો સંદેશ આપવો જોઈએ, ઉપદેશ નહીં

## પીએમ મોદીએ સેવા સંકલ્પ અભિયાનમાં ભાગ લઈ રહેલા યુવાનો સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વાતચીત કરી



નવીદિલ્હી,
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે (ગુરુવારે) સેવા સંકલ્પ અભિયાનના ભાગ રૂપે વડનગરથી વારાણસી જતી ટીમ સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વાતચીત કરી. પીએમ મોદીએ કહ્યું કે સેવા એ આપણું પ્રાથમિક કાર્ય હોવું જોઈએ, અને આપણે સેવા કરતી વખતે સેવાનો સંદેશ આપવો જોઈએ, ઉપદેશ નહીં. આપણે સેવા દ્વારા સેવાનો સંદેશ આપીશું. આપણા આચરણથી લોકોને ખબર પડવી જોઈએ કે આપણી રાજકીય શક્તિ ગમે તેટલી મોટી બને, આપણો માર્ગ સેવાનો જ રહેશે. આપણે ક્યારેય સેવાના માર્ગથી ભટકાઈશું નહીં. આપણે ગમે તેટલી ઊંચાઈએ પહોંચીએ, આપણે 'સેવા એ જ સર્વોચ્ચ ધર્મ' ની ભાવના સાથે આગળ વધીશું.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે વડનગર અને વારાણસી બંને પ્રાચીન ઐતિહાસિક શહેરો છે. બંને હજારો વર્ષોથી જીવંત રહ્યા છે. મારા માટે, એક મારું જન્મસ્થળ છે અને બીજું મારું કાર્યસ્થળ છે. કાશીને બાબા વિશ્વનાથના આશીર્વાદ છે, અને વડનગર હાટકેશ્વર મહાદેવના આશીર્વાદની ભૂમિ છે. તમે બધા આ બે શહેરો વચ્ચે આટલું મોટું સેવા અભિયાન ચલાવી રહ્યા છો. મને તાજેતરમાં મારા કેટલાક સાથીદારો સાથે વાત કરવાની તક મળી જેઓ વડનગર છોડીને વારાણસી તરફ જઈ રહ્યા છે. તમારા અનુભવો સાંભળીને એવું લાગે છે કે હું તમારી સાથે ચાલી રહ્યો છું.

પ્રધાનમંત્રીએ કહ્યું, "જ્યારે આપણે સેવાની ભાવના સાથે કામ કરીએ છીએ, જ્યારે સેવાની ભાવના હોય છે, ત્યારે લાખો જરૂરિયાતમંદ લોકોને મફત અનાજ મળે છે. જ્યારે સેવાની ભાવના હોય છે, ત્યારે આયુષ્માન યોજનાનો જન્મ થાય છે. અને આ બે શહેરો છોડીને, તમે રસ્તામાં જોયું હશે કે આપણે સેવાના કાર્યને કેવી રીતે પ્રોત્સાહન આપ્યું છે."

યુવાનોને સંદેશ આપતા, પીએમ મોદીએ કહ્યું કે રાજકારણનું પોતાનું સ્થાન છે, ચૂંટણીઓનું પોતાનું સ્થાન છે, શાસન પ્રણાલીઓનું પોતાનું સ્થાન છે. પરંતુ આપણે એવા લોકો છીએ જેઓ રાષ્ટ્રનું નિર્માણ કરવા માટે નીકળ્યા છે, આપણે એવા લોકો છીએ જેઓ વિકસિત ભારતના સંકલ્પ સાથે નીકળ્યા છે. આપણે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણમાં યુવા શક્તિની મહત્વપૂર્ણ ભૂમિકાને મજબૂતીથી આગળ વધારવી જોઈએ.

# જ્ઞાનેશ કુમારને હટાવવાની માંગણી સાથે સંસદના બંને ગૃહોમાં નવી નોટિસ રજૂ કરવાની વિપક્ષની તૈયારી

## કોંગ્રેસે વિપક્ષી પક્ષોનો સંપર્ક શરૂ કરી દીધો : આગામી બે અઠવાડિયામાં સંસદમાં આ પ્રસ્તાવ રજૂ કરવામાં આવી શકે

નવીદિલ્હી,
વિપક્ષ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે મહાભિયોગ પ્રસ્તાવ લાવવાની તૈયારી કરી રહ્યું છે. કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા અનુસાર, વિપક્ષી પક્ષો લોકસભા અને રાજ્યસભા બંનેમાં તેમની સામે મહાભિયોગ પ્રસ્તાવની નોટિસ આપવાની તૈયારી કરી રહ્યા છે. કોંગ્રેસે આ મુદ્દે વિપક્ષી પક્ષોનો સંપર્ક શરૂ કરી દીધો છે. સૂત્રોનું કહેવું છે કે આગામી બે અઠવાડિયામાં સંસદમાં આ પ્રસ્તાવ રજૂ કરવામાં આવી શકે છે.

સીઈસી જ્ઞાનેશ કુમાર સામે વિપક્ષની નવી પહેલ મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન પર ચાલી રહેલા વિવાદ વચ્ચે આવી છે. તાજેતરના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ છેલ્લા ૧૦ મહિનામાં ઓછામાં ઓછા ૧૪ વખત કમિશનના કેટલાક નિર્ણયો અને આદેશો સામે ઔપચારિક રીતે વાંધો ઉઠાવ્યો હતો. અહેવાલમાં મતદારો ઉમેરવા, કાઢી નાખવા અને મતદાર નોંધણી સંબંધિત નિર્ણયોનો પણ ઉલ્લેખ છે.

આ અહેવાલના પ્રકાશન પછી, કોંગ્રેસ સહિત અનેક વિપક્ષી પક્ષોએ ચૂંટણી પંચની કામગીરી અને તેની અંદર નિર્ણય લેવાની પ્રક્રિયા પર પ્રશ્નો ઉભા કર્યા છે. વિપક્ષી નેતાઓનું કહેવું છે કે જો કમિશનના અન્ય બે સભ્યોએ કોઈ નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો હોય, તો આ વાંધાઓ અને સંબંધિત નિર્ણયોની સંપૂર્ણ વિગતો જાહેર કરવી જોઈએ. કોંગ્રેસે જ્ઞાનેશ કુમાર સામે કાર્યવાહી કરવાની અને તેમના કાર્યકાળ દરમિયાન લેવામાં આવેલા નિર્ણયોની સ્વતંત્ર સમીક્ષાની માંગ કરી છે.

# અમેરિકી ન્યાયાધીશે ટ્રમ્પના મીડિયા પરના પ્રતિબંધને અટકાવ્યા

## પત્રકારો માટે વ્હાઈટ હાઉસમાં પ્રવેશની સુવિધા પુનઃસ્થાપિત કરવાનો આદેશ આપ્યો

વોશિંગ્ટન,
રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ત્રણ સમાચાર સંગઠનોને પરિસરમાંથી બહાર કાઢવામાં આવ્યા બાદ, યુએસ ફેડરલ જજે ટ્રમ્પ વહીવટીતંત્રને CNN, MS NOW અને Politico સુધી વ્હાઈટ હાઉસની ઍક્સેસ પુનઃસ્થાપિત કરવાનો આદેશ આપ્યો છે. CNN અનુસાર, યુએસ ડિસ્ટ્રિક્ટ જજ ટીમોથી કેલીનો આદેશ ત્રણ આઉટલેટ્સ દ્વારા કોર્ટમાં પ્રતિબંધને પડકાર્યા બાદ આવ્યો છે, જેમાં દલીલ કરવામાં આવી હતી કે તેમના બાકાત રાખવાથી પ્રેસ માટે બંધારણીય રક્ષણનું ઉલ્લંઘન થાય છે. આ કેસ એ બાબત પર કેન્દ્રિત છે કે શું વહીવટીતંત્રે પત્રકારોની ઍક્સેસ રદ કરતા પહેલા જરૂરી ડ્યુ-પ્રક્રિયા પ્રક્રિયાઓનું પાલન કર્યું હતું. કેલીના હસ્તક્ષેપથી વ્હાઈટ હાઉસ પ્રેસ-એક્સેસ વિવાદ ફરી ન્યાયિક તપાસ હેઠળ આવે છે, કારણ કે વહીવટીતંત્રે દલીલ કરી હતી કે વ્હાઈટ હાઉસની ઍક્સેસ એક વિશેષાધિકાર છે અને રાષ્ટ્રીય સુરક્ષા ચિંતાઓનો ઉલ્લેખ કરીને પ્રતિબંધનો બચાવ કર્યો હતો. પ્રતિબંધ શા માટે થયો ટ્રમ્પે CNN, MS NOW અને Politico ને તેમના રિપોર્ટિંગની ટીકા બાદ વ્હાઈટ હાઉસમાંથી પ્રતિબંધિત કર્યા હતા. ત્યારબાદ ત્રણેય સંગઠનોએ વહીવટીતંત્ર પર દાવો કર્યો, તેમના પત્રકારોની ઍક્સેસ પુનઃસ્થાપિત કરવાની માંગ કરી જ્યારે તેમનો વ્યાપક કાનૂની પડકાર ચાલુ રહ્યો.

# ચીન અને યુનાઈટેડ સ્ટેટ્સે પરસ્પર સ્પર્ધાને બદલે ભાગીદારીનો માર્ગ અપનાવવો જોઈએ. : શી જિનપિંગ

## બંને દેશો વચ્ચે રચનાત્મક સંબંધોને વધુ મજબૂત બનાવવા અને વિવિધ ક્ષેત્રોમાં સંપર્કો અને સહયોગને વિસ્તૃત કરવા હાંકલ કરી



વોશિંગ્ટન,
ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ બુધવારે વોશિંગ્ટન પહોંચ્યા પછી ચીન-અમેરિકા સંબંધો અંગે એક મોટું નિવેદન આપ્યું. તેમણે કહ્યું કે બંને દેશોએ "ભાગીદાર નહીં, હરીફ" બનવું જોઈએ. શીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ બદલાતા સમયમાં, ચીન અને અમેરિકા તેમના સંબંધોને આગળ વધારવા માટે યોગ્ય માર્ગ શોધી શકે છે.

શી જિનપિંગ તેમની પત્ની પેંગ લિયુઆન સાથે અમેરિકા પહોંચ્યા. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પત્ની મેલાનિયા ટ્રમ્પે જોઈન્ટ બેઝ એન્ડ્રૂઝ ખાતે તેમનું સ્વાગત કર્યું. એરપોર્ટ પર યુએસ એરફોર્સ બેન્ડે પ્રદર્શન કર્યું, અને બંને દેશોના ધ્વજ ફરકાવવામાં આવ્યા.એવું નોંધાયું હતું કે ૧૯૬૨ પછી આ પહેલી વાર હતું જ્યારે કોઈ અમેરિકન રાષ્ટ્રપતિએ લશ્કરી બેઝ પર કોઈ વિદેશી નેતાનું વ્યક્તિગત રીતે સ્વાગત કર્યું હોય. ૧૯૬૨ માં, તત્કાલીન રાષ્ટ્રપતિ જોન એફ. કેનેડીએ બ્રિટિશ વડા પ્રધાન હેરોલ્ડ મેકમિલનનું સ્વાગત કર્યું.

ચીનની સત્તાવાર સમાચાર એજન્સી, શિન્હુઆ અનુસાર, શી જિનપિંગે તેમના લેખિત સંબોધનમાં અમેરિકન લોકોને ચીની લોકોની શુભકામનાઓ પાઠવી હતી. તેમણે કહ્યું કે ચીન અને યુનાઈટેડ સ્ટેટ્સ બંને મહાન દેશો છે, અને બંને દેશોના લોકો પણ મહાન છે. શીએ કહ્યું કે ચીન અને યુનાઈટેડ સ્ટેટ્સના લોકો લાંબા સમયથી મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે, અને બંને દેશોના હિતો ખૂબ જ એકબીજા સાથે જોડાયેલા છે.

શી જિનપિંગે કહ્યું કે ચીન અને યુનાઈટેડ સ્ટેટ્સે સ્પર્ધાને બદલે ભાગીદારીનો માર્ગ અપનાવવો જોઈએ. તેમણે કહ્યું કે ચીની રાષ્ટ્રના મહાન કાયાકલ્પ અને અમેરિકાને ફરીથી મહાન બનાવવાના ધ્યેય સાથે મળીને આગળ વધી શકે છે.

# એસવેક્ટર લિમિટેડનો આઈપીઓ આજથી ખુલ્યો




એસવેક્ટર લિમિટેડનો આઈપીઓ આજથી ખુલી ગયો છે. શેરદીઠ રૂ. ૩૦ થી રૂ. ૩૨ નો પ્રાઈઝ બેન્ડ નક્કી કરાયો છે. બિડ/ઈશ્યૂ ખુલવાની તારીખ - ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ અને બિડ/ઈશ્યૂ બંધ થવાની તારીખ - ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે. બિડર્સ ઓછામાં ઓછા ૪૬૮ શેર માટે અને ત્યાર બાદ ૪૬૮ ના ગુણાંકમાં બિડ કરી શકશે.

# ઓરિએન્ટ કેબલ્સ લિમિટેડનો આઈપીઓ આજથી ખુલ્યો



ઓરિએન્ટ કેબલ્સ લિમિટેડનો આઈપીઓ આજથી ખુલી ગયો છે. શેરદીઠ રૂ. ૨૫૮ થી રૂ. ૨૭૨ નો પ્રાઈઝ બેન્ડ નક્કી કરાયો છે.બિડ/ઈશ્યૂ ખુલવાની તારીખ - ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ અને બિડ/ઈશ્યૂ બંધ થવાની તારીખ - ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે. બિડર્સ ઓછામાં ઓછા ૫૫ શેર માટે અને ત્યાર બાદ ૫૫ ના ગુણાંકમાં બિડ કરી શકશે.

# મુંબઈમાં ૧૪ ફૂટથી ઊંચી ઝૂંપડીઓ તોડવા માટે બીએમસી બુલડોઝરનો ઉપયોગ કરવામાં આવશે


## ગેરકાયદેસર બાંધકામો દૂર કરવા માટે એક ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવશે

મુંબઈ,
બીએમસી હવે મુંબઈ, મહારાષ્ટ્રમાં ૧૪ ફૂટથી ઊંચી ઝૂંપડીઓ અને ગેરકાયદેસર બાંધકામો સામે કડક કાર્યવાહી કરી રહી છે. બીએમસી વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, ૧ ઓક્ટોબરથી ૩૧ ડિસેમ્બર સુધી સમગ્ર મુંબઈમાં ગેરકાયદેસર બાંધકામો દૂર કરવા માટે એક ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવશે. આ સમયગાળા દરમિયાન, ૧૪ ફૂટ કે તેથી વધુ ઊંચા ઝૂંપડાઓને તોડી પાડવાની કાર્યવાહી કરવામાં આવશે.

બીએમસીના ડેટા અનુસાર, મુંબઈમાં આશરે ૨૨૩,૧૫૦ ઝૂંપડાઓ છે, જેમાંથી ૩૯,૧૧૧ ઝૂંપડાઓ ૧૪ ફૂટ કે તેથી વધુ ઊંચા બનાવવામાં આવ્યા છે, જે નિયમોનું ઉલ્લંઘન કરે છે. આમાં મુંબઈ શહેરમાં ૩,૩૪૩ ઝૂંપડાઓ, પશ્ચિમ ઉપનગરોમાં ૪,૫૩૬ અને પૂર્વીય ઉપનગરોમાં ૩૧,૨૨૭ ઝૂંપડાઓનો સમાવેશ થાય છે.

બીએમસીએ પહેલાથી જ ૪,૫૮૪ ઝૂંપડાઓ સામે કાર્યવાહી કરી છે, જ્યારે ૬૧૧ લોકોને નોટિસ ફટકારવામાં આવી છે. વહીવટીતંત્રે સ્પષ્ટતા કરી છે કે ૧ ઓક્ટોબર પછી ગેરકાયદે બાંધકામ માટે કોઈ રાહત આપવામાં આવશે નહીં. દરમિયાન, બીએમસીના નિર્ણય સામે વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા છે. સમાજવાદી પાર્ટીના નેતા અબુ આઝમીએ પૂછ્યું, "શું સરકાર અને વહીવટીતંત્ર ૧૪ ફૂટથી વધુ ઊંચાઈ સુધીના મકાનો બનાવી રહ્યા હતા ત્યારે સૂઈ રહ્યા હતા? અધિકારીઓની મિલીભગત વિના આ અશક્ય છે." અબુ આઝમીએ કહ્યું કે હવે જ્યારે આ મકાનો ૧૪ ફૂટથી વધુ ઊંચાઈ સુધીના બનાવવામાં આવ્યા છે, તો તેમને માનવતાથી તોડી પાડવા જોઈએ નહીં. આ મકાનોમાં રહેતા વૃદ્ધો અને બાળકોના જીવ જોખમમાં છે.

# મહાદેવ બેટિંગ એપ કેસના મુખ્ય સૂત્રધાર અભિષેક કુમારની ધરપકડ




નવી દિલ્હી,
સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) એ મહાદેવ ઓનલાઈન બેટિંગ એપ કૌભાંડના મુખ્ય સૂત્રધારોમાંના એક અને વોન્ટેડ આરોપી અભિષેક કુમારની ધરપકડ કરી છે. હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર દુબઈથી આવ્યા બાદ તુરંત જ તેની ધરપકડ કરવામાં આવી હતી.

અત્યાર સુધી હાથ ધરાયેલી તપાસમાં મહાદેવ બુક હેઠળ ઓનલાઈન બેટિંગ અને જુગાર સંચાલન ચલાવવામાં, પેનલ્સનું સંકલન કરવામાં, ફંડ એકત્ર કરવામાં અને બેટિંગ તથા જુગારની ગેરકાયદેસર કમાણીમાંથી દુબઈમાં સ્થાવર સંપત્તિ મેળવવામાં અભિષેક કુમારની સક્રિય ભૂમિકા હોવાનું સામે આવ્યું છે.

તેની ધરપકડ બાદ તુરંત જ લેવાયેલી તલાશી દરમિયાન તેના કબ્જામાંથી વાંધાજનક સામગ્રી મળી આવી હતી અને જપ્ત કરવામાં આવી હતી. જપ્ત કરાયેલી સામગ્રી પ્રથમ દ્રષ્ટિએ મહાદેવ બેટિંગ એપના સંચાલનમાં તેની સક્રિય ભૂમિકા દર્શાવે છે અને તેણે અન્ય મુખ્ય આરોપીઓ જેવા કે સૌરભ ચંદ્રકાર અને શુભમ સોની સાથે મળીને નજીકથી કામ કર્યું હતું.

ધરપકડના તુરંત બાદ, આરોપીને હૈદરાબાદની સ્થાનિક અદાલતમાં રજૂ કરવામાં આવ્યો હતો અને ત્રણ દિવસના ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા. ત્યારબાદ, તેને રાયપુર કોર્ટમાં લઈ જઈને રજૂ કરવામાં આવ્યો હતો અને ૦૨ દિવસની પોલીસ કસ્ટડી રિમાન્ડ પર લેવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે છત્તીસગઢ સરકારે મહાદેવ બેટિંગ એપ સંબંધિત છત્તીસગઢના વિવિધ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી ૧૩ એફઆઈઆર (FIR) સીબીઆઈને સોંપી હતી, જે સીબીઆઈ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

# સાઉદી અરેબિયાની ચેતવણી પછી મક્કા હાઈ એલર્ટ પર, નાગરિક સંરક્ષણે ચેતવણી આપી

મક્કા,
સાઉદી અરેબિયાના રાષ્ટ્રીય પ્રારંભિક ચેતવણી પ્લેટફોર્મ દ્વારા સંભવિત ખતરા વિશે ચેતવણી સંદેશ મોકલ્યા બાદ મક્કા અને સાઉદી અરેબિયાના અન્ય ઘણા ભાગોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. આ માહિતી સાઉદી નાગરિક સંરક્ષણ દ્વારા પૂરી પાડવામાં આવી હતી. સાઉદી નાગરિક સંરક્ષણ નિર્દેશાલયે ઠ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "નેશનલ પ્રારંભિક ચેતવણી પ્લેટફોર્મે મક્કા શહેરને સંભવિત ખતરા વિશે ચેતવણી આપવા માટે ચેતવણી જારી કરી છે," રહેવાસીઓ માટે સૂચનાઓ સાથે. જોકે, ચેતવણી જારી કર્યાના થોડીવાર પછી, વિભાગે એક પોસ્ટમાં જણાવ્યું હતું કે મક્કા શહેર, તાબુક પ્રાંત, જેદ્દાહ ગવર્નરેટ અને યાન્બુ ગવર્નરેટ માટે ખતરો ટળી ગયો છે.

નાગરિક સંરક્ષણે ચેતવણી પ્રાપ્ત કરનારાઓને શાંત રહેવા, સત્તાવાર સૂચનાઓનું પાલન કરવા અને તાત્કાલિક સલામત સ્થળે (જેમ કે ઈમારતની અંદર અથવા બારીઓથી દૂર આંતરિક રૂમ) જવા અને ભય પસાર ન થાય ત્યાં સુધી ત્યાં રહેવા વિનંતી કરી. લોકોને ભય પસાર ન થાય ત્યાં સુધી તેમના ઘરો અથવા ઈમારતો ન છોડવા, ખુલ્લી જગ્યાઓ, બારીઓ, કાચ, બાલ્કનીઓ અને છતથી દૂર રહેવા અને ભીડભાડવાળા અથવા ખતરનાક સ્થળોથી દૂર રહેવાની પણ સલાહ આપવામાં આવી હતી.

# ૪ વર્ષમાં ૧૧૧ સાંસદો અને ધારાસભ્યોએ પોતાના પક્ષ છોડી દીધા, ૬ રાજ્યોમાં સત્તાનો માહોલ બદલાયો

## નાગાલેન્ડ, પશ્ચિમ બંગાળ, તેલંગાણા, ગોવા, મહારાષ્ટ્ર અને મણિપુર સહિત અનેક રાજ્યોમાં શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચેના રાજકીય પરિદ્દશ્યમાં પરિવર્તન આવ્યું

નવીદિલ્હી,
ચૂંટણીઓ પૂર્ણ થયા પછી, દેશભરના ઘણા રાજ્યોમાં રાજકીય ચિત્ર મતદાનના દિવસે મતદારોએ કલ્પના કરી હતી તેવું રહ્યું નહીં. છેલ્લા ચાર વર્ષોમાં, ૧૧૧ સાંસદો અને ધારાસભ્યોએ પક્ષ બદલ્યા, જેના કારણે કેટલીક જગ્યાએ સરકારો મજબૂત થઈ, અન્યમાં વિરોધ પક્ષ નબળો પડ્યો, અને ઘણા રાજ્યોમાં સમગ્ર સત્તા ગતિશીલતા બદલાઈ ગઈ. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ ના એક અહેવાલમાં જણાવાયું છે કે ૨૦૨૨ અને ૨૦૨૬ વચ્ચેના આ મોટા રાજકીય હિજરતથી નાગાલેન્ડ, પશ્ચિમ બંગાળ, તેલંગાણા, ગોવા, મહારાષ્ટ્ર અને મણિપુર સહિત અનેક રાજ્યોમાં શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચેના રાજકીય પરિદ્દશ્યમાં પરિવર્તન આવ્યું છે. ચાલો જાણીએ કે એડીઆર રિપોર્ટમાં આ સમાચારમાં શું ખુલાસો થયો છે.


એડીઆર રિપોર્ટ અનુસાર, કુલ ૧૧૧ સાંસદો અને ધારાસભ્યોનો પક્ષ બદલનારાઓની યાદીમાં સમાવેશ થાય છે. આમાં ૨૬ લોકસભા સાંસદો, ૭ રાજ્યસભા સાંસદો અને ૭૮ ધારાસભ્યોનો સમાવેશ થાય છે. આ અહેવાલ ૨૦૨૨ અને ૨૦૨૬ વચ્ચે યોજાયેલી ચૂંટણીઓ અને પેટાચૂંટણીઓના આધારે તૈયાર કરવામાં આવ્યો હતો. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ૭૮ ધારાસભ્યોમાંથી ૭૦ એ ચૂંટણી જીત્યા પછી સીધા પક્ષ બદલ્યા હતા, જ્યારે ૮ એ રાજીનામું આપ્યા પછી અથવા ગેરલાયકાતની પ્રક્રિયામાંથી પસાર થયા પછી પેટાચૂંટણી જીતી હતી.

૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પક્ષપલટો નોંધાયો હતો. નાગાલેન્ડ યાદીમાં ટોચ પર હતું, જેમાં ૩૨ ચૂંટાયેલા પ્રતિનિધિઓએ પક્ષપલટો કર્યો હતો. ત્યારબાદ પશ્ચિમ બંગાળ ૨૦, તેલંગાણા ૯, ગોવા અને પંજાબ ૮-૮, મહારાષ્ટ્ર અને મેઘાલય ૬-૬ અને મણિપુર ૫ હતા. રસપ્રદ વાત એ છે કે, કુલ પક્ષપલટોના કેસોમાં નાગાલેન્ડ અને પશ્ચિમ બંગાળ એકલા ૪૭ ટકા હતા.

અહેવાલ મુજબ,એનડીપીપીને સૌથી વધુ નુકસાન થયું. આ પક્ષના ૨૫ ચૂંટાયેલા પ્રતિનિધિઓએ પક્ષ છોડી દીધો, જે કુલ પક્ષપલટોના ૨૩ ટકા છે. આ પછી, ૨૦ એઆઈટીસી અને ૧૯ આઈએનસી નેતાઓએ પક્ષ છોડી દીધો. વધુમાં,બસપાના ૯ પ્રતિનિધિઓ, આપ અને એનસીપી ના ૭-૭, શિવસેના (યુબીટી) ના ૬, જદયુના ૫ અને એનપીપીના ૪ પ્રતિનિધિઓએ પણ પક્ષપલટો કર્યો.

# બિહારમાં હત્યા, લૂંટફાટ, અપહરણ અને ખંડણીની ઘટનાઓથી અરાજકતાનું વાતાવરણ: તેજસ્વી

## સગીરાઓ અને મહિલાઓ પર બળાત્કાર થઈ રહ્યાં છે, કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે પડી ભાંગી



પટણા,
બિહાર વિધાનસભામાં વિપક્ષના નેતા તેજસ્વી યાદવે ગુરુવારે બિહાર સરકારની ટીકા કરતા આરોપ લગાવ્યો કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે પડી ભાંગી છે અને પોલીસ સ્ટેશનોમાં વ્યાપક ભ્રષ્ટાચારથી જનતા પીડાઈ રહી છે. 'એક્સ' પર એક પોસ્ટમાં, તેજસ્વી યાદવે દાવો કર્યો હતો કે રાજ્યમાં અનિયંત્રિત અરાજકતાનું વાતાવરણ છે, જ્યાં હત્યા, લૂંટ, અપહરણ અને ખંડણી માંગવા જેવી ઘટનાઓ દરરોજ બની રહી છે.

તેજશ્વી યાદવે લખ્યું, "બિહારમાં દરરોજ હત્યાઓ થઈ રહી છે. લૂંટ, અપહરણ અને ખંડણી માંગણીઓ થઈ રહી છે. યુવાન છોકરીઓ અને મહિલાઓ પર બળાત્કાર થઈ રહ્યો છે. કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે પડી ભાંગી છે, અને ગુનેગારો મુક્તપણે ફરે છે." મહિલાઓ અને બાળકો વિરુદ્ધના ગુનાઓનો ઉલ્લેખ કરતા તેજસ્વી યાદવે કહ્યું કે ગુનેગારો ખુલ્લેઆમ ફરી રહ્યા છે, જ્યારે પોલીસ સ્ટેશનો અને વહીવટી બ્લોકમાં વ્યાપક ભ્રષ્ટાચારને કારણે જનતા પીડાઈ રહી છે.

તેજસ્વી યાદવે કહ્યું, "પોલીસ સ્ટેશનો અને બ્લોકમાં વ્યાપક ભ્રષ્ટાચારને કારણે જનતા પીડાઈ રહી છે. પોલીસ દારૂબંધીના નામે પૈસાની ઉચાપતમાં રોકાયેલી છે. આ બધા મુદ્દાઓ પર મુખ્યમંત્રીની બકવાસથી કંઈ પ્રાપ્ત થશે નહીં." ગુરુવારે, બિહારના જમુઈ જિલ્લામાં ૧૦મા ધોરણની વિદ્યાર્થીની પર હુમલો થયાના થોડા દિવસો પછી, સમસ્તીપુર જિલ્લામાંથી એક નવો વીડિયો સામે આવ્યો છે જેમાં બદમાશો ધોળા દિવસે એક યુવતી પર હુમલો કરતા દેખાય છે. આ કેસમાં ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જોકે વાયરલ વીડિયોની હજુ સુધી ચકાસણી કરવામાં આવી નથી, તે સોશિયલ મીડિયા પર ઝડપથી ફેલાઈ રહ્યો છે. આ ઘટના કરપુરી ગ્રામ પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્રમાં આવતા જગત સિંહ એમ્બેક્રમેન્ટ વિસ્તારમાં બની હતી.

જોકે આ વીડિયો ક્યારે લેવામાં આવ્યો તે હજુ સુધી જાણી શકાયું નથી, પોલીસે ફૂટેજના આધારે કાર્યવાહી શરૂ કરી છે. જેડી(યુ)ના નેતા રાજીવ રંજને આ ઘટનાની સખત નિંદા કરી અને કહ્યું કે જો ગુનેગારો આવા ગુનાઓના પરિણામો અને જમુઈમાં લેવાયેલી કાર્યવાહીમાંથી શીખ નહીં લે, તો તેમને જેલનો સામનો કરવો પડશે.

# બહેને પ્રેમલગ્ન કરતા ભાઈએ બનેવીને પતાવી દીધો

## મારા ભાઈને ફાંસીની સજા જ અપાવજો, અમે મા-દીકરો ક્યાં જઈશું, રાજકોટમાં ધોળા દિવસે ખૂની ખેલ





રાજકોટ:રાજકોટ શહેરના ભક્તિનગર સર્કલ નજીક આવેલા કોલેજીયન પાન પાસે ધોળા દિવસે હત્યાનો બનાવ સામે આવ્યો છે. બહેને સાત વર્ષ પહેલા કરેલા પ્રેમલગ્નનો ખાર રાખી ભાઈએ બપોરના સમયે બનેવીને આડેધડ છરીના ઘા ઝીંકી બહેનને વિધવા બનાવી છે. હાલ પોલીસે આરોપી સાળાની અટકાયત કરી અન્ય કોઈની સંડોવણી છે કે કેમ? તે અંગે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસની તપાસમાં મૃતકનુ નામ વિમલ ધર્મેશભાઈ વાણીયા (ઉં.વ.૨૭) હોવાનું અને તે સહકાર રોડ પર રહેતો હોવાનું સામે આવ્યું છે. વિમલે શીતલ નામની યુવતી સાથે આજથી સાત વર્ષ પહેલા પ્રેમલગ્ન કર્યા હતાં અને ત્યારથી શીતલના પરિવારજનો આ લગ્નના વિરોધમાં હોવાથી શીતલ સાથે સબંધો તોડી દીધા હતા.

RC બુક લેવાના બહાને બોલાવી બાદમાં મારા ભાઈ કમલેશે મારા પતિને મોતને ઘાટ ઉતારી દીધો છે. હું અને મારો દીકરો નોધારા થઈ ગયા છીએ.

૨૭ વર્ષીય વિમલ વાણીયા ભક્તિનગર સર્કલ પાસે આવેલા કોલેજીયન પાન નજીક હતો, ત્યારે એક તેના સાળા કમલેશે તેની સાથે તકરાર કરી હતી. તકરાર વકરતાં કમલેશે છરી કાઢી વિમલની છાતીમાં તેમજ શરીરના અન્ય ભાગમાં ૬થી ૭ ઘા મારી દીધા હતાં. લોહીલુહાણ હાલતમાં વિમલને હોસ્પિટલ ખસેડવામાં આવતા તબીબે તપાસી મૃત જાહેર કર્યો હતો.

બનાવની જાણ થતા ભક્તિનગર પોલીસ સ્ટાફ, ક્રાઈમ બ્રાન્ચ અને ઝોન ૧ ટીમો ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. હાલ ભક્તિનગર પોલીસ ટીમે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી તેની પત્નીની ફરિયાદ પરથી હત્યાનો ગુનો નોંધી આરોપી કમલેશની અટકાયત કરી તેની સાથે અન્ય કોઈ આરોપીની સંડોવણી છે કે કેમ? તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે.

# રાજકોટ-મોરબી રોડ પર ગમખ્વાર અકસ્માત

## પૂરપાટ ટ્રકે કાર-રિક્ષાને અડફેટે લેતાં ૨ના મોત, લોકગાયિકા મીરા આહીરના ભાઈનું મોત



રાજકોટ: રાજકોટના મોરબી રોડ પર હડાળા ગામ નજીક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. હડાળા ગામ નજીક આવેલી ચાની હોટલ નજીક પૂરપાટ ઝડપે આવતા ટ્રકે સાઈડમાં પાર્ક કરેલી કાર અને રિક્ષાને જોરદાર ટક્કર મારી હતી. જેમાં બે લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. અકસ્માત બાદ ટ્રકચાલક વાહન મૂકીને ફરાર થઈ ગયો હતો. ઘટના અંગે કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અકસ્માતમાં કુલ પાંચ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. બનાવના પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડવાની કામગીરી હાથ ધરી હતી. દરમિયાન અકસ્માત સર્જ્યા બાદ ટ્રકચાલક ટ્રક સાથે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

મૃત્યુ પામનાર બેડી રહેતા મૃતક કાના હુંબલ પ્રખ્યાત સિંગર મીરા આહીર અને વૈશાલી આહીરના ભાઈ હતા. તે કારમાં હોટલે ચા-પાણી પીવા આવેલ, જ્યારે બીજા મૃતક મનહરપરામાં રહેતા અઝીઝશા શાહમદાર રીક્ષા લઈ ઉર્ષમાં મોરબી જતા હતા રસ્તામાં હોટલે બ્રેક કરી હતી. ત્યારે બનાવ બન્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, હડાળા ગામ પાસે મોમાઈ હોટલ પાસે રોડની સાઈડમાં રિક્ષા અને કાર પડેલી હતી.

તે દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલા એક ટ્રકના ચાલકે અચાનક રિક્ષા અને કારને હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. ટ્રકની ટક્કરથી રિક્ષા અને કારને નુકસાન થયું હતું અને તેમાં સવાર પાંચ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. અકસ્માતના પગલે ઘટનાસ્થળે અફડાતફડી મચી ગઈ હતી. અકસ્મતમાં બે વ્યક્તિઓની હાલત ગંભીર બનતા સ્થાનિકોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્તોની તપાસ હાથ ધરી હતી.

જેમાં અઝીઝશા જીલુશા શાહમદાર (ઉંમર વર્ષ ૪૫, રહે. મનહરપરા, શેરી નં. ૧, ભાવનગર રોડ, રાજકોટ) તથા કાનાભાઈ ગોવિંદભાઈ હુંબલ (ઉંમર વર્ષ ૨૪, રહે. બેડી ગામ, તા. જિ. રાજકોટ)ને ૧૦૮ની ટીમે મૃત જાહેર કર્યા હતા. જ્યારે અન્ય ત્રણ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માત બાદ ટ્રકચાલક ટ્રક સાથે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. બનાવની જાણ થતાં કુવાડવા રોડ પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને અકસ્માત અંગે તપાસ હાથ ધરી હતી. પોલીસે ફરાર ટ્રકચાલકની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન પોલીસને મળેલી બાતમી અને તપાસના આધારે ટ્રકચાલકને ટંકારા નજીકથી ટ્રક સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. કુવાડવા રોડ પોલીસે ટ્રકચાલક સામે અકસ્માત અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અકસ્માત કેવી રીતે સર્જાયો, ટ્રકચાલકની બેદરકારી હતી કે કેમ તેમજ અકસ્માત સમયે વાહનોની સ્થિતિ સહિતના મુદ્દે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. જેમાં સીસીટીવી સામે આવતા ટ્રક ચાલકની ગંભીર બેદરકારી જોવા મળી હતી. બે વ્યક્તિઓના મોતથી પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો.

તસવીરમાં મૃતક કાના હુંબલનો ફાઈલ ફોટો, મૃતક અઝીઝશા શાહમદારની તસવીર. અકસ્માતમાં ઘટના સ્થળે બે વ્યક્તિના મોત નીપજ્યા હતા. હોટલ ખાતે હાજર લોકો દોડી ગયા હતા. પોલીસ ટીમ દોડી ગઈ હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડાયા હતા. ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. જેમાં ટ્રક પળ વારમાં કાર અને રીક્ષાનો બુકડો બોલાવી દયે છે.

મૃતક કાના હુંબલ તેના કોઈ પરિચિત સાથે કારમાં આંટો મારવા અને ચા પાણી પીવા મોમાઈ હોટલ ખાતે રોકાયેલ. કાનાભાઈ કારમાં હતા જ્યારે તેના પરિચિત ચા પાણી પીવા હોટલમાં ગયા ત્યારે જોરદારના ધડાકા સાથે ટ્રકે કાર અને રીક્ષાને હડફેટે લીધી હતી. કાનાભાઈ પાંચ બહેનના એકના એક ભાઈ હતા. તેના મોતથી પરિવારમાં શોકની કાલીમા છવાઈ હતી.

મૃતક અઝીઝશા શાહમદાર રાજકોટના ભાવનગર રોડ ઉપર આવેલ મનહરપરા શેરી નંબર એકમાં રહેતા અને રીક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમને સંતાનમાં એક દીકરો અને બે દીકરી છે. એક દીકરી હાલ સાસરે છે. અઝીઝશાના પત્ની મોરબી પોતાના પિયરમાં ઉર્ષનો પ્રસંગ હોવાથી નાની દીકરીને લઈને મોરબી ગયા હતા. જ્યારે રાત્રે ઉર્ષમાં હાજરી આપવા માટે અઝીઝશા પોતાની રીક્ષામાં પુત્ર સાથે નીકળ્યા હતા. મોમાઈ હોટલે રીક્ષા ઉભી રાખ્યા બાદ પુત્ર ફાકી લેવા માટે ઉતર્યો હતો જ્યારે પિતા રિક્ષામાં જ બેઠા હતા ત્યાં ટ્રકે રીક્ષાને હડફેટે લઈ લીધી હતી.

# એક વર્ષ બાદ ગુનો નોંધાયો!

## ક્રિકેટ રમવાની ના પાડતા બાળકનું અપહરણ કરી તાવીથાથી ડામ દીધા હતા



રાજકોટ:રાજકોટની વિશ્વકર્મા સોસાયટીમાં રહેતા નીતાબેન કુવરિયાનો ૧૦ વર્ષીય પુત્ર જયેશ ગત તા.૭-૦૬-૨૦૨૫ના રોજ સાંજના સમયે શેરીમાં મિત્ર સાથે ક્રિકેટ રમતો હતો. આ દરમિયાન નવઘણ જીલુ કુવરિયા અને હાર્દિક મહેશ દંતાણી નામના શખસો ત્યાં આવ્યા હતા. નવઘણે ક્રિકેટનો બોલ માગતાં બાળકે ના પાડી હતી. જેથી ઉશ્કેરાયેલા બંને શખસ બાળકને ઊંચકીને હાર્દિકના ઘરે લઈ ગયા હતા.

જ્યાં તાવીથો ગરમ કરી માસૂમ બાળકને છાતી અને પેટના ભાગે ચાર વાર ડામ આપી દીધા હતા. બાળક રાડારાડી કરતાં બંને આરોપીઓ તેને છોડીને નાસી છૂટ્યા હતા. આ અંગે પોલીસ ફરિયાદ નોંધાતા આરોપી નવઘણ કુવરિયા અને હાર્દિક દંતાણીની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પીઆઇ મેઘાણીએ જણાવ્યું હતું કે, બન્ને પરિવાર વર્ષો જૂના પાડોશીઓ હોય સમાધાનની વાત સવા વર્ષથી ચાલતી હતી, પરંતુ કોઈ કારણોસર સમાધાન ન થતાં અંતે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ ઘટના બન્યા બાદ ૧૦ વર્ષના કિશોરની ખાનગી ક્લિનિકમાં સારવાર કરાવાઈ હતી. આવા ગુનાહિત કૃત્યમાં સમાધાન કરતા કાયદાકીય કાર્યવાહી કરવી વધુ જરૂરી છે.

# રાજકોટમાં વધુ એક પરણિતાને સાસરીયાંનો ત્રાસ: પતિને પરસ્ત્રી સાથે આડા સંબંધ હોવાનો આક્ષેપ



રાજકોટ:રાજકોટ શહેરમાં પતિ અને સસરા દ્વારા પરણિતાને શારીરિક તથા માનસિક ત્રાસ આપવાનો કિસ્સો સામે આવ્યો છે. બાપા સીતારામ ચોક વિસ્તારમાં રહેતી ૨૮ વર્ષીય પરણિતા કાજલબેન ડોબરીયાએ પોતાના પતિ વિશાલ અને સસરા અશ્વિનભાઈ સામે રાજકોટ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ઉલ્લેખનીય છે કે પરણિતાએ પતિ પર અન્ય સ્ત્રી સાથે આડા સંબંધો રાખવા, માનસિક-શારીરિક ત્રાસ આપવો અને સસરા પર વિકૃત વર્તન કરવાના ગંભીર આક્ષેપો કર્યા છે.

ફરિયાદી કાજલબેનએ જણાવ્યું હતું કે, તેમના લગ્ન નવેમ્બર ૨૦૨૨માં રાજકોટના કોઠારીયા સોલવન્ટ રોડ પાસે રહેતા વિશાલ અશ્વિનભાઈ ડોબરીયા સાથે કોર્ટ તથા સામાજિક રીત-રિવાજ મુજબ થયા હતા. લગ્ન બાદ સાસરીમાં સાથે રહેતી વખતે સસરા અશ્વિનભાઈની દાનત ખરાબ જણાતાં અને તેઓ પરણિતાના કપડાં કબાટમાં મૂકી હેરાન કરતા હોવાથી, પતિને વાત કરી બંને ભાડાના મકાનમાં અલગ રહેવા ગયા હતા. પરંતુ અલગ રહેવા ગયા બાદ પણ પતિનો ત્રાસ ઘટવાને બદલે ઉત્તરોત્તર વધતો ગયો હતો.

અલગ મકાનમાં ગયા પછી પતિ વિશાલ નાની-નાની વાતોમાં અસહ્ય માનસિક ત્રાસ આપવા લાગ્યો હતો. મોડા ઘરે આવવું નશાની હાલતમાં ગાળાગાળી કરવી અને બહાર હરવા-ફરવા કે જમવા લઈ જતી વખતે બિલ પરણિતા પાસે ભરાવવું જેવું વિચિત્ર વલણ દાખવતો હતો. પતિને અન્ય સ્ત્રી સાથે આડા સંબંધો હોવાથી તે પરણિતા સાથે છૂટાછેડા લેવાના ઈરાદાથી જ સતત માનસિક ત્રાસ આપતો હતો તથા પરણિતાને માતૃત્વના સુખથી પણ વંચિત રાખી દુર-દુર રહેતો હતો.

પરિસ્થિતિ ત્યારે વધુ ગંભીર બની જ્યારે ગત મે ૨૦૨૬માં પતિ ઘરનું વોશિંગ મશીન તથા પરણિતાના અભ્યાસના તમામ અસલ ડોક્યુમેન્ટ્સ લઈને તેને એકલી મૂકી પિતા સાથે રહેવા જતો રહ્યો હતો. ત્યારબાદ ઓગસ્ટ મહિનામાં સોસાયટીના પાર્કિંગમાંથી પરણિતાનું એક્ટિવા વાહન પણ અંગત સામાન અને કપડાં સાથે લઈ ગયો હતો. વડીલોની હાજરીમાં સમાધાન માટે બેઠક બોલાવવામાં આવતાં પતિએ સાથે રહેવાની સ્પષ્ટ ના પાડી "મને જેલમાં નાખી દો, મારે સાથે નથી રહેવું" તેમ કહી છૂટાછેડાની માંગ કરી હતી.

આખરે પતિ અને સસરાના અવારનવારના શારીરિક-માનસિક ત્રાસથી કંટાળીને પરણિતાએ કાનૂની ન્યાય મેળવવા પોલીસનો સંપર્ક કર્યો હતો. રાજકોટ શહેર મહિલા પોલીસ સ્ટેશને આ મામલે પતિ વિશાલ અશ્વિનભાઈ ડોબરીયા તથા સસરા અશ્વિનભાઈ પોપટભાઈ ડોબરીયા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વૃદ્ધાને વાતોમાં પરોવી ચોરી કરનાર મહિલા સહિત ત્રિપુટી ઝડપાઇ



રાજકોટ:અમદાવાદના નિકોલ રોડ પર રહેતા અને શાકભાજીનો વેપાર કરતા જયાબેન દાજીભાઈ જીલીયા રાજકોટના રૈયાધાર ખાતે રહેતી પુત્રીને મળવા આવ્યા હતા. ૨ સપ્ટેમ્બરના રોજ મોડી રાત્રે એસ.ટી. બસમાંથી ઉતરીને ચાલીને જતા સમયે કાલાવડ રોડ પર કોટેચા ચોક નજીક થાક લાગતા તેઓ એક દુકાનના ઓટા પર બેઠા હતા. આ સમયે એક ઓટો રિક્ષામાં બે પુરુષ અને એક મહિલા આવ્યા હતા. જેમાંથી એક શખસે પોતાની પત્ની ખોવાઈ ગઈ હોવાનું કહી વૃદ્ધાને વાતોમાં પરોવ્યા હતા. દરમિયાન નજર ચૂકવીને ઓટા પર રાખેલી દાગીના તથા રોકડા રૂ.૧૦,૦૦૦ ભરેલી થેલી ચોરીને રિક્ષામાં ફરાર થઈ ગયા હતા. વૃદ્ધાએ અમદાવાદ પરત ફર્યા બાદ પુત્રી સાથે રાજકોટ આવી માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બાતમીના આધારે દરોડો પાડી ગોવિંદ ચારોલીયા, અર્જુન સોલંકી અને રેખા જખાણીયાને ઝડપી પાડી ચોરીમાં ગયેલ તમામ મુદ્દામાલ અને રીક્ષા મળી કુલ ૮૧,૦૦૦નો મુદામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ઉપલેટામાં જમીન પચાવી મારી નાખવાની ધમકી આપનાર પિતા- પુત્ર સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ



ઉપલેટા:ઉપલેટા શહેરમાં દસ્તાવેજથી ખરીદેલી સ્થાવર મિલકત પર કબજો કરી કિંગ સર્વિસ સ્ટેશન શરૂ કરવાના મામલે રાજકોટ જિલ્લા કલેક્ટરના હુકમ બાદ ઉપલેટા પોલીસે પિતા-પુત્ર સહિત ૩ સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ મુજબ, ઉપલેટાના યાદવ રોડ પર રહેતા ૩૧ વર્ષીય ખેડૂત વિમલભાઈ મેણશીભાઈ ડેરે ૧૯ એપ્રિલ ૨૦૨૫ના રોજ અકિલ બસીરભાઈ ફુલારા અને અન્ય મૂળ માલિકો પાસેથી વેચાણ દસ્તાવેજથી મિલકત ખરીદી હતી. અગાઉના ભાડૂઆત જુનેદ યાકુબભાઈ નાથાણીએ નોટરી કરાર કરી જગ્યા ખાલી કરી હતી.૨૦ એપ્રિલે વિમલભાઈ મિલકતનો કબજો લેવા પહોંચ્યા ત્યારે સલીમ ઓસમાણભાઈ હિંગોરા, શાહનવાઝ સલીમભાઈ હિંગોરા અને સોયબ સલીમભાઈ હિંગોરાએ ગેરકાયદે કબજો કરી ત્યાં કિંગ સર્વિસ સ્ટેશન શરૂ કરી દીધું હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરાયો છે.

ફરિયાદીએ વેચાણ દસ્તાવેજ બતાવી જગ્યા ખાલી કરવા કહેતા ત્રણેયે ઈનકાર કર્યો હતો અને ફરી ત્યાં આવશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ આક્ષેપ છે. ત્રણેય સામે અગાઉ ગુનાહિત પૃષ્ઠભૂમિ હોવાનો દાવો પણ ફરિયાદમાં કરાયો છે. પોલીસે કલેક્ટરના હુકમના આધારે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદીએ અગાઉ પણ લેન્ડ ગ્રેબિંગ કાયદા અંતર્ગત અરજી કરી હતી, પરંતુ આ વ્યક્તિઓએ ઉપલેટા સિવિલ કોર્ટમાં દાવો દાખલ કરીને આ કાર્યવાહી અટકાવી દીધી હતી ત્યારે કાનૂની લડત બાદ અંતે ૭ મે ૨૦૨૬ના રોજ સિવિલ કોર્ટે આ દાવો રદ કર્યો હતો અને ત્યારબાદ વિમલભાઈએ ન્યાય મેળવવા ફરીથી રાજકોટ કલેક્ટરમાં અરજી કરતા ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ હુકમ કરતા આ ત્રણેય પિતા-પુત્રો વિરુદ્ધ જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમની કલમ ૪(૩), ૫(ગ) અને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૫૧(૩), ૩(૫) મુજબ સત્તાવાર ગુનો દાખલ કરાયો છે ત્યારે આ કેસમાં સામે ત્રણેય પિતા પુત્રની પોલીસે અટકાયત પણ કરી લીધી હોવાનું જાણવા મળ્યું છે.

## મચ્છુ નદીમાં સાદુળકા ગામ પાસે ગણેશ વિસર્જનમાં દુર્ઘટના

# વિસર્જન દરમિયાન ચાર યુવકો ડૂબ્યા; ફાયર બ્રિગેડે બેનું રેસ્ક્યૂ કર્યું; બે યુવકોની શોધખોળ હજુ ચાલુ



મોરબી:મોરબી નજીક સાદુળકા ગામ પાસેથી પસાર થતી મચ્છુ નદીમાં ગઈકાલે રાત્રે ગણેશ વિસર્જન કરવા ગયેલા ચાર યુવકો ડૂબવાની ગંભીર ઘટના સામે આવી છે. નદીના ઊંડા પાણીમાં ફસાયેલા બે યુવકોને ફાયર વિભાગની ટીમે તાત્કાલિક સફળ રેસ્ક્યુ કરીને સહીસલામત બહાર કાઢી લીધા છે. તંત્ર દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવા છતાં નદી પર પહોંચેલા યુવકો પૈકી પાણીમાં ગરકાવ થયેલા અન્ય બે યુવાનોની શોધખોળ માટે ફાયર બ્રિગેડ દ્વારા નદીમાં તીવ્ર બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે.

મોરબી નજીકના પીપળી ગામથી સાદુળકા ગામ પાસે આવેલી મચ્છુ નદીમાં ગણેશ વિસર્જન કરવા માટે યુવકોનું ગ્રુપ પહોંચ્યું હતું. વિસર્જનની પ્રક્રિયા દરમિયાન અચાનક ચાર યુવાનો નદીના ઊંડા પાણીના પ્રવાહમાં ડૂબવા લાગ્યા હતા. ઘટનાને પગલે સ્થળ પર હાજર લોકોમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો.

નદીના વહેણમાં બે યુવાનો વચ્ચે ફસાઈ જતાં સ્થાનિકોએ તાત્કાલિક મહાપાલિકાના ફાયર વિભાગને જાણ કરી હતી. ફાયરની ટીમે સ્થળ પર પહોંચી પાણીમાં ફસાયેલા બે યુવકોને જીવંત બહાર કાઢ્યા હતા. નદીના પાણીમાં ગરકાવ થઈ ગયેલા બાકીના બે યુવાનોને શોધવા માટે ફાયર બ્રિગેડ દ્વારા મોટા પાયે સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

મહાપાલિકા ચીફ ઓફિસર દેવેન્દ્રસિંહ જાડેજાના જણાવ્યા મુજબ સુરક્ષિત વિસર્જન માટે શહેરમાં ચાર સ્થળે મૂર્તિઓ એકત્ર કરવાની વ્યવસ્થા કરાઈ છે. આ મૂર્તિઓનું લીલાપર ઘૂનડા રોડ પર આવેલી પાણી ભરેલી પથ્થરની ખાણોમાં વિસર્જન કરવાનો નિયમ બનાવાયો છે. અકસ્માત રોકવા માટે અન્ય કુદરતી જળાશયો કે નદીઓમાં વિસર્જન કરવા પર તંત્ર દ્વારા કડક પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો.

તંત્રના સ્પષ્ટ પ્રતિબંધ છતાં કેટલાક લોકો સાદુળકા પાસે મચ્છુ નદીમાં ગણેશ વિસર્જન માટે પહોંચી જતાં આ દુર્ઘટના ઘટી હતી. હાલમાં બચાવી લેવાયેલા કે પાણીમાં ડૂબેલા યુવકોની ઓળખ કે નામ જાહેર કરવામાં આવ્યા નથી. પોલીસ તથા ફાયર વિભાગ દ્વારા ઘટનાસ્થળે હાજર રહીને આગળની તમામ જરૂરી કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ૨૨૭ કરોડના બોગસ બિલ:દિલ્હીમાંથી પકડાયેલા GST કૌભાંડની લિંક ભાવનગરમાં, ગુપ્તરાહે તપાસ શરૂ

રાજકોટ: ૨૪ સપ્ટેમ્બર દિલ્હીમાંથી પકડાયેલા જીએસટી બોગસ બિલિંગ અને ખોટી વેરાશાખ ઉસેડવાના કૌભાંડમાં ગુજરાતમાં સ્ટીલના વેપાર સાથે જોડાયેલા વેપારીઓ અને પેઢીઓ સામે જીએસટી વિભાગે મોટો ગાળિયો કસ્યો છે. જીએસટી વિભાગ દ્વારા રાજકોટ, ભાવનગર અને ભરૂચ સ્થિત વિવિધ સ્થળોએ તપાસ હાથ ધરવામાં આવી હોવાનું આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

ભાવનગર સહિત કરવામાં આવેલી તપાસના તાર દિલ્હીમાં સામે આવેલા રૂ. ૨૨૭ કરોડના બોગસ બિલિંગ કૌભાંડ સાથે ગુંથાયા છે. તાજેતરમાં જ દિલ્હી સ્થિત સેન્ટ્રલ જીએસટી વિભાગ દ્વારા લોખંડ અને સ્ટીલના વેપારીઓ સામે મોટી કાર્યવાહી કરીને બે અલગ-અલગ કેસમાં બે વ્યક્તિઓની ધરપકડ કરાઈ હતી.

ડિરેક્ટોરેટ જનરલ ઓફ જીએસટી ઈન્ટેલિજન્સ (ડીજીજીઆઈ) હવે બોગસ બિલિંગ કૌભાંડો પકડવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડેટા એનાલિટિક્સ, ડિજિટલ ફોરેન્સિક્સ અને કેન્દ્રીય એજન્સીઓ સાથેના ડેટા શૅરિંગનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરી રહી છે.

# ધોરાજીના ભક્તિ પેટ્રોલ પંપ પર થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો, ૪ આરોપી ઝડપાયા

## રાજકોટ LCBએ રોકડ, મોબાઈલ અને રિક્ષા સહિત રૂ.૧.૨૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

રાજકોટ:ધોરાજી તાલુકાના ભક્તિ પેટ્રોલ પંપ પર થયેલી ચોરીનો ભેદ રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઉકેલી લીધો છે. પોલીસે આ મામલે ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે. તેમની પાસેથી રોકડ, મોબાઈલ ફોન અને ચોરીમાં વપરાયેલી રિક્ષા સહિત કુલ રૂ.૧.૨૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

પોલીસના જણાવ્યા મુજબ, આ ચોરી ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વહેલી સવારે ૩થી ૪ વાગ્યાની વચ્ચે થઈ હતી. ભક્તિ પેટ્રોલ પંપ પર ફરજ બજાવતો કર્મચારી બહાર સૂતો હતો. આ દરમિયાન એક અજાણ્યો શખ્સ ટેબલના ખાનામાંથી રૂ.૨૮,૦૬૦ રોકડા અને ઓશીકા પાસે રાખેલો રૂ.૧૦,૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન ચોરી કરીને ભાગી ગયો હતો. આ રીતે કુલ રૂ.૩૮,૦૬૦ની ચોરી થઈ હતી. આ અંગે ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

રાજકોટ ગ્રામ્ય LCBના પોલીસ સ્ટાફે પેટ્રોલિંગ દરમિયાન હ્યુમન અને ટેકનિકલ સોર્સના આધારે તપાસ શરૂ કરી હતી. આ તપાસમાં ચોરીનો ગુનો ઉકેલાયો હતો. પોલીસે પ્રતીકભાઈ ઉર્ફે પતીયો પરસોતમભાઈ સાકરીયા, રજાકભાઈ ઉર્ફે કાળીયો ઈસાભાઈ મુસાણી, ભાવેશભાઈ ઉર્ફે દોણીયો ભુપતભાઈ મકવાણા અને દીપકભાઈ દલાભાઈ સોલંકીને પકડી પાડ્યા હતા.

આરોપીઓ પાસેથી રૂ.૨૫,૦૦૦ રોકડા, રૂ.૨,૦૦૦ની કિંમતના બે મોબાઈલ ફોન અને ચોરીમાં ઉપયોગમાં લેવાયેલી રૂ.૧ લાખની બજાજ ઓટો સીએનજી રિક્ષા જપ્ત કરવામાં આવી છે. આમ, પોલીસે કુલ રૂ.૧,૨૭,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ કામગીરી રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ LCB પોલીસ ઈન્સ્પેક્ટર જે.પી. રાવની દેખરેખમાં થઈ હતી. તેમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરો આર.વી. ભીમાણી, કે.એમ. ચાવડા, એચ.સી. ગોહીલ સહિત LCBના પોલીસ કર્મચારીઓ જોડાયા હતા.

# કુવાડવા રોડ પર દુકાનમાંથી રૂ.૪.૪૫ લાખના દારૂ સાથે એકની ધરપકડ

રાજકોટ: રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે રાજારામા ઈન્ડસ્ટ્રીયલ એરિયા, સદગુરુ એસ્ટેટ ડેલામાં આવેલી દુકાન નંબર ૧૩માં દરોડો પાડી કુલ ૪.૪૫ લાખનો વિદેશી દારૂ કબ્જે કર્યો હતો. આ ઉપરાંત આરોપી પાસેથી રૂ.૫,૦૦૦ની કિંમતનો મોબાઈલ અને રૂ.૫૦,૦૦૦ની કિંમતનું એક્સેસ જપ્ત કરવામાં આવ્યું હતું. ?પકડાયેલ આરોપી લાલજી ઉર્ફે લાલો જગદીશભાઈ ડાભી વિરુધ્ધ અગાઉ કુવાડવા પોલીસ સ્ટેશનમાં બે ગુના નોંધાઈ ચુક્યા હોવાનું સામે આવ્યું છે જ્યારે પકડવાનો બાકી રહેલો આરોપી પરષોત્તમ ઉર્ફે ગુગાભાઈ જાદવભાઈ કુમારખાણીયા અગાઉ થોરાળા, કુવાડવા રોડ, આજીડેમ અને ડીસીબી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબિશન, એમ.વી. એક્ટ અને હત્યાના પ્રયાસ સહિત ૭ જેટલા ગંભીર ગુનાઓનો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જેને પકડવા માટે પોલીસે તપાસ હાથ ધરી છે.